Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. જુલાઇ ૧૯૧૮. અંક ૭

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

અધિપતિ-પટેલ મોતીલાલ કાળીદાસ,
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

પ્રકાશક—પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦.

Printed by the Editor at his Satyanarayan Printing Press,
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

For Reference See Pages: 4.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. જુલાઇ ૧૯૧૮. અંક ૭

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

અધિપતિ-પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

પ્રકાશક—પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦.

Printed by the Editor at his Satyanarayan Printing Press,
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

શ્રી કડવા પા. સુ. યુવકમંડળનું જનરલ ફંડ.

(તારીખ ૨૫–૬–૧૯૧૮ સુધી.)

પેટ્રન.	શ્રીયુત ચંદુલાલભાઇ મણીલાલ દેશાઇ...	રૂ.	૧૦૦	–વસુલ.
સહાયક.	રા. રતનસીભાઇ મીસ્ત્રી. ઘાટકોપર. ...	રૂ.	૫૦	–વસુલ.
,,	,, નારણભાઇ મીસ્ત્રી. ,,	રૂ.	૨૫	–વસુલ.
,,	,, બેચરભાઇ રાયજીભાઇ. ગણપતપુરા.	રૂ.	૨૫	
,,	,, મગનભાઇ એન્જીનીઅર	રૂ.	૨૫	–વસુલ.
,,	,, મફાભાઇ ગોવીંદજી વિરસગામ.	રૂ.	૨૫	–વસુલ.
,,	,, શીવસીંહભાઇ દેશાઇશ્રી.	રૂ.	૨૫	
જનરલ ફંડમાં	,, મોતીલાલ કાળીદાસ, અમદાવાદ.	રૂ.	૧૧	–વસુલ
,,	,, શીવલાલભાઇ સોમનાથ મુંબાઈ.	રૂ.	૧૦	–વસુલ.
,,	,, મણીલાલ હરીભાઇ કે. વાસણા.	રૂ.	૧૧	–વસુલ.
,,	,, કાળીદાસ હરજીવનદાસ દેશાઇ.	રૂ.	૫	–વસુલ.
,,	,, કેશવલાલભાઇ વકીલ	રૂ.	૫	–વસુલ.
,,	,, અમરસિંહભાઇ દેશાઇ.	રૂ.	૫	–વસુલ.
,,	,, લાલજીભાઈ દયારામ.	રૂ.	૫	
,,	,, રામચંદ્ર જમનાદાસ અમીન.	રૂ.	૧	–વસુલ.
સૌભાગ્યવંતા બ્હેન	**સમુબ્હેન** ચંદુલાલ દેશાઇ.	રૂ.	૧૫	–વસુલ.
,,	,, **જમનાંબ્હેન** નારણભાઇ મીસ્ત્રી.	રૂ.	૫	–વસુલ.
,,	,, **કમળાબ્હેન** મગનભાઇ એન્જીનીઅર.	રૂ.	૫	–વસુલ.
પૈસા ફંડમાં	શ્રી ક. પા. સુ. સમાજની બેઠકમાં આવેલ.	રૂ.	૧૦ાાા	રોકડા.
લાયબ્રેરી ફંડમાં	રા. રા. દલપતરામ કેશવલાલ.	રૂ.	૧૦	

મુંબઈની શાખાના ફંડમાં.

જનરલ ફંડમાં	રા. વાલજીભાઇ રામજીભાઇ મીસ્ત્રી.	રૂ.	૧૫	–વસુલ.
,,	રા. રાજારામ સામજીભાઇ મીસ્ત્રી.	રૂ.	૧૦	–વસુલ.
,,	,, રણછોડદાસ મકનદાસ મુંબઈ.	રૂ.	૫	–વસુલ.
,,	,, મેઘજીભાઇ લખુદાસ.	રૂ.	૨	– ,,
,,	,, અરજણ માવજીભાઈ.	રૂ.	૧	– ,,
,,	,, રાજારામ લધાભાઇ.	રૂ.	૧	– ,,
,,	,, રતનશીભાઈ.	રૂ.	૧	– ,,

પટેલ છબીલદાસ છોટાલાલ જનરલ સેક્રેટરી.

શ્રી કડવા પાટીદાર સુ. યુવક મંડળ, ઠે. શ્રી સત્યનારાયણ પ્રિન્ટિંગ પ્રેસ–
અમદાવાદ.

કડવા વિજય

પુસ્તક ૧૧ મું. | જુલાઈ સને ૧૯૧૮ | અંક ૭.

ખાસ નોંધ.

"To be mistaken is a misfortune to be pitied, but to know the truth and not to Conform one's actions is a Crime which heaven and Earth Condemn."

એક અંગત ખુલાસો.

સદ્‌ગત તંત્રીના જવાથી જ્ઞાતિને પડેલી અનેક ખોટો પૈકી આ માસિકના તંત્રીની જગ્યા પુરવા સબજેક્ટ કમીટીમાં સંભાળ પૂર્વક ચર્ચા ચાલી હતી. કેટલાક લાયક માણસોનાં નામ તે માટે કમીટી સમક્ષ મેં રજુ કર્યાં હતાં, તેમને બતાવેલી અડચણોનો હું વળતો ખુલાસો પણ કરી શક્યો હતો, પરંતુ ઘણા બંધુઓ જાણે છે તે સંયોગોમાં આ જોખમ-કારી ફરજ લેખક જેવા એક પામરને સમાજ તરફથી સોંપવામાં આવી છે. કેટલાક ધારી છે તેટલી લાયકાત મારામાં નથી એમ સદ્‌ગત તંત્રી સાથેના મારા લાંબા વખતના પરિ-ચય અને સહકારીપણાના અનુભવ ઉપરથી હું કહું છું. તેમના ચાલી જવાથી અમારાજ નહિં પરંતુ જ્ઞાતિ હીલચાલના સંયોગો બદલાઇ ગયા છે એટલે અમારો અનુભવ અને શ્રદ્ધા જે દિશામાં લઈ જાય ત્યાં જવાનું છે.

અસૂયા દોષનું પ્રમાણ આપણામાં ઘણું છે. મારા પોતામાં પણ છે. કેટલીક વખતે આપણે વરૂ અને ઘેટાની રાહે વિવાદ કરીએ છીએ, દોષ જોવાનો આપણો સ્વભાવ પડી ગયો છે, તેનો ચેપ સમસ્ત જ્ઞાતિમાં છે. તેનું મૂળ સોધતાં મનેતો અવિદ્યાનુંજ કારણ લાગે છે. આ સ્થીતી નિરાશા અને છેવટે નાશ કરે તેવી છે. જ્ઞાતિમાં ઇગ્રેજી કેળવણી લેવાનું ઘણા વખત પહેલાં માન ધરાવનાર કેટલાક પ્રૌઢ પુરૂષો અને આજના યુવકો વચ્ચે વિચા-રોનો મતભેદ હોવાનું સંભવિત છે, પરંતુ જ્યારે તે મતભેદ ઉભો કરી એક બીજા પ્રત્યેની લાગણી ખોઈ દે ત્યારે ઉન્નતિનો માર્ગ તો સંકોચાતોજ જાય. સત્યના સિદ્ધાંતવાદી ઘણા હોય છે, ફરજ સ્વીકારનારા બહુ થોડા છે, એ ખ્યાલ ઘણી વખત મગજમાંથી સરી જાય છે. સત્ય દરેકને પ્યારૂંજ હોય. પરંતુ વહેવાર અને તેની પેલી તરફનો વૈરાગ્ય એ પ્રદેશો જેમ જુદા છે તેમ અનુભવ જે શીખવે તે અને ધર્મશાસ્ત્રોની રાહે જે નિષ્પન્ન થાય તે, એવા અનુક્રમે સત્યમાં પણ ભેદ માનવા પડશે અને જે કાળે જે પ્રદેશમાં સત્યનું પ્રમાણ જેટલું વધારે સચવાય તેટલું વધારે સારૂં, એજ સુત્ર આપણે માટે સ્વીકારવું પડશે. જેમ વિદ્યા અને લક્ષ્મીને વેર હોય છે તેમ જ્ઞાતિસેવા અને માનાપમાનને પણ બાપે માર્યાનું વેર છે. એકનું પ્રમાણ વધે તો બીજાનું ઘટે! અને તે પણ આપણા ક્ષેત્રમાં! દરેક ક્ષેત્રમાં સત્યાસત્યનો નિર્ણય કરનારા ઘણા બહાર પડે છે, હીતાહીતનું પ્રમાણ સમજનારા ટીકા-કારો વધે એ ખુશી થવા જેવું છે પણ ફરજ સ્વીકારનારા ઓછા થતા જાય એ ખેદ જનક છે. માનાપમાન અને બુદ્ધિકૌશલ્યનો નિર્ણય મારા બંધુઓ કરી શકે એટલા પુરતો

જ આ ટુંકા પ્રસ્તાવનો હેતુ છે એમ કહી જ્ઞાતિહીતના ક્ષેત્રમાં કાર્ય કરતા મારા બંધુઓ, “માનાપમાનનો ગોજો—” હમણાંજ લોકમાન્ય મહાત્માએ કહ્યું છે તેમ–ખુંણે ફેંકી દેશે તેમના માટે હું હંમેશાં માન ધરાવી માનભરી દ્રષ્ટિ રાખીશ અને તેમ કરવા મારા દરેક બંધુને અરજ કરીશ.

કડવા વિજયનો તંત્રી અને તેની અંગત પ્રકૃતિ એ બે જુદી વસ્તુ છે. શુદ્ધ ચારિત્ર્યવાન બાહોશ દિલસોજ અને ઉદાર હૃદયનો વિદ્વાનજ તે પદને શોભાવી શકે, એ મારો લાંબા સમયનો મત છે. એટલે બની સકે ત્યારે ત્યારે પણ ફરજ બજાવતાં બહાર ન આવી જવાય તેની મ્હેં અત્યાર સુધી કાળજી રાખી છે. આજે જ્ઞાતિ સેવક તરિકે મારૂં નામ પ્રસિદ્ધ થાય તે પ્રકારે મારા મિત્રો અને બંધુઓએ મને બહાર ઘસડી કાઢવાનું યોગ્ય ધાર્યું છે. તેમની મારા પ્રત્યેની લાગણી અને કેટલાકે સેવાધર્મમાં મદદ આપવાનું જે અભય દીધું છે તે માટે હું તેમનો ઋણી છું. તેજ ટાણે સમસ્ત જ્ઞાતિને હું એ પણ કહું છું કે મારો ખાનગી મત અને અંગત સ્વભાવ એ કડવા વિજયના તંત્રીનો પણ છે, સદ્‌ગત તંત્રી જેટલીજ મારામાં પણ લાયકાત છે વગેરે માનવાની ભુલ કરી દેવી નહિ. હંસક્ષીર ન્યાયે મારા વિચારોનું પરિક્ષણ કરી, મૌનયનો ત્યાગ કરી સુચના કરતા રહેવું. એક ખાસ બાબત મારા વડીલો અને માનપ્રદ વ્યક્તિઓ પાસે રજુ કરવાનો અહીં યોગ પ્રાપ્ત થાય છે. મારે નમૃતાથી, આજીજીથી કહેવું જોઇશે કે, દેશોન્નતિના ક્ષેત્ર કરતાં પણ જ્ઞાતિક્ષેત્રમાં વ્યક્તિપરત્વે સંબોધીને કહેવાના પ્રસંગો લેખકને વારંવાર આવે છે, તેમને ઘણી બાબતો કહેવાની હોય છે અને જ્યારે તમે મૌન્ય ધારણ કરો ત્યારે સમજુ અણસમજુ લેખકો પોતાની કલમને બુદ્ધિ અનુસાર છોડી મુંકે છે. આ પણ એક અવિદ્યાનું કારણ છે. એટલે જ્યારે જ્યારે હું અગર મારા બંધુઓ (તમે પણ બંધુજ છો) સેવા બજાવતાં તમને અઠીક લાગતું લખે, બોલે ત્યારે વડીલ ભાવે ક્ષમ્ય બુદ્ધિ રાખશો એટલીજ હાલતો મારી વિનંતી છે.

અત્યારનો દેશકાળ કેટલી ઝડપે આગળ જાય છે અને કંઈ કંઈ પળે વિચારો બદલી જનસમાજ નવા સિદ્ધાંતો ઘડે છે એ ઘણુંજ સ્પષ્ટ છે. પરિવર્તન એ કુદરતનો નિયમ છે. આજના સિદ્ધાંત કાલે કામ આવતા નથી એવા પણ પ્રસંગો બને છે એટલે દેશકાળ અને તેમાં પણ આપણું ક્ષેત્ર એ ત્રણેનો વિચાર કર્યા સિવાય કોઇ કાર્યમાં ફળીભૂત થવાશે નહિ એ દરેક જણે યાદ રાખવું જોઇશે. મૌન્ય ધારી પ્રતિષ્ટા સાચવવાનો હમણાંનો દેશકાળ નથી. આજનો જમાનો તો કામ કરનારનેજ વળગે છે, તેમને ચાહે છે, તેમનાં વખાણ કરે છે! આરતી ઉતારે છે! અને લાગ ફાવેતો ખાસડાંથી પણ પુજા કરે છે! હું પ્રથમથી મારી તેવી પૂજા ન થાય તે માટે કહી દઊં છું કે “હું” ને બદલે “અમે” લખવાનો વર્તમાનપત્રોનો શિષ્ટાચાર છે અને તેનો લેખક કિંવા વક્તાએ પોતાના માટે ઉપયોગ કરવો પડે છે, એટલે લેખક પોતાના માટે માનભરી ભાષા વાપરવા તે શબ્દો વાપરે છે એમ જાણવું નહિં. હું અગર મારૂં તજી દેવાનો બોધ ધર્મશાસ્ત્રો આપે છે. લેખક એક નહિં અનેક વ્યક્તિઓનો અભિપ્રાય દર્શાવે છે અને ઐકયનો સિદ્ધાંત તેના મગજમાં રમી રહેલો હોય છે, એટલે હું ને બદલે અમે એવું સર્વનામ વપરાય તેમાં દોષ માનવો નહિ.

ભાઈ મગન.

ચાલુ પ્રવૃત્તિ.

સમાજની સેરથા મુકામે થયેલી સાતમી બેઠક, યુવક મંડળની સ્થાપના અને તેનો પહેલો મહોત્સવ તેમજ શ્રી નીમાડ કડવા પા. સભાની બીજી બેઠક આ ત્રણે બનાવો ત્રણ માસ કરતાં પણ ઓછા વખતની અંદર બની ગયા છે, હમણાં જ્ઞાતિહીલચાલનું ઉત્સાહ ભર્યું વાતાવરણ ચાલે છે અને નવું ચેતન આવ્યું હોય તેમ કાર્યો થયે જાય છે. તેને હાલના દેશકાળનું કારણ કહો, સદ્ગત તંત્રીના જવાથી સમાજના નેતાઓએ સ્વીકારી લીધેલી ફરજનું પરિણામ સમજો, અથવા જ્ઞાતિમત કેળવાયાનું ફળ કે યુવકોની જ્ઞાતિ સેવા પ્રત્યે ઉદ્ભવેલી તાજી લાગણીને આભારી હોવાનું કલ્પો! ગમે તે કહો પરંતુ એકે અવાજે સર્વાનુમતે જે કાર્ય થાય છે તે પ્રસંગ જ્ઞાતિના ઇતિહાસમાં અગત્યનું સ્થાન લેશેજ. વળી સઘળા બનાવોની નોંધ લેતાં અમને અનહદ આનંદ થાય છે, કર્મયોગીઓની ભાવના અમારી કાર્યશક્તિમાં વધારો કરી ફરજ બજાવવામાં નિંદ્રાનો ત્યાગ કરવાનું સુચવે છે– જાગ્રત રહેવાની ફરજ પાડે છે, જ્ઞાતિ સેવકોને અમારા હાથે અન્યાય ન થઇ જાય તેની ભીતિ ઉત્પન્ન કરે છે. તે સંયોગોમાં પણ અમારા ભાગે તો એમજ કહેવાનું રહે છે કે આપણા ગૃહસ્થ અને વિદ્વાનોમાં અમને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે, તેમને જ્ઞાતિની લાગણી કોઇ રીતે ઓછી નથી.

સમાજની બેઠક.

ઘણા કઢંગા સંયોગોમાં પણ સમાજની બેઠક વિજયવતી થઇ ચૂકી છે. તેના કાર્યને દીપાવવા દરેકે એક સરખો પુરૂષાર્થ કર્યો છે, તોપણ ઉન્હાળાનો સખ્ત તાપ, લ્હેલડાંની મોસમ અને સમાજ ભરવાની ખબર આપવાનો ટુંકો સમય એ દરેકે પોતાનો ભાગ તો લીધોજ છે, તે ન હોત તો કડી પ્રાંતની આ બેઠકમાં સેંકડો મેમ્બરોની સંખ્યાનો વધારો થાત. છતાં બેઠક ભરવાનો ઉદ્દેશ ફળીભૂત થયો છે એ ખુશી થવા જેવું છે. બેઠકમાં પસાર થયેલા ઠરાવોની સંખ્યા ખાસ ધ્યાન ખેંચે તેવી છે. પેટા સંસ્થાઓ અને ઘણી વ્યક્તિઓ દ્વારા કામની વહેંચણી કરવાની યોજના જલદી અમલમાં આવી જાય તો પસાર કરેલા ઠરાવોનું પરિણામ લાવવાના કાર્યની મુસ્કેલી પણ ઘણી રીતે ઓછી થઈ જાય. દરેક બેઠકની શરૂઆતમાં સમાજના સેક્રેટરી પાછલા વર્ષનો રિપોર્ટ વાંચે છે, કમભાગ્યે આ વખતે તેમ બની શકયું નથી. પ્રેસીડેન્ટને જાણે કાંઈ કરવાનુંજ ન હોય તેમ અત્યાર સુધી બન્યું છે, ખરેખર તે પદ્ધતિ કાર્ય કરવાની તો નથીજ. દરેક કાર્યવાહકો સમાજે ઘડેલી યોજનાનો સંપૂર્ણ રીતે લાભ લઈ કંઇ ને કંઇ વાંચવા જેવો રિપોર્ટ આવતી બેઠક વખતે રજુ કરશે તો ઠરાવ કર્યાનું સાર્થક સમજાયા વગર રહેશે નહિ, ત્યારેજ જન્મસિદ્ધ ફરજનું ભાન દરેકે દરેક વ્યક્તિને થશે. આગેવાનોનું અનુકરણ પાછળ આવનાર કરે છે તે સુત્ર અહીં સારી રીતે લાગુ પડે છે કારણ હક્ક કરતાં ફરજ મોટી છે.

પેટા સંસ્થાઓની બાબતમાં કેટલીક જગ્યાએ આગેવાનોનું નામ આપી સમાજના નેતા પુરૂષોએ તેમની પીઠ થાબડી છે તેનો અર્થ ટગર ટગર જોયા કરવું એવો નથી, કારણ સહકારીપણાનો સિદ્ધાંત તો દરેક ઠેકાણે લાગુ પડે છે. સ્ત્રી વર્ગની હાજરી કોઈપણ બેઠક કરતાં **સેરથામાં** વધારે હતી તેમની આખ્યાન સાંભળવાની જીજ્ઞાસા રોકી શકાય તેવી નહોતી એ પ્રશંસનીય છે, તેમનાં સંતાનો જ્ઞાતિહીત કરવાના સુસંકલ્પો સાથે દીપી નીકળે

અને જ્યાં જ્યાં આવા પ્રસંગો બને ત્યાં ત્યાં સ્ત્રીવર્ગ તેમનું અનુકરણ કરે તો ઉદ્દેશ બર લાવવામાં ઘણીજ સરળતા થાય. સમાજના નેતાઓ સ્ત્રીવર્ગનો ઉત્સાહ વધારવામાં કોઈ પગલાં ભરશે તો ઘણુંજ આવકારદાયક થઈ પડશે. ગામ સમસ્ત તરફથી સમાજના મેમ્બરોની મેમાનગીરિ કરવા એક દિવસ વધારે રોકી સેરથાના ભાઇઓએ જે જ્ઞાતિભક્તિ બતાવી છે તે ખાસ યાદગાર પ્રસંગ તરિકે લેખાશે.

મહામંડળને લગતો ઠરાવ.

બાવીસમો મહામંડળને વિનંતી કરવાનો ઠરાવ સમાજે પસાર કરી ઉક્ત મંડળનું ધ્યાન ખેંચ્યું છે, તેમ કરવાની જરૂરીઆત ઠરાવમાંજ જણાવી છે. "**શ્રી કડવા પાહિતવર્ધક મહામંડળ**" જેવી સંસ્થાની મીલ્કત ઉપર અન્ય સંસ્થાનો હક્ક કે સત્તા નથી અને તે માટે મતભેદ પણ નથી. મહામંડળનો ઉદ્દેશ ઘણો વિસ્તૃત છે એટલે તે સાથે જ્ઞાતિની અન્ય સંસ્થાઓને ઘણો સંબંધ રહે છે. દરેક સંસ્થાઓ પોતપોતાનું કરી લેશે એમ કહેવું તે એક જાતનું એકલપેટાપણું છે, એક બીજાનું અપમાન કરવા સરખું છે, તેમાં સહકારીપણું નથી. મહામંડળના ધારાઓ ભલે રજીષ્ટર હોય તે સાથે ના. પ્રમુખ સાહેબે અને અન્ય ગ્રહસ્થો જેમણે આનાકાની સિવાય પૈસા આપ્યા છે તે જ્ઞાતિહીત માટે આપ્યા છે એ વાત પણ રજીષ્ટરજ છે, એટલે જ્ઞાતિ હિતાર્થે સદુપયોગ થાય તે માટે જ્ઞાતિએ તેમને જે રસ્તે અરજ કરવી જોઇએ તે રીતે કરી છે. ધારાઓ અને નિયમો રજીષ્ટર થઈ ગયેલા છે એટલે બીજું થઇ શકે નહિ એવું આજથી ૫૦ વર્ષ પહેલાં કહેવા કદી અમે જન્મ્યા હોત–જો કે છે તો તે કરતાં પણ ઘણા જૂના દેશકાળના–તો જ્ઞાતિ કદાચ અમારી વાત સાચી માનત, પણ આજે તે દેશકાળ નથી. કેળવણી, ખેતીવાડી, વેપાર અને હુન્નરઉદ્યોગ, નિરાધારોને મદદ અને જ્ઞાતિની સંસારિક અને આર્થિક સ્થીતી સુધારવા જે જે ઉપાયો યોજવા જરૂર જણાય તે તે ઉપાયો યોજવા અને તે માટે નાણાં એકઠાં કરવાનો ઉદ્દેશ મહામંડળનો છે. તેણે તે ઉદ્દેશો રજીષ્ટર કરીને રાખ્યા છે અને સમાજ જેવી સમસ્ત જ્ઞાતિની સંસ્થાઓ તે વગર રજીષ્ટરે રાખે તેમાં જ્ઞાતિને નફો નુકશાન શું ? રજીષ્ટર સંસ્થાથી જ્ઞાતિને કયા પ્રકારે વધારે લાભ થાય તે જ્ઞાતિની જાણમાં અત્યાર સુધી તો આવ્યું નથી. ઉક્ત મંડળના મણિ, દીપક, ભૂષણ કે સહાયક તે જ્ઞાતિના પણ દીપક અને ભૂષણ રૂપજ છે એટલે સહકારીપણાનો ત્યાગ કરી અન્ય સંસ્થાઓનું બોલેલું નકારવું તે જ્ઞાતિમાં જ્ઞાન નહીં પણ અજ્ઞાનની વૃદ્ધિ કરનારૂં છે. કેળવણી અને જ્ઞાનની વૃદ્ધિ કરવી તે તો મહામંડળનો પહેલોજ ઉદ્દેશ છે એટલે તેના માટે જે અભિપ્રાય બાંધી સમાજ અગર યુવક મંડળે ઠરાવ કરવામાં અજ્ઞાન (?) પ્રદર્શિત કર્યું હોય તે વિષે જ્ઞાનનો ફેલાવો કરવો એ શું રજીષ્ટર સંસ્થાની કાર્યવાહક કમીટી અને તેના સેક્રેટરીઓની ફરજ નથી ?

જ્ઞાતિમાંથી મહામંડળે એક મોટું ફંડ એકઠું કર્યું હોય તે છતાં વિદ્યાવૃદ્ધિના સાધન માટે જ્ઞાતિને જો ફંડ કરવાની જરૂરીઆત ઊભીજ રહે તો તેણે શું કરવું ? ખેતીવાડીની ઉન્નતિ માટે ઠરાવો કરી સરકારોનું ધ્યાન ખેંચવાનું કામ મહામંડળે કરવાનું, તે કાર્ય સમાજ કરે, તેનો લાભ લઇ તે પોતાની લાગવગ વાપરી શકે નહિ, તે તરફ દ્રષ્ટિ પણ ન નાંખે, તો તે મંડળે પોતાનું અને ફંડનું ગૌરવ વધારવા પુરતોજ ઉદ્દેશ રાખ્યો છે એમ

કોણ નહીં માને ? સહકારી મંડળોની સ્થાપના કરવાનો ઠરાવ સમાજ કરે, તે માટે ફંડ કરે, તેટલી મદદ સરકારો પાસેથી મેળવે, તો જ્ઞાતિબંધુઓને ખેતીવાડી અને ઉદ્યોગ હુન્નરના કામમાં નાણાંની મદદ થાય તેવી સગવડ માટે–મહામંડળને જે વ્યાજ ઉપજે છે તે કરતાં સારૂં વ્યાજ ઉપજે તો–પોતાનાં નાણાં તે સહકારી સંસ્થામાં રોકવા તૈયાર છે ખરૂં ? ફંડમાં આવેલાં નાણાં પુરેપુરાં તેના હાથમાં છે ખરાં કે જમે મુંકવામાં ખોટ ગઈ છે, તેનો ખુલાસો થશે ? આંધળુ દળે અને કુતરૂ ખાય એ કહેવત જતે દિવસે અમને લાગે છે કે મહામંડળને લાગુ પડી જશે. લગભગ લાખ રૂપિઆ જેવી રકમ આ રજીષ્ટર સંસ્થાના હાથમાં હોવા છતાં છોકરાંની વીશી જેવી માત્ર એકજ બોર્ડિંગ ચલાવે એ તેણે એકઠી કરેલી રકમનો સદુપયોગ થયો છે એમ આ જમાનામાં કોણ સ્વીકારશે ? તે મંડળના આશ્રયદાતાઓ માટે જ્ઞાતિમાં જે માન અને પ્રેમભરી લાગણી છે અને તેમનો પણ જ્ઞાતિ પ્રત્યે જે સદ્દભાવ છે તેમાં કડવાશ ઉત્પન્ન કરાવનાર પ્રસંગ કોઇ કાર્યવાહકના હાથે ન બની જાય તો વધારે સારૂં.

મહા મંડળના કાર્યવાહકોની અમારા :ઉપર તો ખાસ કૃપા થયેલી જણાય છે. તેમની કાર્ય કીર્તિની શરૂ શરૂમાં વાર્ષિક રિપોર્ટ અને કામ કાજ કડવા વિજયમાં મફત છાપવા માટે મોકલવામાં આવતું. હમણાં કાગળ અને શાહીની મોંઘવારીના લીધે અમને તે નહીં મોકલવાનો પ્રથા તેમણે ગ્રહણ કર્યો છે, એટલે અમારા વાંચકોએ એમ સમજવાનું નથી કે અમારા ઉપર તેમની અકૃપા થઇ છે. એ તો હુન્નર ઉદ્યોગની સોધ ખોળ કરી જ્ઞાતિ ઉન્નતિ કરવાસાં વેપારી બુદ્ધિનો પાઠ શિખ્યાનું પરિણામ છે. તેમના ગુણ ગાન કરવાનું–માન અકરામની મોંઘવારીને લીધે અમે બંધ કર્યું, તેમના આંગણે ટાંપા ખાતા ઓછા થયા એટલે એ ફરજ સુજી આવી હશે અથવા હાલના ના. પ્રમુખ સાહેબનું તે પ્રસિદ્ધ થવાની જરૂરીઆત તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું નહીં હોય કે સેક્રેટરીની ધ્યાન બહાર રહી જતું હશે ! અમારી તેમને નમ્ર વિનંતી છે કે કોઇ પણ જ્ઞાતિની ઉન્નતિનો આધાર વિદ્યા સંપાદન કરવાનાં સાધનો ઉપર છે તે સંપૂર્ણ, સર્વાંશે પુરાં પાડવાની યોજના ઘડવી અને તે માટે જે જરૂરની જણાય તેવી દરેક મદદ કરવી અગર જ્ઞાતિ પાસે માગવી. ફંડોની સારી વ્યવસ્થાનો અમે તેમને એકજ દાખલો આપીશું. ઔદીચ્ય બ્રાહ્મણની એક પેટા નાતમાં કુલ ૧૨૦૦ (બારસો !) ઘર છે, આજથી પંદર વર્ષ પહેલાં તેનો દરેક પુરૂષ ભિક્ષાવૃત્તિ ઉપર જીવન ગુજારતો. એકાદ બે વિદ્વાનો હતા તેમણે એક આપણા ફંડથી નાનું ફંડ કર્યું. આજે તે જ્ઞાતિની છોકરા છોડીઓનું કેળવણીનું પ્રમાણ ૯૮ અઠ્ઠાણું ટકા ! જેટલું છે. યુ. ની ગઇ પરિક્ષા વખતે ગ્રેજ્યુએટ થવા માટે તેના ૯ વિદ્યાર્થિઓ બેઠા હતા તે પૈકી (૬) ઓનર્સ સાથે અને (૩) સાદી રીતે એમ નવે જણ બી. એ. પાસ થયા છે. મેટ્રીક, ઇન્ટર વગેરેનું પરિણામ પણ તેવાજ પ્રકારનું આવ્યું છે એટલે સોએ સો ટકા. આ કારણ શું એકલા વિદ્યાર્થિઓની ખાનગી લાયકાતનુંજ પરિણામ હશે ? આપણી જ્ઞાતિમાં શું નથી ? અમારો અનુભવ કહે છે બધુંએ છે, શોધી કાઢનાર નથી. આપણા શિરોમણીઓ અને માનવંતા ગ્રહસ્થો ઉદાર હાથે મદદ કરી શકે તેવા છે, કરેજ છે. દેખરેખ રાખવી કે વિદ્યાર્થિઓની પાછળ ભમવું એ તેમનું કામ નથી તે બીજાનું છે અને બીજાએ કરવાનું છે. કરવાની શક્તિ હોય તેમ-

ણેજ તે સ્વીકાર્યા પછી તેનું ચિંતવન કરતા રહેવું જોઇએ. જેના હૃદયમાં હજારો રૂ. નું દાન કરવા જેટલી ઉદારતા છે તેઓમાં તે લાયક પુરૂષોને સોંપી દેવાની ઉદારતા નથી અગર ધારા ધોરણનાં કારણો તેનું કારણ છે એવો જવાબ જ્ઞાતિની માન પ્રદ વ્યક્તિઓના નામને શોભા આપનારો નથી. તે સ્વીકારવા અમે તૈયાર નથી. ધારા ઘડવામાં બુદ્ધિ બળની કસોટી નથી તેનો અમલ કરવામાં છે. એક જુલ્મી કાયદાનો અમલ સમજાવતાં લૉર્ડ મોર્લીએ, પાર્લામેન્ટ સમક્ષ ઉચ્ચારેલા સત્યની મતલબ એવી હતી કે—"ઉદ્દેશ બર લાવવા ઘડેલા કાયદાનું પરિણામ આવવું તે તેનો અમલ કરનારની મુનસફી ઉપર આધાર રાખે છે" આ સત્ય શું આપણને નથી લાગુ પડતું ? અમે આશા રાખીએ છીએ કે ના. પ્રમુખ સાહેબ, ઉક્ત મંડળ તરફથી જ્ઞાતિના પરોપકારી-ફંડમાં રકમો ભરનાર-ગૃહસ્થોની સલાહ લઈ એક સ્વતંત્ર કમીટી-(ઉંટ કુંડાળે પાડવા જેવું ન થાય તે માટે મહા મંડળના નિયમોને બાજુએ મુકી) નીમશે અને તે દ્વારા ફંડનો ઉપયોગ કેમ સારી રીતે થાય અને જ્ઞાતિહીતનું કાર્ય કેમ સંગીન પ્રકારે થઇ શકે તે જાણવા પ્રયત્ન કરશે. આ કાર્ય સત્વર થવાની જરૂર છે, નહિ તો મહામંડળ વિષે જે ગેરસમજ ઉત્પન્ન થયાનું સમજવામાં આવે છે તે કોઇ રીતે દુર થશે નહિં અને જ્ઞાતિહીત કરવાની કોઇ પણ સંસ્થાની વાતો વિષે જ્ઞાતિ હંમેશાં શંકાની નજરથી જોશે. શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે:—

यद्यदाचरति श्रेष्टस्तत्तदेवेतरो जनः
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ ૨–૨૧

"જે જે શ્રેષ્ટ પુરૂષો આચરે છે, તે તે બીજા સાધારણ લોક ગ્રહણ કરે છે; તે જે પ્રમાણ કરે છે તેને લોક અનુવર્તે છે."

આપણું યુવક મંડળ.

પૂર્ણ કળાએ પ્રકાસી રહેલા સૂર્યનાં અગ્નિ વર્ષાવતાં કિરણોમાંથી પસાર થઈ આપણા યુવકોએ પેઢી દર પેઢીના અધર્મયુક્ત સંષ્કારોને તાવી નાંખ્યા છે. મંડળની સ્થાપના કરી જે પ્રવૃતિ ચાલુ રાખી છે તે જોતાં તો જ્ઞાતિ હીલચાલનો સૂર્ય જોરથી પ્રકાસ્યો હોય તેમ લાગે છે. મંડળને ખુલ્લુ મુંકવાની ક્રિયા વખતના તેમના પ્રેસીડેન્ટ-ભાઈ મીસ્ત્રીના ઉદ્ગારોએ યુવક મંડળમાં જે નવું તેજ આણ્યું હતું તેનો પ્રભાવ મહોત્સવ ઊજવતાં સુધી ટકી રહ્યો હતો. તે ટાણે મે. ડાક્ટર સાહેબ તેમના પ્રેસીડેન્ટ હતા. તેમણે અધ્યક્ષ પદ સ્વીકારી ઉત્તેજીત કરતાં જે જુસ્સા ભર્યો ઉત્સાહ અને સેવાધર્મને તાજાં રાખનારી ભાવનાઓ તેમના અંતરમાં ગોઠવી દીધી છે તે દીર્ઘકાળ પર્યંત ટકી રહે તેવી આશા રાખીશું. અમે ડોક્ટર સાહેબને પ્રમુખ તરિકે એ ત્રણ વાર સાંભળ્યા છે પરંતુ આ વખતની ભાષણ આપવાની તેમની શૈલી ખરેખર તેમના સ્વભાવ કરતાં તેમની ઉચ્ચ પ્રકારની રહેણી કરણીને વધારે અનુસરતી હતી. પોતે વહેંચવા લાવેલા ભાષણનો સારજ નહીં કહેતાં તે સિદ્ધાંતો અનુવાદ રૂપે વધારેમાં વધારે જોર અને સત્યથી હૃદયને ખુલ્લુ મુંકીને કહી શકાય તેટલા સ્પષ્ટ રીતે સમજાવ્યા હતા અને તેમ કરવામાં પશ્ચિમની પ્રજાનાં ઘાતકીપણાથી તેમની થયેલી પડતીનાં દષ્ટાંતો આપણી જ્ઞાતિને લાગુ પાડી આગેવાનોથી ચેતતા રહેવાની સૂચના

કરી હતી. પહેલેથી ઠેઠ સુધી તેમણે દરેક વિચારોના સારા ખોટા પણાને વિદ્યા અને અજ્ઞાનમાં ઓતપ્રોત કરી વિદ્યાની આવશ્યક્તા સમજાવવાનો રસ છેવટ સુધી સાચવી રાખ્યો હતો. અમને ખાત્રી છે કે મે. ડૉકટર સાહેબ દરેક પ્રસંગે યુવકોનો હાથ પકડી રાખી તેમને બહાર લાવવા બનતી મદદ કરશેજ. તેમનું નાવ સુકાની વગરનું થઇ ન જાય તેની કાળજી રાખશે. પોતાના સંતાનો પેરે તેમને સમજી જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે તેમની વ્હારે આવશે.

યૂવક બંધુઓને અમારી સલાહ છે કે પેટા સંસ્થાઓ સ્થાપવાનો જે મહાન્ પુરૂષાર્થ કરવાનો છે તે તરફ દુર્લક્ષ રાખી આરંભશૂરાનું વિશેષણ પ્રાપ્ત કરશે નહિ પરંતુ ઐકયના સિદ્ધાંતને વળગી રહી પોતાના બંધુઓના દોષ નહીં જોતાં સહન કરતાં શિખશે તો જેટલા પ્રમાણમાં તે ગુણો સાચવી રાખશે તેટલાજ પ્રમાણમાં તેમનો વિજય દરેક કાર્યોમાં થશે. પ્રેસીડેન્ટ તરિકે શેઠ દુર્ગાપ્રસાદભાઇ અને ઉપપ્રમુખ તરિકે શેઠ પ્રાણસુખભાઇને પસંદ કરવાનું તેમણે યોગ્યજ કર્યું છે. શેઠ પ્રાણસુખભાઇ તે પ્રસંગે ઉત્સાહ અને ખંતથી ભાગ લેવા માટે હાજર હતા. તેમના ભાગે આવેલી ફરજ બજાવી છે તે ખાતે અમે તેમને અંતઃકરણથી મુબારકબાદી આપીએ છીએ. આપણે ઇચ્છીશું કે જ્ઞાતિની સાચી સંપત્તિ સમાન આ બંને સુપુત્રોના ચારિત્રનાં કોરાં પાનાં, જ્ઞાતિના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય ! પ્રભુ તેમને દીર્ધાયુષ્ય બક્ષી જ્ઞાતિની ઉન્નતિ તેમનાજ હાથે કરાવે ! To fight against injustice and error for the benifit of their brothers is not only a right but a duty, a duty not to be neglected without sin—the duty of their whole life.

તંત્રી.

દાન ક્યાં કરવું.

(કવાલી ગઝલ.)

અરે ઓ પાટીદાર બંધુ જરાતો આંખરે ખોલો;
તમારાં દાનનાં નીરો નકાંમાં ના હવે ઢોળો.
તમારાં આંધળાં પુણ્યો દુરાચારો વધારે છે;
ખરાં દુઃખીઆં તણાં દુઃખો જરાએ ના ઘટાડે છે.
તમારા દાનથી બાવા અફીણ ગાંજો ધુંટાવે છે;
મંદીરોમાં મળી ટોળાં ચડશ ગાંજો ફુંકાવે છે.
ઘણાં જ્ઞાતિ તણાં બાળો અરેરે જે નિરાધારો;
રૂવે છે વિદ્યાને કાજે તેઓને પ્રેમથી પાળો.
રઝળતાં ને રખડતાં જે આપણી જ્ઞાતિનાં બાળો;
દેઇને દાન સુહસ્તે લીઓ આ જન્મનો લ્હાવો.

રામલાલ હરિલાલ ક. પા. સુ. યુ. મં. મેમ્બર.

सात्त्विक दान एटले शुं ?

(१) दातव्यमिति यद्दानं दीयते ऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥ गीता. अ. १७–२०

(२) शक्तःपरजने दाता स्वजने दुःख जीविनि ।
मध्वापातो विषास्वादः स धर्मप्रतिरुपकः ॥ मनु. अ. ११–९

(३) परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
सजातो येन जातेन यातिवंशः समुन्नतिम् ॥ क. वि. मुखपृष्ट.

(૧) " આપવુંજ જોઇએ એમ માનીને જે કાંઈ અનુપકારીને દેશ કાળ ને પાત્રનો વિચાર કરી આપવામાં આવે છે તે દાન સાત્વિક કહેવાય છે. "

(મ. ન. દ્વિવેદી. ગીતા. ૧૭–૨૦).

" દાન કરવું એ મારૂં કર્તવ્ય છે એમ સમજી (યોગ્ય) સ્થળ કાળ અને પાત્ર (તેનો વિચાર) કરીને આપણા ઉપર જેણે કાંઇ ઉપકાર ન કર્યો હોય તેવાને જે દાન આપવામાં આવે છે તેને સાત્વિક દાન કહેલું છે. " (ગીતા રહસ્યનું ગુ. ભાષાંતર.)

(૨) " જે ધનાઢ્ય પુરૂષ પોતાના કુટુંબીઓ દુઃખી હોવા છતાં બીજાને ધન આપે છે તે આરંભમાં તો (કીર્તિ કરનારૂં હોવાથી) સારૂં લાગે છે પરંતુ પરિણામે ઝેરના આસ્વાદ જેવું ભયંકર જણાય છે અને તે ધર્માભાસ રૂપ છે. "

(ગુજરાતી પ્રેસનું ભાષાંતર. મનુ સ્મૃતિ. ૧૧–૯).

(૩) " પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ–જ્ઞાતિ–ઉન્નતિને પામે છે. " (" કડવા વિજય" ના મુખ્ય પૃષ્ટ ઉપર જુઓ.)

દાન આપવા લેવાનો પ્રથા પ્રાચીન કાળથી આર્યાવર્તમાં ચાલુ છે અને તે માટે શાસ્ત્રકારોએ નિયમો બાંધી દાનના પ્રકાર વગેરે વર્ણવ્યા છે. જેને સાત્વિક દાન કહેવામાં આવે છે, જે કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે, મનુષ્યનાં પાપોના નિવારણ માટે જે દાનને શ્રેષ્ટત્વ આપવામાં આવ્યું છે, મોક્ષના દ્વારપર ખડા થવા માટે જે માર્ગ આવસ્યક છે તે જણાવતાં **શ્રી કૃષ્ણ** પરમાત્માએ **અર્જુનને** ઉદ્દેશી ઉપરનો પહેલો શ્લોક કહેલો છે. સનાતન ધર્મના ઉપાસકોને શ્રી કૃષ્ણચંદ્રનાં વચનામૃત—અમૃત તુલ્ય આસ્વાદ આપી મોક્ષ માર્ગની પ્રાપ્તિ કરાવનારાં લેખાય છે તે વિષે શંકાજ નથી. માત્ર શબ્દાર્થની તાણ ખેંચ કરી વખતે વખતે ભાવ ઉપજાવવામાં મતભેદ થતો જણાય છે, એટલા માટે દાન કરવાનો વીધિ કહેતાં આ સ્થળે શ્લોકના બે અર્થો લખવામાં આવ્યા છે. એક તો અભેદ માર્ગી વેદાંતાનુરાગી સ્વ. મણીલાલ નભુભાઇએ કરેલો અને બીજો ગીતાજ્ઞાનના અનુરાગી, અનુભવી અને તે પ્રદેશ ઉપર સર્વોત્તમ પ્રકારે અજવાળુ પાડનાર લો. મા. તીલક મહારાજનો છે. બંને વ્યક્તિનો આ શ્લોકાર્થ માટે **એકજ ભાવ** અને **એકજ મત** દેખાય છે.

" આપવુંજ જોઇએ " અને " દાન કરવું એ મારૂં કર્તવ્ય છે " તે બંને તુટક વાકયો સમાનાર્થ છે. આપવું તે–દાન કરવું તે–મનુષ્યની ફરજ છે એમ ભાર દઈ શ્રી કૃષ્ણ પરમાત્માએ ઉપદેશેલું છે એમ બંને વાકયો ઉપરથી સમજાય છે. કોને આપવું એ કહેતાં એક જણ એવો અર્થ કરે છે કે, " અનુપકારીને. " જ્યારે બીજામાં તેજ સંસ્કૃત ભાષા અને સંધી છુટી પાડતાં થાય તે ગુજરાતી—" આપણા ઉપર જેણે કાંઇ ઉપકાર કર્યો ન હોય તેવાને " એમ કહેલું છે. તેજ પ્રમાણે **देशे काले** સંસ્કૃત શબ્દોના બદલે " દેશ કાળ " અને " (યોગ્ય) સ્થળ કાળ " એમ લખાયું છે, તોપણ લો. માન્યનો શ્લોકાર્થ તે શબ્દે શબ્દનો કરેલો ખુલ્લો અર્થ છે એમ કહેવું જોઇએ. આ શ્લોકનું વ્યક્તવ્ય એ છે કે–દેશ કાળ અને પાત્રનો વિચાર કરીને આપણા ઉપર જેણે ઉપકાર કર્યો ન હોય તેવાને દાન આપવુંજ અને તેજ સાત્વિક દાન. આ ઉપરથી શ્રીમંત કિંવા ગરિબ દરેક **ગૃહસ્થાશ્રમીએ દાન કરવું એ તો ફરજ્યાત** ઠરે છે, એટલે એક શ્રીમંત ગૃહસ્થ રોજના એકથી હજારો રૂ. નું દાન કરે અને ગરિબ ગૃહસ્થ રોજની એક પાઇ કિંવા બદામના હિસાબે પણ દાન કરી શકેજ તેની કોઇથી ના કહી શકાય નહિ. ખુશી થવા જેવું છે કે હજી દાન કરવાની ભાવના આર્ય ગૃહસ્થાશ્રમમાંથી નષ્ટ થઈ નથી. જપ, તપ, યજ્ઞ યાગાદિ પહેલાંના યુગોમાં થતાં કળીયુગમાં શાસ્ત્રકારોએ દાન કહ્યું છે. દાનના પ્રકાર અનેક તરેહના છે તેમાં કીર્તિદાન જેવાં અગર ફળની આશાઓ ઉત્પન્ન કરાવનારાં તેમજ દેશ કાળને જોયા વિના અપાત્રને અપાતાં દાનો અટકે તે ઇષ્ટ હોવાથી દાન કોને આપવું તેનો વિચાર કરવાની આવસ્યક્તા ઊભી થાય છે. અવિદ્યાએ કરી તે જલદી સમજાતું નથી તોપણ સાત્વિક દાન કયું કહેવાય તેનો વિચાર કરીનેજ દાન કરવું જોઇએ.

એક આસને બેસી આઠ દશ દિવસ સુધી કથા સંભળાવે, આપણા ઘેર આવી બાપ દાદાનું શ્રાદ્ધ કરાવે, સજ્યા ભરાવે, સત્ય નારાયણની કથા કરી જાય, કે છોકરા છોડીઓનાં છેડા છેડી બાંધી પૈસે રમાડી જાય તેમને આપણે અવસ્યે આપવું તો જોઇએજ. તે આપવું એ દાન કર્યું કહેવાય કે નહિ ? અને તે કયા પ્રકારનું દાન કહેવાય ? બેશક આવા ટાણે ગોર બ્રાહ્મણને આપવાની ફરજ છે પરંતુ તે **प्रत्युपकारार्थं**–કરેલા ઉપકારના બદલામાં આપવાનું હોવાથી તે **રાજસ** એટલે સાત્વિકથી ઉતરતા પ્રકારનું કહેવાય. દાન કહેવાય કે નહિ ? તેના નિર્ણય માટે દેશ કાળ અને પાત્રનો વિચાર કરવો જોઇએ. આ દેશ કાળે તેવાં કાર્યો થવાની ઘણી મોટી અગત્ય છે એટલે કે દેશ કાળને લઇ જરૂર તો છે, તો પછી પાત્ર અપાત્રનો ભેદ જોવા જાણવાની જરૂર રહે છે, તે નહીં જોવાથી મોટો દોષ ઉભો થાય છે. આપણે સમબુદ્ધિ રાખીને ગમે તેને આપીએ, કદાચ ફળની આશા પણ રાખીએ નહિ તોપણ જેને જે યોગ્ય નથી તેને તે આપવાથી અગર લેવા દીધાથી દુષ્ટ અને ના લાયક લોકોને મદદ મળવા જેવું થાય છે, તેમની દુષ્ટતા અને ના લાયકીને આપણે ઉત્તેજન આપતા હોઇએ એવું બને છે. જન સમાજને તે નુકસાન કરનારૂં થઈ પડે છે. કેટલીક વખતે દાનને જે યોગ્ય કિંવા લાયક હોય તેમને અન્યાય થાય છે એટલે ફળની આશા છોડવા છતાં પણ પાત્ર અપાત્ર કિંવા યોગ્ય અયોગ્યનો ભેદ નષ્ટ થતો નથી. આપણે અવસ્યે તે જાણવો જોઇએ. શાસ્ત્રો ભણેલા ફરજ સમજતા

વિદ્વાન બ્રાહ્મણો પાસે શ્રદ્ધાપૂર્વક ધર્મક્રીયાઓ કરાવવાના બદલે અમુક ધન આપવાથી રાજસ દાનનું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ લગ્ન અને શ્રાદ્ધ વીધિ નહીં કરાવી જાણનાર, નાનાં બાળકોને પરણાવી લગ્ન વીધિ કરાવનાર, "ગોર બ્રાહ્મણો નર્કના અધિકારી થાય છે–તેમને જાતિ બહાર મુકવા જોઇએ" એવો શ્રીમન જગદ્‌ગુરૂ શંકરાચાર્ય માધ્વા તીર્થે આપણને નિર્ણય આપેલો હોવાથી તે સ્થળે તે દાન કર્યું એમ ઠરતું નથી. કારણ તેમનાં અધર્મ યુક્ત કર્મોનું ફળ તેમનાં સંતાનોને ઉત્તરોત્તર પ્રાપ્ત થતું જાય તે પ્રકારનાં કર્મો કરાવનાર અને કરનાર તે પ્રસંગે દાન સમજી આપ લે કરે તેને દાન તો નજ કહી શકાય, એટલે તે દાન નથી પણ બંનેને નર્કની પ્રાપ્તિ કરાવનારૂં મહાપાપ છે, તેને દાન અગર પુણ્ય લેખવું તે પણ મહાપાપ છે.

પાત્ર અપાત્રનો ભેદ જોયા પછી દેશ કાળનો વિચાર કરવો જોઇએ. સાંસાદિ પદાર્થોનું જ્યાં અહોરાત્રિ સેવન થતું હોય અને આર્યધર્મ કે નીતિ રીતિ સાથે જે દેશને બબ્બે ગાઊનું અંતર હોય ત્યાં સંસ્કૃત પાઠશાળા કે વેદાંત સાહિત્યની લાયબ્રેરીઓ અને દેવાલયો અસ્થાનેજ ગણાય. દ્વારિકાં અને કાશીક્ષેત્રોમાં તેનું તો સ્થાન હોવું જોઇએ. તેમજ તીર્થ કે યાત્રાનાં સ્થળોએ ભિખારીઓને ઉત્તેજન આપતા, સાધુ સન્યાસીઓને માદક પદાર્થોનું સેવન કરાવતા આશ્રમો અને જાનવરોનાં કતલખાનાં પણ નજ જોઇએ. સ્ત્રી પુત્રાદિનો ત્યાગ કરી ભિક્ષુકવૃત્તિ ધારણ કરનાર, લોકસંગ્રહના કાર્યને તજીદઈ ઉદરાર્થે આશ્રમો બાંધી પડેલા અગર ભટકતાનો નિર્વાહ લોકોએ નહીં કરતાં–દેશમાં ફેલાયેલા અધર્મનો નાશ કરવા અર્થે ફરતા તેમજ લોક કલ્યાણનાં કાર્યો કરતા અને તે માટે ઉપદેશ કરતા સાધુ સંત અગર ગૃહસ્થાશ્રમીઓને મદદ આપવાનું સાંપ્રત દેશકાળ સુચવે છે તેવાં પાત્રોની શોધ કરી તેમની નિઃસ્વાર્થ જીજ્ઞાસા તૃપ્ત કરવામાં તન મન અને ધનનું અર્પણ કરવું એજ શ્રી કૃષ્ણ પ્રભુએ કહેલું સાત્વિક દાન છે. આપણી અવિદ્યાને લઇ આ સત્ય ન સમજાય અને દુષ્ટ કે લોભી લોકો આપણી પાસેથી પૈસા કઢાવાસાં ફાવી જાય તો તે દોષ આ શ્લોકનો નથી પરંતુ આપણો પોતાનોજ છે એમ માનવું જોઇએ.

જેને માનવ ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે, સર્વ દેશ કાળે જે સત્ય ઠર્યું છે અને ઠરશે તે ધર્મશાસ્ત્ર–મનુસ્મૃતિ–માં કાયદા બાંધતાં ભગવાન મનુએ દાન કરવા વિષે જે આજ્ઞા કરી છે તે શ્લોક (૨) ઉપર લેખના મથાળેજ આપ્યો છે. મનુસ્મૃતિનું ગુ. ભાષાંતર ગુજરાતી પ્રેસે બહાર પાડ્યું છે અને તે પંડિત નથુરામ તથા શાસ્ત્રી પ્રાણજીવન પંડ્યાએ કરેલું છે તેમાંથી તે શ્લોક અને ગુજરાતી પણ લખ્યું છે. તે શ્લોકાર્થ નથી. કારણ ભાષાંતર છે એમ પુસ્તકના મુખપૃષ્ટ પરજ લખેલું છે. **शक्तःदाता** નો અર્થ આપવાને શક્તિવાન કિંવા શક્તિ પ્રમાણે આપનાર એવો થાય તેનો ભાષાંતરમાં "ધનાઢ્ય" કરવામાં આવ્યો છે અને **स्वजन*** નો અર્થ પોતાની "જ્ઞાતિના માણસ" એવો વિશાળ છે તેના બદલે

* **शूद्रैव भार्या शूद्रस्य सा च स्वा च विशः स्मृतः** મનુ. ૩–૧૩ એ શ્લોક આપી સંસ્કૃત સાહિત્યના પ્રચારક સુપ્રસિદ્ધ વિદ્વાન વામન શીવરામ આપ્ટે પોતાની સંસ્કૃત ડીક્ષનેરીઓમાં જણાવે છે કે મનુસ્મૃતિમાં "**स्वजन**"–નો અર્થ a Kinsman, relative **बंधु, बांधवः ज्ञातिः सकुल्यः सजातिय, सगोत्र, गोत्रजः बंधुजन** એવો થાય છે.

" કુટુંબીઓ " લખીને સંકુચિત ભાવ દર્શાવ્યો છે તે ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ ૯ મા શ્લોક પછીનો જે ૧૦ મો શ્લોક છે તેનું નીચે પ્રમાણે ગુ. ભાષાંતર છે—

" જે પુરૂષ અવસ્ય પોષણ કરવા યોગ્ય સ્ત્રી પુત્ર વગેરેને દુઃખી થવા દઇને પરલોક માટે ધર્મનાં કૃત્યો કરે છે તે ધર્મનાં કૃત્યો તેને જીવતાં આ લોકમાં અને મરી ગયા પછી પરલોકમાં દુઃખ આપે છે."

સ્વજનનો અર્થ જો " કુટુંબ " જ થતો હોય તો પછી આ બીજો શ્લોક કહેવાની જરૂર રહેતી નથી. પણ જ્ઞાતિ અને કુટુંબ એમ બે વાતોને જુદી પાડી તે બંનેમાં કુટુંબને પહેલું અને જ્ઞાતિને બીજું સ્થાન આપવામાં આવ્યું છે અને ત્યારબાદ સ્વ જ્ઞાતિ સિવાયની જ્ઞાતિઓના સમુહને પરજન તરિકે સ્થાન મળે છે. દરેક જણ માટે કુટુંબની જવાબદારી મોટી છે કારણ કે તે " અવસ્ય પોષણ કરવા યોગ્ય " છે, તેમના પ્રત્યે બેદરકારી રાખી નાત કે દેશની સેવા કરવાના બ્હાનાથી જે કૃત્ય તે કરે—પછી ભલે તે યોગ્ય હોય તોપણ તે કૃત્યનું પુણ્ય પ્રાપ્ત થતું નથી. એટલુંજ નહિં પરંતુ તે કૃત્યો આ લોક અને પરલોકમાં દુઃખ આપે છે. ભગવાન મનુની આ આજ્ઞામાં ઘણું સત્ય છે એમ સાધારણ બુદ્ધિથી પણ જણાયા સિવાય રહેતું નથી. માતાપિતા અને સ્ત્રી પુત્રાદિના માટે વિચાર કરવાનું તો દરેક માટે ફરજયાત હોય છે અને તે નહીં સ્વીકારવાની કોઇ ધૃષ્ટતા કરતું નથી છતાં તે શ્લોક મનુ મહારાજને પોતાના કાળમાં દાખલ કરવાનું કારણ કેમ મળ્યું હશે ? મનુ પોતે સાક્ષાત અવતારી પુરૂષ જેવા હતા, ત્રણે કાળનું તેમને જ્ઞાન હતું. વર્ણાશ્રમનું બંધારણ સચવાઇ રહે તો ધર્મનો લોપ થતો અટકે એવી ધારણા રાખી વેદશાસ્ત્રાનુંસાર તેમણે માનવ ધર્મ-શાસ્ત્ર રચ્યું છે અને તે સર્વ દેશકાળે સત્યરૂપે મનાયું છે. સ્ત્રી પુત્ર અને જન્મ આપનારી માતાને રઝળતાં મુકી—બીજી સ્ત્રી વગેરે સાધનો મળતાં—તેમની દરકાર નહીં રાખી નાતની પટલાઇ કુટતા લોકો તો આજે ઘણા જડી આવશે* પછી મનુ ભગવાનના કાળમાં કદાચ હોય કે ન હોય તેની સાથે આપણે કંઇ સબંધ નથી. શાસ્ત્રની આજ્ઞા કેવી છે ?

---

* હું પ્રવાસે નીકળેલો ત્યારે વીરક્ષેત્રમાં એક મહા પુરૂષનાં દર્શન થયાં. કમરે રેશમી ચલોટો વિંટેલો હતો. પુલહારથી શુશોભિત કરેલી નેં વાળા રૂપેરી હોક્કામાંથી ધુંણીન ગોટા કાઢતા (નાતની પટલાઇના) પૂર્ણ નિસામાં મંદ મંદ ચાલે અમારી સામે આવતા હતા. હું અને મારા મિત્ર તેમની સમીપ જઇ ચડીએ તે પહેલાં તો પોતે એક ઉંચા ઓટલાને શોભાવી દીધો ! અમે તેમની પાસેથી પસાર થતા હતા તે વખતે " કેમ છો ! " કરીને મ્હોં મલકાવતાં મ્હોટી ત્રાડ પાડી. હું ઉભો રહેતો હતો પણ મિત્રે તેમ કરતાં અ-ટકાવ્યો. " ઠીક " કહીને બંનેએ ચાલવા માંડયું. મ્હેં મિત્રને પુછ્યું, " આ નામદાર હમણાં કયા ઉદ્યોગને શોભાવે છે ? તમને ખબર નથી ! આજકાલ એતો અક્કલના ઇરિકો-તરાઓની ચાવી થઇ પડયા છે ! એ તો માસ્ટર કી ! જેવા છે. પોતાની મા અને બાયડી છોકરાંને રઝળતાં મુંકયાં છે ! દાણા બાણા આપતા નથી !! અને નાતની ! પટલાઇ કૂટે છે ! મિત્રે જવાબ આપ્યો. તે સાંભળી મને નવાઇ લાગી કારણ એ જેન્ટલમેન માટે મારો મત આટલો હલકો નહોતો. મ્હેં કહ્યું તમારી નાત તેને કાંઈ પુછતી નથી ! નાત શું કરે ! મુઓ નાગો છે ! અમારો × × થાય ! આ શબ્દોમાં તેમના નામનું નામાચરણ વાળતાં અંબાજીનાં દર્શન કરી અમે છુટા પડયા.

મનુસ્મૃતિની આ બંને આજ્ઞાઓ ઉપરથી આપણે સાર એ લેવાનો છે કે દાન કરનાર પુરૂષે પ્રથમ પોતાના કુટુંબનું દુઃખ દુર કરી જ્ઞાતિનાં દુઃખો દુર કરવાનો પ્રયત્ન અવસ્યે કરવો. અનેક કુટુંબોથી સંકળાયેલી સ્વજ્ઞાતિ–સ્વજન–નો વિચાર નહીં કરતાં પરજનની ગણનામાં આવતી અન્ય જ્ઞાતિઓનાં દુઃખો માટે કોઇએ કાંઇ કરવાનું નથી એમ કહેવાનો ભગવાન મનુનો ઉદ્દેશ નથી પરંતુ સ્વજ્ઞાતિનાં દુઃખોનો વિચાર કરી તે અર્થે પ્રથમ દાન કરવું એમ ધર્મશાસ્ત્રો કહે છે. તે તરફ બેદરકારી રાખી અન્ય કાર્યો માટે ધનનો ઉપયોગ આજે ઘણા માણસો કરે છે. તે માત્ર કીર્તિ કમાવા ખાતરજ છે, તે ધર્મ નથી પરંતુ ધર્મ બતાવનારૂં તેનું ખોટું સ્વરૂપ છે, જો કે ગૃહસ્થ તરિકે તેમ કરીને પ્રશંસા મેળવાય છે, શહેર કે દેશમાં તેમનાં વખાણ થાય છે તેનો સ્વાદ દાન કરનારને ઘણો મીઠો લાગે છે પરંતુ તે ઝેર છે એમ ભગવાન મનુ કહે છે. વ્યવહારમાં પણ આ સિદ્ધાંત સર્વ સત્યથી ભરપુર લાગશે. કોઇ બ્રાહ્મણ, વાણીઆ કે નાગર પારસીને પ્રથમ કડવા પાટીદાર જ્ઞાતિનાં દુઃખ ટાળવાનો વિચાર આવશે કે સ્વજ્ઞાતિનો? બેશક સ્વજ્ઞાતિનોજ આવે અને તે માટે અઢળક ધનની નીકો વહેવડાવી હોય તેઓ અન્ય જ્ઞાતિ માટે પણ આપી શકે.

મનુ ભગવાનના કાળમાં જુદી જુદી નાતો નહોતી એ સત્ય હશે પરંતુ કુટુંબો–ગોત્ર–તો હશેજ અને છેટે છેટે સગાઈ ધરાવતાં કુટુંબો સગોત્રી તરિકે ગણાતાં તેમને સ્વજન તરિકે લેખ્યાં છે. આજે આપણે સેંકડો કુટુંબોથી બનેલી કડવા પાટીદાર જ્ઞાતિના નામે પ્રસિદ્ધ છીએ, આપણું એકજ ગોત્ર (કશ્યપ) છે એટલે જ્ઞાતિના દરેક માણસ એક-બીજાના સ્વજન છે એમજ માનવું જોઇએ. ગીતામાં કહેલા સાત્વિક દાનની પ્રાપ્તિ માટે દેશ, કાળ અને પાત્રનો વિચાર કરતાં સ્વજનનાં દુઃખો દુર કરવાની પ્રથમ જરૂર જે ધર્મ-શાસ્ત્રો કહે છે તે દાન કરનારે ભુલી નહીં જવું જોઇએ.

આ લેખના મથાળે જે ત્રીજો શ્લોક મુકયો છે અને કડવા વિજયના મુખપૃષ્ટપર જે ઘણા વખતથી મુંકાય છે તેમાં કેટલું શાસ્ત્રોક્ત સત્ય છે તેનો વિચાર કરી અમારા બંધુઓ "સ્વજન" માટે બની શકે તેટલા પ્રમાણમાં તન મન અને ધનનું દાન કરવા પ્રેરણા કરશે તો લેખકનો પ્રયાસ કંઇક સફળ થયેલો ગણાશે.

આ લઘુ લેખ જ્ઞાતિના બંધુઓ પાસે મુકતાં દેશહીત કે અન્ય જ્ઞાતિનું હીત તેઓ કરતા હોય તેની આડે આવવાનો ઉદ્દેશ બીલકુલ રખાયોજ નથી તોપણ **સ્વજનનું** હીત કરવાની જે આજ્ઞા ધર્મશાસ્ત્રોમાં છે તે તેમના લક્ષ બહાર ન રહી જાય તે ઉદ્દેશ છે અને તે સાથે જ્ઞાતિનાં સંતાનો આજે ભિખારી અવસ્થામાં મજુરી કરીને ભેટ ભરે છે, કન્યાઓ રીબાય છે!! છોકરાઓને વિદ્યા પ્રાપ્ત કરવાનાં સાધનો નથી!!! અને ગૃહસ્થ વર્ગ બાદ કરતાં સમસ્ત જ્ઞાતિ અધોગતીના ઉંડા ધરામાં પડી છે તેને બહાર કાઢવા શ્રી કડવા પા. શુ. સમાજ અને જ્ઞાતિના યુવકોનું મંડળ આપણાં દુઃખો ટાળવા પ્રયત્ન કરી રહ્યું છે તે સંસ્થાઓ પ્રત્યે અમારા પૂજ્ય ગૃહસ્થો પોતાનો હાથ ઉદારતાથી લંબાવે–તેમ કરવામાં પોતાની જન્મસિદ્ધ ફરજ સમજે એજ મુખ્ય ઉદ્દેશ છે.

પ્રકાશી.

જાણુવા જોગ સમાચાર.

વાંચો ! બંધુઓ જરૂર વાંચો ! તમારા ભાઇઓ માટે વાંચો !

જ્ઞાતિમત કેળવી જ્ઞાનનો ફેલાવો કરવા માટે સમાજ અને યુવક મંડળ તરફથી પ્રયત્ન કરવામાં આવે છે. બંને સંસ્થાની પેટા શાખાઓનું તે કાર્ય છે. તેમના કાર્યમાં મદદ કરવાના ઈરાદે એક ખાસ યોજના તૈયાર કરવામાં આવે છે. બહોળી નાતમાં ઘર દીઠ દર માસે વાંચવા અને જાણુવા લાયક કંઇને કંઇ મફત–કંઈ પણુ લીધા સિવાય–મોકલાય એ અમારો ઇરાદો છે પરંતુ તે માટે દરેક ગામે એક એક બંધુ તો એવો હોવો જોઇએ કે જે જ્ઞાતિની લાગણી ધરાવતો હોય અને ઉપદેશ આપવાનો હેતુ રાખી વાંચી સંભળાવવાની કાળજી રાખતો હોય. આ કાર્ય જેટલું મુસ્કેલ છે તેટલોજ ખર્ચનો સવાલ પણુ મુસ્કેલ છે પરંતુ પેટા સંસ્થાઓ અને ગામના આગેવાન બંધુઓ પોતાની ફરજ સ્વીકારવા તૈયાર હોય તો ખર્ચને પહોંચી વળવા માટે તો જ્ઞાતિના ગૃહસ્થોમાં અમે વિશ્વાસ રાખી બોજો ઉપાડી શકીએ. આપનાર નીકળી આવે છે લેનાર નથી એમ અમારૂં માનવું છે તો સ્થપાયેલી અને સ્થપાવાની પેટા સંસ્થાઓ અને જ્ઞાતિ પ્રત્યે લાગણી ધરાવનાર દરેક બંધુને અમારી વિનંતી છે કે જેઓને ઘેર બેઠે જે કાંઈ પુસ્તક અગર છાપેલો લેખ મફત મળે તે પોતાના ગામના બંધુઓને વાંચી સંભળાવી જ્ઞાતિમાં જ્ઞાનનો ફેલાવો કરવા તૈયાર હોય તેમણે સમાજ અગર યુ. મંડળના આગેવાનોને ખબર કરી પોતાનું નામ આપવું અને તેમણે અમને જણાવવું. આવાં ૫૦૦ નામ મળેથી–જો કે ૫૦૦૦ મળે તોપણુ અમે ખુશી છીએ–યોજના અમલમાં મુકવાનો વિચાર કરવામાં આવશે.

યુવક મંડળને મદદ—

કરવાના ઉદ્દેશથી **કડવા વિજય** માસિક, તેના દરેક મેમ્બરને મફત મળે તેવી યોજના કરવા તેના ઓ. સેક્રેટરી મી. માણેકલાલ વગેરે તરફથી કરવામાં આવી હતી તે બદલ યુવકોને મદદ કરવા સારૂ સમાજના કાર્ય વાહકોની ઇચ્છાથી એવી યોજના રાખી છે કે–જે કોઇ યુવક મંડળનો મેમ્બર કડવા વિજયનાં બે ગ્રાહકો વધારી તેના લવાજમના રૂ. ૨–૮–૦ મોકલી આપશે, તેને એક વર્ષ સુધી “ કડવા વિજય ” મફત મોકલવામાં આવશે. અથવા જે કોઇ યુવક ખાત્રી પૂર્વક એમ કહેશે કે પોતાના ગામના ભાઇઓને એકઠા કરી તે વાંચી સંભળાવવાનું હું માથે લઊંછું તેને પણુ યોજના તૈયાર થયાં પછી મફત મળશે પણુ તે યોજના થવી મુસ્કેલ છે કારણુ હમણાં કડવા વિજયનો ખર્ચ ઘણો મોટો આવે છે છતાં અમને વ્યાજબી કારણુ લાગશે તેને અને જ્ઞાતિની લાયબ્રેરી જેવી સંસ્થાઓને મફત આપવામાં આવશે પણુ તે માટે ભલામણુ કરનાર યુવક મંડળનો મેમ્બર હોવો જોઇશે.

કડવા વિજયના ગ્રાહકોને ખબર,

કોઈ કોઈ ગ્રાહકો પોતાને અંક વી. પી. થી મોકલવા કહે છે, અને જૂના ગ્રાહકો અંક સ્વીકારે જાય છે. કોઇ કોઈ તો વાંચતા પણુ નહીં હોય તો દરેક ગ્રાહક બંધુને ખબર આપવામાં આવે છે કે “ કડવા વિજય ” નો ખર્ચ જ્ઞાતિના ફંડમાંથી થાય છે તે ધ્યાનમાં રાખી પોતાને યાદ આવે તેટલા વર્ષનું ચડેલું અથવા છેવટે ચાલુ વર્ષનું લવાજમ મની-ઓડર કરીને અગર રૂબરૂ આપી દેવું. આ પ્રમાણે યોજના રાખવાનાં બે કારણુ છે. કામ

કરનારની મુશ્કેલી મટે છે ઉપરાંત ગ્રાહકને લેનારના હસ્તાક્ષરની પહોંચ મળે છે તદુપરાંત ખાસ કારણ તો વી. પી. કરવાની ટપાલની મુશ્કેલી છે. પાંચ દશ વી. પી. પાછાં આવે તો બીજા માસે ટપાલખાતુ વી. પી. સ્વીકારતું નથી તે દરેકે યાદ રાખવું. લવાજમ વસુલ થવા ઉપર વાંચન પુરૂ પાડવાનો આધાર છે. આ સાલનાં લવાજમ **તાકીદે** આવી જાય તો સારો ખર્ચ કરી અત્યાર સુધી નહીં બહાર પડેલો એવો ઘણો ઉપયોગી સચિત્ર અંક જેની કીંમત રૂ. ૧) રાખવાની છે તે દીવાળીની ભેટ તરિકે આપવા અમારો વિચાર છે, તેનો લાભ લેવા માટે પણ " કડવા વિજય " ઑફિસ–વિરમગામ એ સરનામે મેનેજરને લવાજમ તાકીદે મોકલી આપવું.

અધિપતિ.

સમાજનું વાર્ષિક ફંડ. ઠરાવ. ૨૭ પ્રમાણેનું.

મુંબઇ પેટા શાખાએ બજાવેલી ફરજ.

અમને જણાવતાં ઘણોજ આનંદ થાય છે કે સમાજના વાર્ષિક ખરચ માટે જે ફાળો પેટા સંસ્થાઓના ભાગે આવે છે તે પૈકી **મુંબાઇની પેટા શાખાએ** પોતાનો ફાળો તૈયાર કરી રકમ કોને મોકલવી તે પુછાવ્યું છે. હમણાં તે રકમ શ્રીયુત ચંદુભાઇ પાસે રાખવાનું અમે જણાવ્યું છે. પેટા શાખાની એક સભા આપણા એક પાટીદાર બંધુ (લેઉઆ) શેઠ **તુલશીદાસભાઇ** કે જેઓ કાપડનો વેપાર કરે છે અને તેમની વિલાયત, આફ્રિકા, મુંબઇ વગેરે સ્થળે પેઢીઓ છે તેમનું કુટુંબ સમાજના કાર્યવાહકોમાં જાણીતું થઇ પડયું છે, કેટલાકને તો એકજ કુટુંબના હોય તેવા પ્રકારનો તેમના સાથે ધાડ પરીચય અને ભ્રાતૃભાવ છે તેમના અધ્યક્ષનીચે—મળી હતી, તેમણે પોતે આપણા ફંડમાં રૂ. ૫૧ આપી આપણને આભારી કર્યા છે તે એક સાધારણ બાબત છે પરંતુ જ્યારે સમાજ જેવી કડવા પાટીદારની સંસ્થાને મદદની જરૂર હોય ત્યારે સંકટ ભરેલા સમયે તેમના તરફથી ઉદાર મદદ મળી શકે એવો અમને જાત અનુભવ છે. તેમના વડીલ બંધુંઓ પૈકી મે. પરભુદાસભાઈ વગેરે કુટુંબીઓ સાથે અમને સારો પરિચય પડયો છે, તેઓ કડવા લેઉઆ જેવો ભેદ નહીં માનતાં પાટીદારની સમસ્ત કોમ પ્રત્યે એક પ્રકારની લાગણી ધરાવે છે એમ જણાવતાં અમને અતિશય આનંદ, થાય છે. વાર્ષિક ખર્ચના ફંડમાં તે શાખાના જો. સેક્રેટરી શેઠ. મંગુભાઇ, શેઠ ચંદુલાલભાઈ, મીસ્ત્રી નારણભાઇ મીસ્ત્રી નાથાભાઈ અને ભાઇ રતનસી કરસનની કું૦ દરેકે **રૂા. ૫૧ આપ્યા છે.** રા. માનચંદભાઇએ રૂા. ૨૫ અને રૂ. ૧૦ શીવલાલભાઇ, રૂ. ૫ લાલજી અને રૂ. ૫ નથુભાઈએ આપ્યા છે. એ રીતે પોતાને મોકલવા પુરતા રૂ ૩૦૧ ની રકમો મંડાવી જ્ઞાતિના અન્ય બંધુઓ પાસેથી આવતી સાલ માટે લેવાનું રાખ્યું છે એમ અમને ત્યાંની પેટા ઑફીસ તરફથી પ્રસિદ્ધ કરવાની સુચના થઈ છે.

તંત્રી.

સમાજનું જનરલ ફંડ, ઠરાવ ૨૮ પ્રમાણેનું.

(કડવા વિજય ઉપરથી તારવેલું)

સુચના—જે બંધુએ રકમ આપી હોય છતાં વસુલ ન લખાયું હોય તો તાકીદે ખબર આપવી.

૫૦૧	શેઠ દુર્ગાપ્રસાદ લશ્કરી.	વસુલ.
૨૫૧	કુ. લાલસિંહજીભાઇ	વસુલ.
૧૫૧	રતીલાલભાઇ સીતવાળા.	
૨૦૧	શેઠ મનસુખરામ કાનદાસ :	વસુલ.
૧૨૫	પોપટલાલભાઇ શીવલાલ.	
૧૦૧	નારણભાઇ મીસ્ત્રી—	વસુલ.
૧૨૫	દેશાઈ ચંદુલાલભાઇ.	વસુલ
૧૦૧	મગનલાલ એન્જીનીઅર.	વસુલ
૧૦૧	કેસવલાલભાઇ વકીલ.	
૫૧	જગજીવનદાસ દૂધવાળા.	
૩૫	ચુનીભાઇ વનમાળીદાસ.	વસુલ.
૩૧	દે. કાળીદાસભાઈ.	
૨૫	જેશીંગભાઇ હરગોવીંદદાસ.	
૨૫	અમરચંદ પુંજરાજ.	
૫	નાથાભાઇ છગનલાલ.	વસુલ.
૫	નાથાભાઇ રાયજીભાઈ	,,
૨૫	માણેકલાલ જેઠાલાલ.	,,
૫	મોહનલાલ શીવદાસ.	,,
૫	ઈશ્વિરભાઈ નારણભાઇ.	,,
૫૧	દેવાજીભાઈ રૂંસાત.	,,
૧૦	હરજીવનદાસ ખારાઘોડા,	,,
૫	બેચરદાસ બાપુજી પાદરા.	,,
૫	કેસવલાલ ગીરધરદાસ સસપુર	,,
૫૧	શેઠ કીલાભાઇ લલુભાઇ અમદા.	,,
૫	જોઇતનદાસ બારસીદા.	,,
૨૫	દેશાઇભાઇ ગગલભાઇ.	,,
૫	ઓંકારજી રૂખડુજી રામએલી.	વસુલ
૩૧	દલપતભાઈ કેસવલાલ.	
૨	નારણજી રતનજી વાંકડા.	
૨	પુરૂસોતમ કલ્યાણજી ચરાડવા.	
૧	ગંગારામ ખોડીદાસ.	,,
૩૧	શેઠ ગુલાબચંદ મોતીરામ	વસુલ.
૨૫	લાલજીભાઈ દયારામ.	,,
૫	મગનભાઇ બાપુજી સુવાલ.	વસુલ.
૫	નથુભાઇ છતુજી સુકાતી.	
૫	ઓંકારજી હીરાજી દાવડા.	વસુલ.
૫	ભીલાજી ખુશાલજી.	,,
૫	ત્રીભોવનદાસ લવજીદાસ.	વસુલ.
૫	ભગવાનદાસ રઘુભાઇ.	
૨૧	જીવરાજભાઈ ખેતસી ગડાણી.	વસુલ.
૫	ભોગીલાલ નથુભાઇ	,,
૨૫	મીસ્ત્રી વીસરામ દેવજીભાઇ	,,
૨૫	,, રતનસીભાઇ કરસન.	,,
૧૦	સોમનાથ નારણદાસ	વસુલ
૧૨૫	રાયજીભાઇ રામદાસ.	
૫	કાળીદાસ ઓંદરજી.	
૮	વાલજીભાઇ શીવાભાઇ	વસુલ.
૩	ઓંકારજી રામજીશા.	,,
૫	નાગરદાસ ગીરધરદાસ.	,,
૧૦	શીવજીદાસ દેવરાજ	,,
૨	બાબરભાઇ જીભાઇ	,,
૫	છગનલાલ રણછોડભાઇ.	,,
૫	પુરૂષોતમદાસ હરગોવીંદદાસ.	,,
૫૧	૨૭ ના ગોળસમસ્ત હીરપુરા.	,,
૨૦	શીવલાલ મનસુખભાઈ.	,,
૫	ઈશ્વરભાઇ મનોરભાઈ.	,,
૧૦	આદ્રજમેડા તરફથી ધનશાભાઈ	,,
૫	જોઇતારામ ભાવજી.	,,
૩	માધવલાલ ગીરધરલાલ.	,,
૩	મોતીભાઇ રાયજીભાઇ.	વસુલ
૧૦	અંબાલાલ રામભાઇ.	
૧	હીરાભાઈ ખેમાભાઇ.	વસુલ
૧૦	લાલજીભાઈ હરીલાલ.	,,
૧૦	કેસવલાલ જીભાઇ.	વસુલ
૨૦૧	શેઠ કેવલદાસ ત્રીકમદાસ	
૨૬	ચુનીલાલ દલસુખરામ.	વસુલ
૨	ભગવાન રઘુભાઇ દાગોદ,	,,

રૂ. ૨૭૫૯ તે પૈકી રૂ. ૧૮૬૩ વસુલ આવ્યા છે.

તે પૈકી રૂ. ૮૦૨ શેઠ દુર્ગાપ્રસાદભાઇ પાસે.
રૂ. ૮૮૨ કું. લાલસિંહજી પાસે.
રૂ. ૧૫૦ કડવાવિજયના બીલ પેટે અપાયા છે.
૨૯ સદ્દગત તંત્રી હથુના ખરચ પૈકી ગયા છે.

રૂ. ૧૮૬૩ વસુલ આવ્યા તે.

શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળનો પહેલો મહોત્સવ.

ઉક્ત મંડળની જનરલ મીટીંગ ગઇ તા. ૧૬ મી જુન ૧૯૧૮ ને રોજ સવારના આઠ વાગતાં મળી હતી. પ્રમુખપદે મી. ગોવિંદલાલ ત્રીકમલાલ હતા. શરૂઆતમાં પહેલાંની મીટીંગનો રીપોર્ટ ઓ. સેક્રેટરી મી. માણેકલાલે વાંચી સંભળાવી પોતાના વખતમાં થયેલા કાર્યનો ટુંક હેવાલ તેઓએ આપ્યો હતો. ત્યાર બાદ નિમણોકો કરવાનું કાર્ય હાથ ધરવામાં આવતાં. નીચેના બે ઠરાવો કરવાની જરૂર જણાઇ હતી.

ઠરાવ ૧. મંડળનું કાર્ય સરળતાથી કરી શકાય તે માટે એક પ્રેસિડેન્ટ અને ઉપપ્રમુખોની નિમણોક કરવી.

ઠરાવ ૨. ઉત્તર અને દક્ષિણ વિભાગ એ દરેકનો એક એક જોઇન્ટ જનરલ સેક્રેટરી નીમવો.

ચુંટણીનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું હતું.

પ્રેસીડેન્ટ—શેઠ સા. દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી.

વા. પ્રેસીડેન્ટ—શેઠ સા. પ્રાણસુખભાઈ મફતલાલ.

જનરલ સેક્રેટરી—છબીલદાસ છોટાલાલ પટેલ.

જો. સેક્રેટરી—મી. બાલુભાઇ પુરૂષોત્તમદાસ (ઉત્તર વિભાગ).

,, ,, —મી. છોટાભાઇ રાયજીભાઇ (દક્ષિણ વિભાગ).

ટ્રેઝરર—સત્યનારાયણ પ્રેસના માલિક રા. મોતીલાલ કાળીદાસ.

એડીટર—મગનભાઈ જી. એન્જીનીઅર કડવા વિજયના તંત્રી.

સભા તરફથી નીમાયેલા વ્યવસ્થાપક મંડળના મેમ્બરો.

૧. નગીનદાસ વ્રજલાલ	અમદાવાદ.	૭. ધર્માભાઇ ત્રીકમદાસ	શેરથા.
૨. માણેકલાલ ગોવિંદલાલ	,,	૮. શામળભાઇ પુરૂષોત્તમદાસ.	તતારપુરા.
૩. ગોવીંદલાલ ત્રીકમલાલ	,,	૯. પ્રાણજીવન વ્રજલાલ	પાટડી.
૪. કુંવરજી ભાઇજીદાસ.	કેરાળા.	૧૦. લલ્લુભાઈ સોમનાથ,	વીરમગામ.
૫. કાનજીભાઇ શીવાભાઇ	ચાણસ્મા.	૧૧. ગોરધનભાઇ ગીરધરભાઇ.	વડોદરા.
૬. લધાભાઈ વીરજી	મુંબાઇ.		

નીચેના ૬ મેમ્બરો નોમીનેટેડ છે.

૧૨. કુબેરદાસ છોટાલાલ	વીરમગામ.	૧૫. નાથાલાલ છગનલાલ	શેરથા.
૧૩. હરીલાલ જગજીવનદાસ	કેરાળા.	૧૬. રામલાલ હરીલાલ	અમદાવાદ.
૧૪. રામચંદ્ર ચુનીલાલ	અમદાવાદ.		

ચુંટણીનું કાર્ય થયા પછી સબજેકટ કમિટિ બેઠી હતી. અને સાંજે મહોત્સવમાં કરવાના ઠરાવો નક્કી કરવામાં આવ્યા હતા. છેવટે પ્રમુખનો આભાર માની મેમ્બરો છુટા પડયા હતા.

(અપૂર્ણ.)

શ્રી કડવા પાટીદાર શુ. સમાજનો સાતમો મહોત્સવ–સેરથા.

(ગયા અંકના પાને ૬૨ થી ચાલુ)

સબ્જેક્ટ કમીટીના મેમ્બરોનાં નામ.

કુમારશ્રી લાલસિંહ રાયસિંહજી વિરમગામ.
મી. કેશવલાલ માધવલાલ વકીલ ,,
દેશાઇ કાળીદાસ હરજીવનદાસ ,,
દેશાઇ અમરસિંહજી દેશાઇભાઇ ,,
મીસ્ત્રી નારણજી રામજીભાઇ મુંબઇ
પ્રોફેસર જેઠાલાલ ચી. સ્વામીનારાયણ અમદાવાદ
પા. ત્રીકમલાલ દલપતરામ ભગત ,,
મી. મગનલાલ ગોવીંદલાલ એન્જીનીઅર ,,
દેશાઇ. ચંદુલાલ મણીલાલ મુંબઇ.
પા. રણછોડભાઇ શીવાઇદાસ સેરથા.
પા. બેચરભાઇ રાયજીભાઇ ગણપતપુરા.
પા. તુળજાભાઇ નાથાભાઇ પાદરા.
પા. જેઠાભાઇ વનમાળીદાસ તરસાળી.
પા. છગનલાલ પિતાંબરદાસ સરઢવ.
પા. દયાળજી ગંગારામ ,,
પા. માધવજી ત્રિભુવનદાસ આદ્રજ.
પા. અંબાલાલ મોહનલાલ અમદાવાદ.
પરી. માણેકલાલ ગોવીંદલાલ ,,
પરી. નગીનભાઇ વૃજલાલ ,,
પા. છબીલભાઇ છોટાલાલ ,,
દેશાઇ પ્રાણજીવણ વૃજલાલ પાટડી.
પા. મોતીલાલ કાળીદાસ અમદાવાદ.
પા. લધાભાઇ વીરજી મુંબઇ.
પા. ઇશ્વરભાઈ મનોરભાઇ તરસાળી.
પા. છોટાભાઇ ઇશ્વરભાઈ પાતરવેણી.
પા. હીરાભાઇ ગોરધનભાઇ અંકલેશ્વર.
શેઠ મફાભાઇ ગોવીંદજી વિરમગામ.
દેશાઈ રતીલાલ મગનલાલ પાટડી.
પા, મગનલાલ ચતુરભાઇ સાણંદ.
પા. નાથાલાલ છગનલાલ સેરથા.
પા. રણછોડભાઇ જીવણભાઇ ,,
પા. ગોકળભાઈ પ્રાણદાસ સેરથા.
પા. પરભુદાસ ધનજીભાઇ લાડોલ.
પા. જગજીવનદાસ ગોપાળદાસ રૂપાલ.
પા. મગનલાલ રઘુભાઇ ,,
પા. મોહનલાલ ઇશ્વરદાસ મોખાસણ.
પા. ઇશ્વરદાસ અરજણદાસ બાળીસણા.
પા. હરીલાલ જગજીવનદાસ કેરાળા.
પા. રણછોડલાલ કાળીદાસ આદ્રજ.
પા. માધવજી પિતાંબરદાસ કંડ.
પા. નારણભાઇ સુખલાલ ચા. વાસણા.
પા. રણછોડદાસ જીવણદાસ ઓગણજ.
પા. માધવલાલ ત્રીકમલાલ સેરથા.
પા. કાળીદાસ શીવદાસ મોખાસણ.
પા. મોતીભાઇ ઊમેદદાસ કંડ.
પા. કુબેરદાસ છોટાલાલ વિરમગામ.
પા. લલુભાઇ સોમનાથ ,,
પા. મણીલાલ હરીભાઇ કે. વાસણા.
પા. જોઇતનદાસ લાલદાસ પાનસર.
પા. પુરૂસોતમદાસ બાળચંદ જમીઅતપુરા.
પા. કરસનદાસ રણછોડદાસ સેરથા.
પા. કરસનદાસ ત્રીભોવનદાસ ,,
પા. ભગવાનદાસ જીજીભાઇ પાતરવેણી.
પા. મોતીદાસ શંભુદાસ સેરથા.
પા. જોરભાઇ સુનદાસ ,,
પા. ઊમેદદાસ સવજીદાસ ,,
પા. પેલાદજી કસીદાસ ,,
પા. સોમનાથ હરગોવીંદદાસ અમદાવાદ.
પા. માણેકલાલ કુબેરદાસ વિરમગામ.
પા. વીઠલભાઇ જેસીંગભાઇ સરઢવ.
પા. કાનજીભાઇ શીવલાલ ચાણસ્મા.

ઉપર જણાવેલા મેમ્બરોની સબ્જેક્ટ કમીટીની બેઠક મંડપમાંજ થઇ હતી અને ઘણું શાંતિથી કામ ચાલ્યું હતું. સેક્રેટરી અને બીજાઓ તરફથી રજુ થયેલા ઠરાવોમાં સુધારા વધારા કરી સમાજની બેઠકમાં લાવવા માટે તે વખતે પહેલેથી ૧૩ સુધીના ઠરાવો ઘડી કહાડી કમીટી બરખાસ્ત થઇ હતી.

તા. ૧૯ મીનો બીજો દિવસ.

રવીવારનું રળીઆમણું પ્રભાત કડવા પાટીદાર જ્ઞાતિને મંગળ સુચવતું હોય તેમ ઉદય થયું. મેમ્બર વર્ગે નાહી ધોઇ અને સ્ત્રી વર્ગે પોતાના કાર્યથી પરવારી આઠ વાગે મંડપમાં હાજરી આપવી શરૂ કરી દીધી. નવ વાગતાંના સુમારે પ્રમુખ સાહેબનો જય થવાના ધ્વની સાથેજ સઘળા ભાઇઓ ઉભા થઇ ગયા, પ્રમુખ સાહેબ અને અન્ય વર્ગે પોતાની જગ્યા લીધા બાદ શ્રી ઉમિયા માતાની સ્તુતી રૂપે મંગળા ચરણ શરૂ થયું અને તે પૂર્ણ થતાં પ્રમુખ સાહેબે મુદ્દાસર પોતાનું ભાષણ શરૂ કર્યું. સભાનો વ્યતીત્ થઈ ગયેલો અને પ્રમુખ સાહેબને નહીં મળેલા સમયના અભાવે પ્રમુખના ભાષણની જે ખીલવટ અને અસર થવી જોઇએ તે થઇ શકી નહોતી. તોપણ સમાજનો ઉદ્દેષ લક્ષમાં રાખી, સદ્‌ગત તંત્રીના અવસાનથી શરૂ કરી, બ્રહ્મશ્ચર્ય, કેળવણી, પ્રેતભોજન, દુર્વ્યસન, બાળલગ્ન અને ખેતીવાડીના મુદ્દાઓ તેમણે સમજાવ્યા હતા જેથી શ્રોતાના મન ઉપર કંઇક અસર થઇ હતી. ખેતીવાડી વિષે ગંદકી અને હાડકાના કીંમતી ખાતરના ફાયદા સમજાવી તે વસ્તુઓનો ઉપયોગ કરવાની ભલામણ કરી હતી. કોઇ પણ જાતના મતભેદ વગર વિરૂદ્ધતા દર્શાવ્યા સિવાય સંપથી એકઠા થવા માટે પ્રશંસા કરી હતી. મરણ પાછળનાં જમણો શાસ્ત્રવિરૂદ્ધ છે અને ગરૂડપુરાણમાં તે કરવાનું કહ્યું નથી તેમ અન્ય સ્થળે પણ તે વિષે લખાયું નથી તે કહીને હાલના દુઃખદ સંયોગોમાં તેને નાબુદ કરવા જણાવ્યું હતું. અસારવામાં રૂ. ૩૦ હજારનો જમણ પાછળ થયેલો ખર્ચ કેળવણીના ઉપયોગ અર્થે થયો હોત તો વધારે સારી અસર થઈ શકત એમ કહી કેળવણી માટે તે ગૃહસ્થ તરફથી કંઈ આપવામાં આવ્યું નથી તેને શોકની વાત જણાવી હતી. બાળકો માટે ભેંસના જાડા દૂધના ઉપયોગથી તેમની બુદ્ધિ પણ જાડી થવાની અને બ્રહ્મશ્ચર્ય પાળવાની જરૂર વિષે સારૂં વિવેચન કર્યું હતું. માત પિતાની ફરજો માટે શાસ્ત્રમાં પાનાં ને પાનાં ભર્યાં છે તે તરફ ઘણાં મા બાપો દુર્લક્ષ રાખે છે તે કહી પુત્રની ફરજને સદ્‌વર્તન લાવનારી કહી હતી. શાસ્ત્રનાં વચનોનું સત્ય, આચારમાં આપણે મુકતા નથી તે વર્ણવી સત્ય ટેક ગ્રહણ કરવાની ભલામણ કરી હતી અને તેમ થતાં આપોઆપ સદ્‌ગુણો આવશે એમ કહ્યું હતું. પાટીદારો આગળના વખતમાં દેવ તરીકે મનાતા હતા તેના કારણમાં ૨૫ વર્ષના પુત્ર સાથે ૧૬ વર્ષની પુત્રીનાં લગ્ન થતાં હતાં એમ કહી તેમ કરવામાં શ્રેષ્ટ પાટીદારનું લક્ષણ હોવાનું કહ્યું હતું. સાત્વિક ખોરાક લેવાની જરૂર અને જેમાં મરચાં, તીખા વ્યસનને પોષણ ગણાતા પદાર્થો તજવાની ભલામણ કરી હતી. છેવટે દેવપાટીદાર જેવા બનવા માટે તેમણે સઘળા ભાઇઓને ભલામણ કરી પોતાનું ભાષણ થોડાજ વખતમાં સમાપ્ત કર્યું હતું.

ત્યાર બાદ સબજેકટ કમીટીમાં પસાર થયેલા અને પોતા તરફથી રજુ થવાના ઠરાવો પૈકી પહેલો, બીજો અને ત્રીજો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો. સદ્‌ગત તંત્રીના મર્ણનો શોક પ્રદર્શિત કરનારો ચોથો ઠરાવ સભાના દરેક દરેક મેમ્બરોએ ઊભા થઇને અંતઃકરણની ઉંડી દીલગીરિ સાથે પસાર કર્યો હતો અને તેમના આત્માને શાંતિ મળે તે અર્થે પ્રાર્થના કરી હતી. જાહેર પ્રજામાં સાહિત્યનો શોખ ફેલાવી તેમનું જીવન ઉચ્ચ બનાવાના પારમાર્થિક ઉદ્દેશ માટે પ્રયત્ન કરતા પાટીદાર બંધુ અંબાલાલભાઇ અને દેશની તમામ પાટીદાર કોમને એકત્ર કરી તેમની ઉન્નતિ અર્થે સ્થપાયેલી કૂર્મી ક્ષત્રીય મહા સભાના સંચાલક બાબુ

રામાધિનસિંહના અકાળે થયેલા અવસાનનો શોક પ્રદર્શિત કરી તેમના આત્માને શાંતિ બક્ષવા માટે પ્રભુ પ્રાર્થના કરનારો પાંચમો ઠરાવ પણ સભાની ગમગીની વચ્ચે પસાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ૬ ઠ્ઠો ઠરાવ પાટીદાર જ્ઞાતિમાં રત્ન રૂપે પ્રકાસી રહેલા ભારતમાતાના સુપુત્ર ઑા. **વીઠ્ઠલભાઇ** પટેલ પોતાની બાહોશી ભરેલી કાર્ય દક્ષતાના પરિણામે ના. વૅાઇસરોયની ધારાસભામાં પ્રજા પક્ષના મેમ્બર તરિકે પસંદગી પામવાથી તેમને મુબારકબાદી આપવાનો પ્રમુખ સાહેબે રજુ કર્યો અને તે સભાની ખુશાલી વચ્ચે પસાર થયો હતો. સાતથી દશ સુધીના ઠરાવો પણ પ્રમુખ સાહેબ તરફથી રજુ થયા હતા અને સભામાં સર્વાનુંમતે પસાર થયેલા જાહેર થયા હતા. (આ એકકમાં પસાર થયેલા તમામ ઠરાવો ગયા અંકના પાને ૬૪ થી જોઇ લેવા.)

ઉપર મુજબના ઠરાવો પસાર થઇ રહ્યા બાદ બપોરના ૪ થી ૫ વાગ્યા સુધી સબજેકટ કમીટી અને ત્યાર બાદ સભાનું કામ શરૂ થવાનું પ્રમુખ સાહેબે જણાવ્યું હતું. સભા બરખાસ્ત થાય તે પહેલાં યુવક મંડળના સેક્રેટરી મી. માણેકલાલે તે સંસ્થાનો ઉદ્દેશ જણાવી બે થી ચાર વાગ્યા સુધી મંડળમાં તે સંસ્થાની બેઠક કરવાની તથા પ્રમુખ સાહેબ અને અન્ય મેમ્બરોને યુવકના કાર્યને ઉત્તેજન આપવા માટે પધારી તસ્દી લેવાની વિનંતી કરી હતી ત્યાર બાદ ૧૧ વાગે સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

બપોર પછી જમીને પરવાર્યા પછી સઘળા મેંમ્બરો આરામ લેતા હતા તે વખતે તાપનું જોર પણ અસાધારણ હતું. તોપણ પોતાનો પવિત્ર ઉદ્દેશ બર લાવવા માટે–વડીલોએ કરેલાં પાપોનું પ્રાયશ્ચિત કરવા તેમના પુત્રોને જાણે પ્રજ્વલિત અગ્નિમાંથી પ્રસાર થવાનું હોય તે પ્રમાણે અગ્નિ વર્ષાવતા તાપમાં આનંદથી હોમાતા આપણા યુવકો, પ્રસન્ન મુખાર્વિંદે પોતાના કાર્યમાં ઉદ્યુક્ત થયેલા નજરે પડતા હતા. યુવક મંડળ ખુલ્લુ જાહેર કરવા પુરતીજ તેમની આ બેઠક થવાની હતી અને તેનું પ્રમુખ સ્થાન સુપ્રસિદ્ધ દેશાઈ અમરસિંહજીને આપવા માટે યુવકોએ બનતો પ્રયાસ કર્યો હતો. પોતે તે નહીં સ્વીકારી શકવા માટે દીલગીરિ બતાવી તેમના કાર્યની ફત્તેહ ઇચ્છી દેશાઇજીએ કેટલીક સલાહ આપી હતી. તેમના કાર્યને ખુલ્લુ મુંકવા માટે તેમના અચળ સંકલ્પે દેશાઇજી જેવોજ બીજો પ્રેસીડેન્ટ બતાવ્યો. સઘળા યુવકોની પસંદગી મુંબઈવાળા નારણભાઈ મીસ્ત્રી ઉપર ઉતરી. અત્રે કહેવું જોઇએ કે તેમના શુભ કાર્યના મુહૂર્ત માટે યોગ્ય પ્રેસીડેન્ટ મેળવવા યુવક મંડળ ભાગ્યશાળી બન્યું છે.

યુવક મંડળનું કાર્ય જોવા જાણવાની દરેકની ઇચ્છા હતી પરંતુ કેટલાક અશકત મેમ્બરો તકડાના ત્રાસથી ઉતારા બહાર નીકળી શકયા નહોતા, જ્યારે લગભગ બસો જેટલી સંખ્યામાં સમાજના મેમ્બરોએ આ વીર પુત્રોને ઉત્તેજીત કરી કાર્ય પરાયણ જોવા માટે હાજરી આપી હતી. નક્કી કરેલા ટાઇમની એકે એક મીનીટ તેમણે સાચવી, મળેલા વખતનો સારો લાભ લીધો હતો. સદ્‌ગત શેઠ દ્વારકાદાસ અને તંત્રી ભાઈ પુરૂષોત્તમદાસના આત્માનું તેજ જાણે યુવક મંડળમાં વહેંચાઇ ગયું હોય તેવો દરેક અનુભવીને ભાસ થયો હતો. માત્ર દ્વારકાદાસ જેવા એકાદ ગર્ભશ્રીમંતની હાજરીનીજ ખામી હતી. બરાબર અઢી વાગે મીસ્ત્રી નારણભાઇએ પોતાના મિત્રો અને સમાજના અન્ય મેમ્બરો સાથે મંડળમાં

હાજરી આપી હતી. પ્રમુખ તરીકેની દરખાસ્ત પાસ થઈ રહ્યા બાદ તેમણે તે જગ્યા સ્વીકાર્યા પછી તેમને હારતોરા અર્પણ કરવામાં આવ્યા હતા. પ્રમુખ તરિકે યુવક મંડળને ઉત્તેજીત કરનારૂં તેમનું ભાષણ રસીક અને યુવકોના પુરૂષાર્થમાં ઉત્સાહ અને ઉમંગને પ્રેરે તેવું હતું. સમસ્ત જ્ઞાતિને જે પુત્રની ખોટ પડી છે તે જ્ઞાતિ ભક્ત સદ્‌ગત પુરૂષોત્તમદાસની છબી સમાજને ભેટ આપવા માટે યુવક મંડળે તૈયાર કરાવેલી તે યોગ્ય પ્રસંગે સમાજને અર્પણ કરવા પ્રમુખને સોંપવામાં આવી હતી. તે પ્રસંગના ઠરાવ વખતનો મંડપનો દેખાવ શોક ભર્યો થઇ ગયો હતો, હાજર રહેલા દરેકના ચ્હેરા ઉપર શોકનાં વાદળોનું અવર્ણનીય આવરણ છવાઇ રહ્યું હતું. હૃદયને પત્થર સમાન મજબૂત બનાવી મંદ અને તુટક વાણીથી તે કાર્યને જુજ વખતમાં આટોપી લેવામાં આવ્યું હતું. પોતાના આત્મા રૂપ ગુરૂસમાન વ્યક્તિની ખોટ યુવકોને જાણે સાલતી હોય અને તે નહીં સમજી શકનાર કિંવા સદ્‌ગતના મર્ણનો શોક નહીં પ્રદર્શિત કરનાર પ્રત્યે તિરષ્કાર બતાવાને ઉત્તેજીત થયા હોય તેમ પણ લાગતું હતું. તેમના અંતરની આ ઉંડી દાઝ યોગ્ય પ્રસંગને માટે છુપાવી રાખી શાંતિ અને ડહાપણથી કાર્યની સમાપ્તિ કરવામાં તેમણે યોગ્યજ કર્યું છે.* ગયા અંકમાં યુવક મંડળના કામકાજ વિષે પ્રસિદ્ધ થયેલો લેખ જેણે વધારે હકીકત જાણવી હોય તેણે જોઇ જવો.

યુવક મંડળની બેઠક ૪ વાગે ખલાસ થઇ હતી અને તેજ વખતે સબજેક્ટ કમીટી મંડપમાં મળવાની હતી. પરંતુ દે. અમરસિંહજીની તબીયત બીમાર હોવાને લીધે સ. કમીટીના મેમ્બરો તેમના ઉતારે આવ્યા હતા તે વખતે કમીટીની બેઠકમાં દેશાઇજી ભાગ લઈ શકે તે સ્થળે બેઠક રાખવાની ખબર પ્રમુખ સાહેબને મોકલવામાં આવતાં પોતે ખુશી થઈ સંમતિ દર્શાવી હતી જેથી સાડાચાર વાગે દેશાઇજીના ઉતારાના બીજા હોલમાં સ. કમીટી મળી હતી. આંક ૧૪ થી ૨૩ સુધીના ઠરાવો તે વખતે ઘડીકહાડી સબજેક્ટ કમીટીમાં પસાર કરવામાં આવ્યા હતા. મહામંડળ સંબંધી ૨૨ મા ઠરાવે કમીટીનો અરધો કલાક લીધો હતો અને તેમાં કમીટીના સઘળા મેમ્બરો અને દે. કાળીદાસભાઇ વચ્ચે નીચે મુજબ ટપાટપી થઇ હતી.

સેક્રેટરી તરફથી આ ઠરાવ રજુ થતાં દે. કાળીદાસભાઇએ જણાવ્યું કે–" મહામંડળ એક ખાનગી સંસ્થા છે, તે તમારી સુચના મુજબ ચાલવા બંધાયેલી નથી. અને તેના કાર્યની ટીકા કરવાનો આપણને અધિકાર નથી." આ હકીકતનો ઇનકાર કરતાં સઘળા મેમ્બરો કાળીદાસભાઇના વાંધાનો જવાબ આપવા લાગ્યા પરંતુ પ્રમુખ સાહેબે તેમ થતું અટકાવી જણાવ્યું કે–આપણે કોઇની ટીકા કરવા માગતા નથી, એક પ્રકારની આતો ભલામણ છે એને તેમ કરવામાં આપણે કાંઇ ખોટું કરતા નથી.

દે. અમરસિંહજી અને મી. કેશવલાલ વકીલે જણાવ્યું " આપણે મહામંડળને હુકમ કરતા નથી અને તેમ કરવાની સત્તા પણ નથી પરંતુ આતો વિનંતી કરવા જેવો ઠરાવ

---

* જેને હૃદય છે તેઓ લાગણીને જાણી કદર કરી શકે છે, જેને અનુભવ છે તેઓ પ્રસંગને ઓળખી શકે છે, જેને બેમાંનું એકે નથી તે કોઇને ઉપયોગી નથી, તેનું જીવન તદ્દન નિઃરસ–રૂક્ષ અને શુષ્ક—હોય છે. એટલે સહૃદય પુરૂષોએ ગરમ નહીં થતાં પુરૂષાર્થને વળગી રહી, સમયની રાહ જોઈ, સંયોગોને અનુકૂળ બનાવવા પ્રયત્ન કરવો વધારે ઇષ્ટ છે. તંત્રી.

છે અને ભલામણ રૂપે આપણે લાવી શકીએ. આ સમાજે મહામંડળના ફંડમાં પૈસા આપ્યા છે એ પણ ઠરાવ લાવી શકાય તેવું કારણ છે."

પ્રો. જેઠાલાલભાઇએ તે વખતે બોર્ડીંગની વ્યવસ્થા અને વહીવટ વિષે પોતાનો અનુભવ કહેતાં જણાવ્યું કે "આ ઠરાવ કરી મહામંડળના દરેક મેમ્બરોની જાણપર આ હકીકત લાવવાની જરૂર છે. કારણ જેઓ વ્યવસ્થાપક અને બોર્ડિંગ કમીટીનું કામ કરે છે તે તો બધું જાણે છે, છોકરાઓની વ્યાજબી ફર્યાદોનો યોગ્ય ન્યાય થતો નથી." વગેરે. એક મેમ્બરે જણાવ્યું "મહામંડળ જેવી સંસ્થાને કાંઇ પુછવામાં આવે તો કોઇ જવાબ પણ આપતું નથી. જ્ઞાતિના જુદા જુદા ભાગના બંધુઓના છોકરા માટે મહામંડળ તરફથી કંઇ થઇ શકસે કે નહીં એ કેમ જાણવું?"

સઘળી દલીલોના જવાબમાં દે. કાળીદાસભાઇએ જણાવ્યું "કોઇ માણસ ધર્મશાળા બંધાવે અને તેનો ગમે તેવો વહીવટ કરે તેમાં બીજાને માંથું મારવાનો શો હક્ક છે? તેને હક્ક નથી તે પ્રમાણે મહામંડળ રજીષ્ટર અને ખાનગી સંસ્થા છે તે વિષે આપણે આવો ઠરાવ લાવી શકીએ નહી"

મી. મગનભાઈ એન્જીનીઅરે સઘળા ભાઇઓને શાંત કરતાં જણાવ્યું "આ ઠરાવ જે આવે છે તે અસલના લખાણ કરતાં બની શકે તેટલો નમ્ર કર્યો છે. એમ કહી પહેલાંનો નમુનો—ડ્રાફ્ટ જે સખત હતો તે જોરથી વાંચી સંભળાવ્યો હતો અને જણાવ્યું કે કાળીદાસભાઇની કંઇક સમજ ફેર થતી લાગે છે. કોઇ સંસ્થા ભલે રજીષ્ટર હોય પણ જ્ઞાતિહીત કરવાનું તે માન ધરાવતી હોય તો તેની વ્યાજબી ટીકા કરવાનો દરેકને હક્ક છે, તો આ સમાજ જેવી જ્ઞાતિના પ્રતિનીધિઓની સભા આવો ઠરાવ કરી શકે તેમાં કાંઇ નવાઇ નથી. કરવોજ જોઇએ. કાર્ય વાહકનું ખાનગી માન અને કોઇ સંસ્થાના અધિષ્ટાતા તરિકેનો સંબંધ એ બેઉ એકત્રિત થાય ત્યારે આવી દલીલો લાવવાનું કારણ બને છે, પરંતુ જ્ઞાતિહીતને લક્ષમાં રાખી કોઇપણ કાર્યવાહકનું જ્ઞાતિહીતનું કાર્ય વ્યાજબી ટીકાને પાત્ર છે. વિદ્યાવૃદ્ધિ અને ખેતીવાડીના સવાલો તે સંસ્થાએ હાથ ધર્યા છે, અને આ સમાજે પોતાના માથેથી બોજો ઓછો થાય છે એમ સમજી તેની પાસે ફંડ થવા દીધું છે. સંસ્થા ભલે રજીષ્ટર હોય પણ જ્યાં સુધી તેના નેતાઓ, સહાયકો વગેરે પોતાની આ ખાનગી પેઢી છે એવુ જાહેર રીતે કહે નહીં ત્યાં સુધી આપણે કાળીદાસભાઇની દલીલ સ્વીકારવાથી મહામંડળમાં નાણાં આપનારાઓ માટે ખોટો અભિપ્રાય બાંધીએ છીએ એમ મારૂં માનવું છે." એક મેમ્બરે કહ્યું—જો મહામંડળ જેવી સંસ્થાના કામ વિષે આવો ઠરાવ લાવી શકાય નહિં તો જે ગૃહસ્થો પોતાના બાપની પાછળ ગાંડના પૈસા ખર્ચ કરી કારજવરા કરે છે તેમની ટીકા કે તે બંધ કરવાના ઠરાવો કરવાનો ઠરાવ આ સમાજ કયા હક્કથી કરી શકે છે તે કાળીદાસભાઈ જણાવશે કે?

આ સઘળી વાત શાંત કરતાં દે. અમરસિંહજીએ કહ્યું—આ ઠરાવ કાંઇ ટીકા નથી આતો વિનંતી કરવા જેવી ભાષા છે, હક્ક કે ના હક્કની આમાં તકરાર નથી, બધા ઠરાવો અત્યાર સુધી સર્વાનુમતે પાસ થાય છે તેમ અત્યારે થાય તો સારૂં.

દે. કાળીદાસભાઇએ ઠરાવ પ્રત્યે પોતાની સંમતિ આપવાથી તકરારનો ડહાપણ ભરેલો

નિવેડો આવી ગયો અને કમીટીમાં તે ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો અને સાડાપાંચ વાગે આ કમીટી બરખાસ્ત થતાં બેઠકનું કાર્ય શરૂ થયું હતું.

પ્રમુખ સાહેબે પોતાની બેઠક લીધા પછી મંગળાચરણ થઇ રહ્યા બાદ બાળલગ્ન નહીં કરવા વિષેનો ૧૧ મો ઠરાવ પ્રૉ. જેઠાલાલભાઇએ રજુ કરતાં જણાવ્યું.—

દરેક જણે ગૃહસ્થાશ્રમી થવું જોઇએ. અન્ય જ્ઞાતિઓ અને આપણે ગૃહસ્થાશ્રમમાં જોડાઇએ છીએ તેમાં ઘણો ફેર છે. આપણામાં દર દશ વર્ષે એકજ વખત ગૃહસ્થાશ્રમનું દ્વાર ખુલતું હતું એ કેટલું બધું નુકસાન કારક ગણાય ? અમારા શહેરમાં એક બાઈ કહેતી હતી કે (દીકરી બાળક છે માટે) મારે તો છોડી નથી પરણાવવી અત્યારથી તે કોણ તાવ લાવે ! બાળલગ્નનું દુઃખ જોઇને શહેરના લોકોએ એક સિદ્ધાંત પકડી લીધો છે કે છોકરા પરણાવવા અને છોડીઓ કુંવારી રાખવી ! ન પરણાવવાથી વશ (?) કન્યા કહેવાય માટે ફુલના દડાનો રિવાજ આખિ જ્ઞાતિમાં પડી ગયો છે. સારો લાયક વર અને ઘર જોઈ મોટી થાય ત્યારે ફુલના દડાની કન્યાનો સંબંધ કરવામાં આવે છે, અમારા શહેરમાં તેને ઠામ બેસાડી એવું કહે છે. આ રિવાજથી એટલું ખુલ્લુ સમજાય છે કે મોટી ઉંમરે કન્યાનો સંબંધ કરવાના ફાયદા શહેરના લોકો કયારના સમજી ગયા છે. વળી કન્યાના પૈસા જેને લેવા છે તેને વિવાહમાં છોડી પરણાવાની વાત કરશો તો તેને જરૂર તાવ ચઢશે. કન્યા ન પરણાવે અને છોકરા પરણાવાય તો જરૂર કન્યાવિક્રય થાયજ, એટલા માટે છોકરાના બાપે પણ ધીરજ રાખી તેને ભણાવીને મોટો થાય ત્યારે પરણાવવો જોઇએ. કન્યા મોટી થયા પછી તેના માટે કયો વર ઇષ્ટ છે તે શોધીને સંબંધો થશે ત્યારેજ આપણાં દુઃખોનો અંત આવસે. આ ઠરાવનો આશય એવો છે કે નાનાં બાળકો નહીં પરણાવતાં ધર્મ શાસ્ત્રોની આજ્ઞા મુજબ વરકન્યાની લાયકાત જોઇ યોગ્ય ઉંમરે પરણાવવાં. તેમ કરવાથી બાળલગ્નનો કાયદો પણ સચવાસે, ત્યારેજ તમારા બાળકોનું કલ્યાણ થશે, ક્ષય વગેરે જાતના રોગોનો ભોગ થતાં અટકશે. (જર્મન સરદાર) વૉન. હીડન્બર્ગ સને ૧૮૭૧ માં ફ્રાન્સ સાથે લડયો હતો આજે તે જીવતો છે અને રાજધુરાનું વહન કરે છે. લૉર્ડ એસ્કવીથ વૃદ્ધ છતાં રાજકારભાર ચલાવી શકે છે. આનું કારણ તેઓ યોગ્ય ઉંમરે પરણેલા છે. તેમનામાં લાયકાત મેળવ્યા પછી લગ્ન થઈ શકે છે. કન્યા અને વર બંને લાયક થયા સિવાય લગ્નની ગાંઠથી જોડવાં નહિ. આ વખતે લગભગ ૮૦ ટકા જેટલી કન્યાઓ કુંવારી રહી છે તે પ્રમાણે છોકરાઓને પણ કુંવારા રાખવા જોઇએ, અને તેમ થવાથી જ્ઞાતિ અને દેશની સ્થીતી સુધારી શકીશું. મોક્ષ મેળવવા માટે પણ તેમ થવાની જરૂર છે માટે જૂની રૂઢીનું બંધન જે તુટી ગયું છે તે ફરીથી ચાલુ થવા પામે નહીં તે માટે આપણાથી બની શકે તેટલું કરવું અને કરાવવું એ મારી સઘળા ભાઇઓને વિનંતી છે. આ ઠરાવને ટેકો આપતાં—

મીસ્ત્રી નારણભાઇએ ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે, બાળલગ્નને આખી દુનિયાં ધિક્કારે છે એટલે તેના વિરૂદ્ધ જેટલું બોલીએ તેટલું થોડું છે. અન્ય જ્ઞાતિઓમાં તો ૧૪–૧૫ વર્ષના બાળકનાં લગ્નને બાળલગ્ન કહેવામાં આવે છે ત્યારે આપણાં બાળલગ્નને કયા પ્રકારનાં બાળલગ્ન કહેવાં જોઇએ ? કેટલાક સ્વાર્થસાધુ કહે છે કે આપણામાં તે પરાપૂર્વથી ચાલ્યું આવે છે ! હું નાનો હતો ત્યારે અને આજથી બાર પંદર વર્ષ પહેલાં, એમજ સમ-

જતો કે માતાજી આપે છે ત્યારેજ લગ્ન થાય છે. પણ જ્યારે તપાસ કરેલી ત્યારે માલૂમ પડ્યું કે માત્ર ઊંઝાના પટેલો અને અમદાવાદના કેટલાક સ્વાર્થી લોકો લગ્ન કરવાની વાત ફેલાવે છે અને પકડી રાખે છે. આ વિષય ઘણો ચર્ચાયો છે એટલે તે સઘળું પિષ્ટપેષણ જેવુંજ મને તો લાગે છે.

રૂપાલવાળા પા. મગનલાલ રઘુભાઇએ ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે પ્રથમતો પ્લેગ જેવા ભયંકર રોગમાંથી બચી જ્ઞાતિહીતનાં કાર્યમાં જોડાવા અત્રે એકત્ર થઈ શકયા છીએ તે માટે પ્રભુપ્રાર્થના કરવી જોઇએ. બાળલગ્ન જેવા કુધારા જ્ઞાતિમાંથી દુર કરવા મળ્યા છીએ, તેનાથી આપણને ઘણુંજ નુકસાન થયું છે. વિદ્યા પ્રાપ્ત થઇ શકતી નથી તેમજ શરીરની જે મુખ્ય કેળવણી તે બાળલગ્ન નહીં કરવાથીજ પ્રાપ્ત થાય છે. અત્રે તે વિષે આપણે કહીએ છીએ તેમ વર્તવાથીજ જલદી ફાયદા થશે માટે બાળલગ્ન નહીં કરવાનો અવસ્ય વિચાર કરવો જોઇએ. ખેતીવાડીમાં બળની જરૂર પડે છે. મારા એક મુરબ્બીએ બાળલગ્નથી નહીં પરણનાર કાબલીનો દાખલો આપ્યો હતો કે જેણે પાંચ છ આદમીને એકલાએ ફેંકી દીધા હતા. આપણે તેને નથી પહોંચી શકતા અને ડરી જઇએ છીએ તેનું કારણ આપણામાં થતાં બાળલગ્ન છે.

તરસાળીવાળા પા. જેઠાભાઈ વનમાળીદાસે વિ. અનુમોદન આપતાં જણાવ્યું કે આપણામાં ૨૫ વરકન્યા પરણે તેમાં ભાગ્યેજ ૭–૮ જીવતાં રહે છે. બાકીનાં જોડાં ખંડિત થવાથી જ્ઞાતિમાં કુસંપ અને અધર્મનો ફેલાવો થાય છે. છુટાં લગ્નથી ખર્ચ વધી જવાની કેટલાક વાતો કરે છે તે હું માનતો નથી. એક વખતે ચીજોની સામટી ગરજ ઉભી થાય અને ગરાગ ઘણાં હોય તો કીંમત પણ વધી જાયજ. વળી બાળલગ્નમાં જે લ્હાવા અધુરા રહી જાય છે તે આણાં, પિયાણાં અને પુંખણાંમાં લેવાય છે તેનો અને ખંડિત જોડાં થાય છે તે ખર્ચ નકામો જવાથી નવો ખર્ચ કરવો પડે છે એટલે ખર્ચ વધી જવાની વાત ખોટી છે પણ એક તારીખની પ્રથાથી ઊલટો વધારે ખર્ચ થાય છે. લગ્ન માતાજી તરફથી નહીં પણ પાટલાવાળા તરફથી નીકળે છે તે દરેક બંધુએ વિસરવું નહીં તેનો ખાસ વિચાર કરી આ નુકાસાનકારક રુઢીનું તેઓ જે બંધન રાખવા માગે છે તેમાંથી મુક્ત થવું. સરઢવ વાળા પા. છગનલાલે આ ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે પ્રથમના વખતમાં તો ૧૮–૧૯ વર્ષે કન્યાને વળાવતા એમ અમારા ઘરડા કહેતા. વરકન્યા ઘણું જીવતાં. એક વખત કહે કે અમારી જાન ઝાલાવાડમાં ગયેલી ત્યારે હજામ તેલ લેવા ગયો તેને તેમણે પુછ્યું કે, “તેલ કોના વાસ્તે જોઇએ છીએ”? હજામે જણાવ્યું પટેલો વાસ્તે. ફરીથી પુછ્યું કે પટેલો તે બેઠા છે કે ઊભા છે? મતલબ કે તે વખતના આપણા વડીલો એવા કદાવર હતા કે બેઠેલા ઊભા જેવા જણાતા. અત્યારે આપણું બાળક કે જેના હાથે આપણો ઉદ્ધાર કરાવવો છે તેની કીંમત આપણે ભેંસ જેટલી પણ માનતા નથી. ગામડાના લોકો વિષે એક એવો અનુભવ છે કે–સાસુઓ કહે છે કે–વહુ રાંડ છોકરાને હબાવે છે! છોકરાને ગણતી નથી! છોકરૂં ઇહકે પડયું છે!! ભાઇઓ! એ શું ખરૂં નથી? જો ખરૂં છે તો જરૂર આ રિવાજને સદંતર નાબુદ કરો. (તાળીઓ)

અમદાવાદવાળા પા. સોમનાથભાઇ હરગોવીંદદાસે જણાવ્યું કે–છોકરાને બાળપણમાં પરણાવાથીજ વેવઇશાળ થઇ જાય છે એ વાત ખોટી છે. બીજી જ્ઞાતિનાં બાળકો કેમ

કુંવારાં રહેતાં નથી ? ખર્ચની બાબતનો હિસાબ સમજાવી જૂના રિવાજથી વધારે થઇ જવાનું સમજાવ્યું હતું. આખી જ્ઞાતિનાં છોકરાંને સાથે પરણાવાથી સારૂ ખોટું જોવાતું નથી, દશ પરણે તેમાં બેજ જીવે છે ! છોકરા છોડીની ઉંમર જોઇને કદાચ સંબંધ કર્યો હોય તો પણ ઉકરડી (કન્યા)ને વધતાં વાર લાગતી નથી એવું કહેવાય છે તે તદ્દન સાચું છે એટલે દરેકે દરેક કજોડાં થાય છે. કેટલીક વખત છોકરો ઠળીઆ જેવડો હોવાથી કન્યાનો બાપ વોળાવતો નથી. છુટકાના કેસો બને છે તેમાં ૫૦૦—૭૦૦ ખર્ચ થાય છે. આ બધુ સમજવા છતાં મુકી દેવાયું નથી, હવે માર્ગ ખુલ્લો થયો છે એટલે લોકો મુંકી દેશેજ.

ઉપર પ્રમાણે રજુઆત અને અનુમોદનો થતાં સર્વાનુંમતે ઠરાવ પસાર થયો હતો. ઠરાવ ૧૨ મો પ્રમુખ સાહેબે રજુ કર્યો હતો તે પણ પાસ થઇ ગયો ત્યાર બાદ ઠરાવ ૧૩ મો બાળલગ્નના કાયદાના ક અપવાદમાંથી આપણને દુર કરવાનો સેરથાવાળા પા. નાથાલાલ છગનલાલે રજુ કર્યો જેને સરઢવના પા. છગનલાલ, પાદરાના પા. તુળજાભાઇ તથા ગણપતપુરાના પા. બેચરભાઇ તેમજ તરસાળીવાળા ઇશ્વરભાઇએ નીચે પ્રમાણે કવિતા ગાઇને અનુમોદનો આપ્યા બાદ સર્વાનુંમતે પસાર થયો હતો.

બાળલગ્નનો નઠારો રિવાજ તજવા વિષે.

ફાગણ સુદ પુનમની હોળી, સળગાવે હીંદુ સંસાર,
તેથી હોળીયો અધિક સળગે, સ્વ જ્ઞાતિમાં ભભકાદાર;
બારે વરશે લગ્નજ થાતાં, જુઓ ચૉરી એ ખેલ અપાર,
અરે હાય કડવા જ્ઞાતિમાં, આ હોળી પણ અપરમપાર. ૧

બાર માસની કન્યા સાથે, ચાર માસનો પરણે કંથ,
માત પીતા તો લ્હાવો લેવા, તન મનથી રાખે છે ખંત;
પછી કજોડાં પુરાં કરીને, કુસંપથી ચલવે વ્યવહાર,
અરે હાય કડવા જ્ઞાતિમાં, આ હોળી પણ અપરમપાર. ૨

બારમાસનાં બેટા બેટી, પરણાવા મન હરખ અપાર,
રોગી મુરખ વયતવ જોતાં, કજોડુ કરવામાં અતી પ્યાર;
ભલે બિચારી દૂખી થાયે, ઘરમાં હોય ન અન્ન લગાર,
અરે હાય કડવા જ્ઞાતિમાં, આ હોળી પણ અપરમપાર. ૩

નવ જુએ કરણી કે રહેણી, વિદ્યા વય કે ગુણ લગાર,
બહેરો મુગો લુલો હોયે, કાંણો કે વળી અંધો સાર;
કુળવંતા કહેવાતા વરને, કન્યા આપે તાત ગમાર.
અરે હાય કડવા જ્ઞાતિમાં, આ હોળી પણ અપરમપાર. ૪

હોળી ટાળી કરો દીવાળી, જોવા ઇચ્છો જ્ઞાતિ ભ્રાત,
દુષ્ટ રિવાજો દૂર કરીને, ધર્મનીતિને ધારો હાથ;
સમય આવ્યો છે સમજો બંધુ, સુ–ધારાનો રાખો શોખ,
હવે પટેલો કૃપા કરીને, ચિત્તમાં સહુ ધરજો સદ્બોધ. ૫

ઈ. મ. તરસાળી.

દીવાબત્તીનો વખત થઇ જતાં સભા બરખાસ્ત થયેલી જાહેર કરવામાં આવી હતી. સ્ત્રીવર્ગની હાજરી આખ્યાન સાંભળવાની જીજ્ઞાસાથી ચાલુજ રહી હતી. પરંતુ આખ્યાનકાર દેશાઈજીની તબીઅત નાદુરસ્ત હોવાને લીધે આખ્યાન કરવાનું બની શક્યું નહોતું. કોઇ પણ માણસ દ્વારા આખ્યાન કરાવાની સ્ત્રી વર્ગની જીજ્ઞાસા રોકી શકાય તેમ નહીં હોવાથી "મહાલક્ષ્મીના મહાકષ્ટ"નું આખ્યાન રાત્રે થશે એવા શબ્દો પ્રમુખ સાહેબે કહી દેવાથી ખુશાલી ભરેલા ચ્હેરે સ્ત્રી અને પુરૂષવર્ગે વાળુ કરી તરતજ મંડપમાં હાજરી આપી હતી.

અમરસિંહજીની તબીઅત નાદુરસ્ત હોવાથી તેમણે યુવક મંડળના સેક્રેટરી મી. માણેકલાલને આખ્યાન કરવા આગ્રહ પૂર્વક ફરમાવ્યાથી પોતાને તે વિષેનો કાંઇ અનુભવ નહીં હોવા છતાં સ્વીકાર્યું હતું. રાત્રે નવ વાગ્યા પછી તેમણે આખ્યાનની શરૂઆત કરી પહેલા ભાગનો પૂર્વરંગ સમાપ્ત કર્યો હતો. અને તેજ વખતે આખ્યાનકાર દેશાઇજી પોતાની તબીઅત નાદુરસ્ત છતાં મી. માણેકલાલનું કામ જોવા અને ઘણાભાગે બે દિવસ થયાં ઉતારામાંથી બહાર નીકળ્યા નહીં હોવાથી જ્ઞાતિનાં દર્શન કરવાની ખાસ જીજ્ઞાસાથી ધીરે ધીરે મંડપમાં આવ્યા હતા. તેમને મંડપમાં આવતાંજ શ્રી ઉમિયા માતાની જય બોલાવી સઘળા મેમ્બરોએ ઊભા થઇ તેમનું સ્વાગત કર્યું હતું. અને બની શકે તો બેઠે બેઠે શાંતિથી પોતાની વાણીનો લાભ આપવા વિનંતી કરી હતી. સ્ત્રી અને પુરૂષ વર્ગની ઇચ્છાને આધીન થઇ પોતે આખ્યાન શરૂ કર્યું હતું. તેમની વાણીમાં અમૃત ઝરતું જોઇ રાતના બાર વાગ્યા સુધી સઘળાંએ પુરૂ સાંભળ્યું હતું અને ઉત્તરાર્ધનો બીજો ભાગ પણ કહી બતાવી વાણીનો લાભ આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરી હતી.

તા. ૨૦ મીનો ત્રીજો દિવસ.

સમાજની બેઠકના બે દિવસો ચાલ્યા જવા છતાં કેટલાક અગત્યના ઠરાવો રહી ન જાય તે માટે ત્રીજા દિવસે સવારના ૭ થી ૮ વાગ્યા સુધી સબજેક્ટ કમીટીની બેઠક રાખી ત્યાર બાદ સભા ભરવાનું ઠર્યું હતું. તે પ્રમાણે સવારના સાડાસાત વાગે સ. કમીટીએ પોતાનું કાર્ય શરૂ કર્યું હતું અને ૨૪ થી ૨૭ સુધીના ઠરાવો પસાર કર્યા હતા. પહેલા ત્રણ ઠરાવોની ઉપયોગીતા મી. મગનભાઇએ જણાવ્યા બાદ સમાજની પેટા સંસ્થાઓ સ્થાપી સંસ્થાના નિભાવ અર્થે જ્ઞાતિના વિસ્તાર પ્રમાણે વિભાગોદ્વારા પેટા સંસ્થાઓ સ્થાપી રકમો વસુલ લેવા માટે ચોથો ઠરાવ ચર્ચાયો હતો. ઝાલાવાડ, ગોહિલવાડ, દશકોશી ભાલ એ ત્રણે વિભાગના નિમાયેલા જો. સેક્રેટરીઓ હાજર નહોતા. પરંતુ સમાજનાં કાર્ય પ્રત્યે અત્યાર સુધી તેમણે કાળજી રાખી જ્ઞાતિ સેવામાં ભાગ લીધેલો છે તે ભરોપાપર તેમનેજ નિમવાનો કમીટીના મેમ્બરોનો મત થવાથી તેમનાં નામ પસંદ કરવામાં આવ્યાં હતાં. ગરીબ બધુંઓને ખર્ચનો બોજો ઓછો થાય અને જ્ઞાતિમત વિશેષ પ્રમાણમાં કેળવાય અને આ સંસ્થાનો ઉદ્દેશ ત્વરાએ બર આવે તે ખાતર આ ઠરાવ લાવી જ્ઞાતિહીતનું કાર્ય વહેંચી નાંખવાની યોજના દે. અમરસિંહજી વગેરે તરફથી ઘડવામાં આવી હતી જે કમીટીના દરેક મેમ્બરોની પસંદગી પામી હતી, વિભાગ પર હાજર રહેલા મેમ્બરોની માગણી પ્રમાણે જો. સેક્રેટરીઓનાં નામો પસંદ કરવામાં આવ્યાં હતાં તે સિવાયના તે તે ભાગના દરેક બંધુઓએ પોતાથી બનતી દરેક મદદ જો. સેક્રેટરીને આપવાની કબુલત આપી હતી.

આ અગત્યનો ઠરાવ લાંબા વખત સુધી સારી રીતે ચર્ચાયો હતો અને લાંબી વાટાઘાટ પછી સ. કમીટીમાં સર્વાનુમતે પસાર થયો હતો

ત્યારબાદ સાડાનવ વાગે સભામંડપમાં સઘળા ભાઇઓએ હાજરી આપી હતી અને બેઠકનું કાર્ય શરૂ થતાં એક ઉપર બીજી સ્ત્રી નહીં કરવાનો ૧૪ મો ઠરાવ રા. ત્રીકમલાલ દલપતરામે રજુ કરતાં, લગ્નની મહત્તા સમજાવી સ્ત્રીઓમાં કેવા પ્રકારના ગુણો હોવા જોઇએ તેનાં દૃષ્ટાંતો આપ્યાં હતાં. તેમજ પુત્ર પણ કુળનું નામ રાખે તેવો હોવાની જરૂર કહી હતી. અમદાવાદમાં રાગ દ્વેષ યુક્ત કારણોને લઇ એક ઉપર બીજી લાવવાના દાખલા કેવી રીતે બને છે અને કન્યાઓ કેવી દુઃખી થાય છે તેનો સારો ચિતાર આપ્યો હતો અને છેવટે ખાસ જરૂર હોય ત્યારેજ સ્ત્રીની ૩૦ વર્ષની ઉંમર થઇ ગયા બાદ બીજી સ્ત્રી કરવા વિષેનો આ ઠરાવ સમજાવ્યો હતો. તેમણે પ્રાચીનકાળનાં સ્ત્રી અને પુરૂષ પાત્રોના દાખલા આપી શ્રોતાઓના મન ઊપર સારી અસર કરી હતી. ત્યારબાદ કેળીયા વાસણાવાળા પા. મણીલાલે આ ઠરાવને ટેકો આપ્યાબાદ સર્વાનુમને પસાર થયેલો પ્રમુખ સાહેબે જાહેર કર્યો હતો. તેજ પ્રમાણે છેડા છુટકાનો અધર્મ યુકત રિવાજ નાબુદ કરવાનો ૧૫ મો ઠરાવ સેરથાવાળા. પા. નાથાલાલે રજુ કર્યો હતો. જેને શ્રીયુત્ ચંદુલાલ દેશાઇએ અનુમોદન આપતાં સર્વાનુમતે પસાર થયો હતો. કન્યા વિક્રયનો પાપી રિવાજ હોય ત્યાંથી નાબુદ કરવાનો ૧૬ મો ઠરાવ સરઢવવાળા છગનલાલભાઇએ રજુ કર્યો હતો જેને પા. ચુનીલાલ મગનલાલે ટેકો આપ્યા બાદ પસાર થયો હતો. ઉપર પ્રમાણે બંને ઠરાવ રજુ કરી ટેકો આપનાર બંધુઓએ મુદ્દાસર અસરકારક વિવેચન કર્યું હતું. ઠરાવ ૧૭ મો પ્રમુખ સાહેબે રજુ કર્યો હતો અને પાસ થઇ ગયાબાદ ૧૮ મો કેળવણીને લગતો ઠરાવ સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રો. જેઠાલાલભાઇએ રજુ કરતાં નીચે પ્રણાણે વિવેચન કર્યું હતું—

બાળક પાંચ છ વર્ષનું થયા પછીનો બાલ્યાવસ્થાનો વખત જીંદગી ગુજારવાની તૈયારી કરવાનો હોય છે અને તે વખતના સદુપયોગથી જીંદગી સફળ બનાવી શકાય છે. આજે જેઓ ઉન્નતિને પહોંચ્યા છે તેમણે બાલ્યાવસ્થામાં બાળકોને કેળવણીજ આપવાનો ઠરાવ કર્યો છે. આજે જાપાન સુધરેલા દેશ તરિકે પ્રખ્યાત થયો છે. કારણ ત્યાં કોઇ અભણ નથી. અભણ પુરૂષો વિદ્યાના લાભ સમજી શકતા નથી. જે માબાપો છોકરાંને અભણ રાખે છે તે તેમનાં વેરી સમાન ગણાય છે માટે પુત્ર પુત્રીઓને જરૂર કેળવવી જ જોઇએ. આગળના રૂષિઓ મફત ભણાવતા તે સમય અત્યારે નથી માટે તે સારૂ એક મોટા ફંડની જરૂર છે. બુદ્ધિ અને કેળવણીની બાબતમાં અત્યાર સુધી આપણી કોમે દેશમાં કાંઇ હિસ્સો લીધો નથી એ ઘણુંજ પછાત પાડનારૂં અને જ્ઞાતિને શરમાવનારૂં છે, હજારો અફસોસની વાત છે. પ્રથમ છોકરાંઓને ભણાવો અને પછી પરણાવો તોજ જ્ઞાતિ સુખી થશે. મહામંડળની સંસ્થા ઘણીજ નજીવી છે તે નાની રકમ ખર્ચ કરવાનું બજેટ પાસ કરે છે. સાધનના અભાવે ઘણા લાયક અને બુધિશાળી વિદ્યાર્થિઓ અટકી પડયા છે. ત્યારબાદ સારૂં મોટું ફંડ કરી ઉચ્ચ આશયો રાખવાની જરૂર સમજાવી હતી. આ ઠરાવને પા. ચુનીલાલ મગનલાલ, લલુભાઈ અને સામળભાઇએ અનુમોદન આપતાં સર્વાનુમતે પસાર થયેલો પ્રમુખ સાહેબે જાહેર કર્યો હતો. દરેક ટેકો આપનારાએ વિષયને સારી રીતે સમજાવી કેળવણી આપવાની બાળક તેમજ બાળકીઓને સરખી જરૂર સમજાવી હતી. જમવાનો વખત

થવાથી મીટીંગ બરખાસ્ત કરતાં પ્રમુખે બપોરના અઢીવાગે સ. કમીટી રાખી ત્યારબાદ સભા ભરાવાનું જણાવ્યું હતું.

સ. કમીટી ૪ વાગે થઇ શકી હતી અને તેમાં બાકી રહેલા ૨૮ થી ૩૮ સુધીના ઠરાવો ઘડી કહાડવામાં આવ્યા હતા. સંસ્થાનું કાર્યવાહક મંડળ ઠરાવાનો ૨૯ મો ઠરાવ સારો ચર્ચાયો હતો. પ્રૉ. જેઠાલાલભાઇએ માસિકમાં એક ફરમા જેટલું લખાણ દરમાસે લખી મોકલવાનો સ્વીકાર કરતાં તેનું અધિપતિ અને પ્રકાશકપણું રા. મોતીલાલભાઇએ કબુલ રાખ્યું હતું અને તેમની મજુરીથી રા. મગનભાઈ એન્જીનીઅરે તંત્રીનું કાર્ય કરવા હા કહી હતી. સમાજનો જનરલ સેક્રેટરી ખાસ લાગણીવાળો અને અંગ્રેજી ભણેલો અને મહબ્બા વાળો હોવાની જરૂર કમીટીને લાગવાથી તે માટે કું. લાલસિંહજીભાઇને વિનવવામાં આવ્યું હતું. તે વખતે સેક્રેટરી શબ્દને બદલે તેમના માટે ખાસ બીજા શબ્દો રાખવાનો વિચાર કર્યો હતો પરંતુ લાલસિંહજીભાઇએ તે વાતનો અસ્વીકાર કરવાથી સઘળા મેમ્બરોની ઇચ્છાથી મી. કેસવલાલભાઈ વકીલે આ અગત્યની જગ્યાનો સ્વીકાર કર્યો હતો. તેમના કામમાં મદદ કરવા એ. સેક્રેટરી તરીકે શેઠ મફાભાઇનું નામ ઘણા મેમ્બરોએ સુચવવાથી તેમને પસંદ કરી તેમના માંથે નખાય તેટલો બોજો નાંખવામાં આવ્યો છે એમ અત્રે કહેવું જોઇએ. બહુ મોટું વ્યવસ્થાપક મંડળ રાખવાથી કામમાં મુસ્કેલી આવવાનો અનુભવ થવાથી આગળનું વ્ય. મંડળ બરખાસ્ત કરી નવું વ્ય. મંડળ નિમાયું હતું. દે. કાળીદાસભાઇની ઓડીટર તરિકે નિમણોક કરતાં વ્યવસ્થાપક મંડળમાં જરૂર જણાવાથી અને તેમની માગણીથી મી. દલપતરામને ઑડીટર તરીકે રાખી તેમને વ્ય. મંડળમાં રાખ્યા હતા. કાર્યવાહકોને કામની સરળતા રહે તે ખાતર શેઠ દુર્ગાપ્રસાદની જગ્યાએ શેઠ ગોરધનભાઇને ટ્રેઝરર તરિકે પસંદ કર્યા હતા. ત્યાર પછીના ઠરાવમાં સદ્ગત તંત્રીનું સ્મારક કરવાનો ઠરાવ લાવવાની જરૂર દરેક મેમ્બરોએ જુદા જુદા રૂપે જણાવ્યાથી તે માટે કમીટી નીમવામાં આવી હતી. કામની ઉતાવળ રાખવા છતાં સાડાપાંચ વાગે સ. કમીટીનું કાર્ય પૂર્ણ થતાં સભાની બેઠક થઇ હતી.

મરણુ પાછળનો ૧૯ મો ઠરાવ દે. કાળીદાસભાઇએ રજુ કર્યો હતો જેને તુળજાભાઈ, જેઠાભાઈ, છગનલાલભાઈ અને નારણભાઇ મીસ્ત્રીએ અનુમોદનો આપતાં સર્વાનુંમતે પસાર થયો હતો. તરસાળાવાળા રા. જેઠાભાઇએ પ્રસંગનો લાભ લઈ પોતાની બનાવેલી નીચે મુજબ કવીતા ગાઇ હતી.

(ચાબખાની રાહ.)

મુઆપર મિષ્ટાનો શું જમો, પડયા પર પાટુ દેઇ શું દમો. ટેક.
વીશ વરસની બાળા રંડે, ખેદ કરીને ખમો,
તેનો ખાંતે દાડો ખાતાં, ભાભા થઇ શું જમો. મુઆ.
વહાલાનો વિયોગ થતાં જે, શોક તણો છે સમો,
મિષ્ટાનો ઉડતા અવલોકી, આવે ના અણગમો. મુઆ.

વહાલું મનુષ્ય પોતાનું જાતાં, ખોટ ખમોછો તમો,
બળી ખાખ થાવા ટાણે કરો, ખાતર ઉપર દીવો. મુઆ.

પટેલ મંડળ પાટે બેસે, બિછાવીને જાજમો,
જનમ મરણનો ભેદ ન જાણે, હોય વિવા વાજતો. મુઆ.

રાક્ષસ જેવું હૃદય કરીને જન રૂવે ત્યાં જમો,
ખાંતે ખાતાં પડો ન ફાટી, કહીએ શું બહુ અમો. મુઆ.

ગીધ કાગડા ફોલી ખાતાં, મુઆ પશુને જુઓ,
કરી દુરાગ્રહ જમો બારમાં, નીતિ ધર્મને ખુઓ. મુઆ.

સમય સુચવે છોડો બંધુ, દુષ્ટ રિવાજો તમો,
પ્રેત વરા વિદેશ વળાવી સુખ સાંતીમાં સમો. મુઆ

જે. વ. તરસાળી.

સહકારી મંડળ વિષેનો ૨૦ મો ઠરાવ રજુ કરતાં રા. તુળજાભાઇએ તેની જરૂરીઆત સમજાતાં કહ્યું કે—ખેડુત મંડળો સ્થાપી સુધરેલી ઢબે ખેતી કરવાથી સારા ફાયદા મળી શકે છે. નવીન પદ્ધતિએ ખેતી કરવા માટે નાણાંની વધારે પ્રમાણમાં જરૂર પડે છે. તે પુરા પાડવા માટે ના. ગાયકવાડ મહારાજા તરફથી સહકારી ખાતુ ખોલી સહકાર્યના સિદ્ધાંતો પ્રમાણે ગામે ગામ સહકારી મંડળો દ્વારા નાણાં પુરાં પાડવામાં આવે છે. સહકારી મંડળીઓ સ્થાપવાથી ખેતીના ધંધાની ખીલવણી સાથે સભાસદોમાં નૈતિક ગુણો પણ આવે છે. સસ્તે વ્યાજે નાણાં મળે છે તેની સાથે પેદાસ પણ વધે છે. સભાસદો કરકસર કરતાં શીખે છે અને પરસ્પરની મદદથી સંપ અને વિશ્વાસ વધે છે. ભારે વ્યાજના દેવામાંથી ખેડુતો મુક્ત થાય છે, પોતાના પગ ઉપર ઉભા રહેતા શીખી જીંદગી સુખમાં ગાળે છે. અને પોતાના વારસોને સુખી કરી શકે છે. વગેરે કહી તેના નિયમો ટુંકાણમાં સમજાવ્યા હતા. ત્યારપછી પા. છગનલાલ પુંજાભાઇએ ઠરાવને ટેકો આપતાં પસાર થયો હતો. ગૌપાલન કરવાનો ૨૧ મો ઠરાવ પા. જગજીવનભાઈ ગોપાળદાસે રજુ કર્યો હતો તેને પા. રણછોડભાઇ શ્રીભાઇદાસે ટેકો આપ્યા બાદ પસાર થયો હતો.

મહામંડળ સંબંધી ૨૨ મો ઠરાવ રજુ કરતાં મી. કેસવલાલભાઈ વકીલે જણાવ્યું કે—નામદાર પાટડી દરબારશ્રી તરફથી લગ્ન પ્રથાનો વિચાર કરવા જ્ઞાતિનો મેળાવડો થયો હતો તે પ્રસંગનો લાભ લઇ મહામંડળ નામની વિદ્યા અને ખેતીવાડીની ખીલવણી વગેરે માટે એક સંસ્થા સ્થાપવામાં આવી છે તેનું ફંડ આશરે ૮૦—૯૦ હજાર રૂ. નું છે. આ સંસ્થાના પ્રમુખ તરિકે ના. પાટડી દરબારશ્રી છે અને સેક્રેટરી મી. કરસનદાસભાઇ છે. આ સંસ્થાનું કામકાજ કમીટીઓ દ્વારા ચાલે છે. આ ઠરાવ વખતે આપણી સ. કમીટીમાં કેટલીક ગેર સમજુતથી ગરમા ગરમી થઇ હતી તે વખતે પ્રેસીડેન્ટ સાહેબે સર્વાનુમતે કાર્ય કરવાનો પ્રસંગ સાચવી લીધો હતો. મંડળની મીટીંગમાં વાર્ષિક મેમ્બરનો એક અને લાઇફ (જીંદગી પર્યંતના) મેમ્બરના બે મત ગણાય છે. રૂ. એક હજાર આપ-

નારના વીસ મત અને દશ હજાર આપનારના બસો મત ગણાય છે મતલબ કે રૂ. ના પ્રમાણમાં વોટ રાખી સંસ્થાનું બંધારણ રજીષ્ટર કરવામાં આવ્યું છે અને મુંડીના વ્યાજમાંથી સંસ્થાનું ખર્ચ કરવાના નિયમો છે મતલબ કે મુંડી ટકી રહે તો સંસ્થા કાયમ રહે. એવો આશય રાખ્યો છે. આ ફંડનાં નાણાંનો છુટથી ઉપયોગ કરવામાં આવે તો બધા વિદ્યાર્થિઓને સારી સંખ્યામાં આશ્રય મળે અને કામ સારૂ દેખાતાં ફંડ પણ વધી શકે, આપણે તે મંડળમાં નાણાં ભરનારાને સુચના નહીં તો ભલામણ તો કરી શકીએ અને તે માટે આ ઠરાવ લાવવામાં આવ્યો છે. જેને આપ સઘળા સંમત થશો.

આ ઠરાવને અનુમોદન આપતાં પાટડીના દે. પ્રાણજીવનભાઇએ જણાવ્યું કે—કોઈ પણ જાતના હક્કથી આ ઠરાવને ટેકો આપવા હું તૈયાર થયો નથી પરંતુ તે ફંડનાં નાણાંનો છુટથી ઉપયોગ કરવા માટેની વિનંતી કરવાનો આ ઠરાવ છે અને આપણે વિનંતી કે ભલામણ કરી શકીએ. પાટડીમાં તે સંસ્થાની સ્થાપના થઇ તે વખતે જ્ઞાતિહીતનાં કાર્યોનો મોટો ઉદ્દેશ રખાયો હતો પરંતુ ખેતીવાડી જેવા ઉપયોગી વિષય વિષે પણ તે સંસ્થાએ અત્યાર સુધી બીલકુલ વીચાર કર્યો નથી. વિદ્યા પ્રાપ્ત કરતાં બાળકોને માટે ફક્ત અમદાવાદમાં એક બોર્ડિંગ ઉઘાડવામાં આવી છે, લાયક વિદ્યાર્થિઓને નાસીપાસ થવું પડે તેવા અનેક પ્રસંગો બન્યા છે એ મહા અફસોસની વાત છે. નાણાં ભરી રાખવા કરતાં તેનો છુટથી વ્યય કરવા માટે આપણે ભલામણ કરવી જોઇએ, નહીં તો આપણે ઘણા પશ્ચાતજ રહી જઇશું. મહામંડળ પાસે આજે રૂ. ૮૦ હજાર જેટલી રકમ છે જ્યારે એકજ બોર્ડિંગ ચલાવે છે પરંતુ આ સમાજ પાસે જ્યારે રૂ. બે હજારજ હતા ત્યારે આપણી બોર્ડિંગ ઘણી સારી ચાલતી હતી, (તાળીઓ) આ સંસ્થાને આશ્રય દાતાઓએ માત્ર પૈસા આપીને પોતાની ઉદારતા બતાવી છે પરંતુ વિદ્યાર્થિઓને કેવી અગવડો અને દુઃખો છે તેની કોઇએ તપાસ કરી નથી. કોલેજના વિદ્યાર્થિઓને કેમ અગવડો પડી છે અને નીકળી જવું પડ્યું છે તેની તેમણે જાતે તપાસ કરી હોત તો બોર્ડિંગ ખોલવાનો હેતુ કાંઇક બર આવત, જેમણે સારી રકમો આ મહા મંડળના ફંડમાં આપી છે તેમનો તેમ કરવાનો હક્ક છે અને દરેક ગૃહસ્થે પોતાના પૈસાનો કેવો ઉપયોગ થયો છે અને મુંડી કેવી રીતે દાટી રાખવામાં આવી છે તે તપાસવા માટે મારી તેમને નમૃ અરજ છે. બોર્ડિંગના વિદ્યાર્થિઓ પૈકીનો હું એક હતો, મને તેનો સારો અનુભવ છે અને કહુંછું કે વિદ્યાર્થિઓની ફર્યાદનો ભાગ્યેજ ન્યાય મળે છે. આ ઠરાવને અનુમોદન આપવા માટે સ. કમીટીએ મને ફરમાવ્યું છે અને આવા ઠરાવને મારે અનુમોદન આપવાનો પ્રસંગ આવ્યો છે તે માટે હું બહુજ દિલગીર છું તોપણ તે પસાર કરી મહામંડળની સંસ્થાનું ધ્યાન ખેંચવાની જરૂર છે. આ ઠરાવ વિષે બોલવા જુદા જુદા ભાગના ઘણા મેમ્બરોની ઇચ્છા હતી પરંતુ વખતના અભાવે અને ખાસ જરૂર નહીં જણાવાથી પ્રમુખ સાહેબે તેમ નહીં કરવાની ઇચ્છા જણાવ્યાથી આ અગત્યનો સવાલ વિશેષ ચર્ચાયો નહોતો અને સભાએ સર્વાનુમતે તાળીઓના જોરથી અવાજ આપી પસાર કર્યો હતો.

ઠરાવ ૨૪ મો શેઠ ત્રીકમભાઇનો ઉપકાર માનવા માટેનો પ્રમુખ સાહેબે રજુ કરતાં

જ્ઞાતિના વિદ્યાર્થિઓ પ્રત્યે લાગણી રાખી મદદ કરે છે તે વગેરે બાબતો જણાવી આરોગ્ય ભુવન બંધાવી આપવા માટે ધન્યવાદ આપ્યો હતો જે ઠરાવ સભાની ખુશાલી વચે પસાર થયા બાદ નિમાડના કડવા બંધુઓની સભાને મદદ કરવા વિષેનો ૨૫ મોં ઠરાવ તેમણે રજુ કર્યો તે પણ પસાર થયો હતો.

જ્ઞાતિમાં સ્થપાયેલા યુવક મંડળને આ સમાજે તન મન અને ધનથી મદદ કરવાનો ૨૬ મો ઠરાવ જોરથી પસાર થયો હતો અને તે વખતે યુવક મંડળના કેટલાક મેમ્બરોને બે શબ્દો બોલવા માટે રજા આપવા પ્રમુખ સાહેબને વિનંતી કરવામાં આવી હતી તેમની તરફથી બે મીનીટનો વખત મળતાં યુવકોના આગેવાન બંધુ મી. માણેકલાલે, પ્રમુખ સાહેબે માત્ર બેજ મીનીટ આપી છે એમ કહેતાં જણાવ્યું કે તમારી સમાજના કામના અગત્યના કલાકો ને કલાકો ચાલ્યા જાય છે પરંતુ અમારી જે ઉપયોગી જીંદગીનો વખત જાય છે તેનો વિચાર કરી અમને બોલવાનો વખત આપશો એવી મારી નમ્ર વિનંતી છે. (તાળીઓ) આ પ્રસંગનો લાભ યુવકોએ એટલી ચાલાકી અને દીર્ઘ દ્દષ્ટીથી લીધો હતો કે તે બેઠકની પ્રસંસાને પાત્ર થવાથી લગભગ ૧૫ મીનીટ જેટલો વખત તેમણે લેવા છતાં પ્રમુખ સાહેબે તેમને અટકાવા કોઇ પણ જાતની સુચના કરી નહોતી. ત્રણ દિશાઓમાં રહેતા ત્રણ યુવકોએ, જ્ઞાતિના ગૃહસ્થોને દાન કરવા—યુવક વિદ્યાર્થિઓ અને જ્ઞાતિ સેવકોના કાર્યમાં દિલસોજી બતાવી તેમના ફંડમાં પૈસા આપવા—એક અસરકારક કવિતા ગાઈ સભાના મેમ્બરોના હૃદય પ્રદેશ ઉપર સારી અસર ઉપજાવી હતી. ટુંકામાં એટલુંજ કહીશું કે પૈસા ફંડની તેમની યોજના અને યુવકોના ઉદ્દેશનો ટુંક સારાંશ વગેરે તેમણે અગાઉથી જણાવ્યો હતો અને **ટોપીઓ ઉતારી** સંખ્યાબંધ યુવકો, મેમ્બરો વચ્ચે ફરી વળ્યા હતા જેમાં દરેકે યથાશક્તિ—ખીસ્સામાં તે વખતે સીલક હતી તેના પ્રમાણમાં—નાંખ્યું હતું. તેમનો આગ્રહ માત્ર એક પૈસો નાંખવા માટે હતો. રેલ ગાડીઓમાં પૈસો નંખાવતા સીલબંધ પેટીઓ લઈ ફરતા નોકરો સાથે સરખાવતાં ટોપીઓ ઉતારી ભીખ (!) માગતા આ યુવકોની જ્ઞાતિ ભક્તિ ગમે તેવા ગૃહસ્થની પરમાર્થ વૃત્તિને ભુલાવી દે તેવી હતી. દરેકે દરેક જ્ઞાતિબંધુએ તેમની માગણીને સંતોષી હતી. દાન કરવામાં શુરા પાટીદારોએ જરૂર પોતાના ખીસ્સાએ રજા આપી હશે તે કરતાં પણ એકાદ પૈસો વધારે નાંખ્યો હશે. દાન કરનારાઓમાં પણ અપવાદ તો હોય છેજ, તેવા અપવાદોથી સમાજનું પુલપીટ મુક્ત નહોતું એમ દિલગીરી સાથે કહેવું જોઇએ. યુવકોના ઉત્સાહને વધારવામાં અપવાદજ નહોતો એટલે એવો જોસથી ફેલાયો હતો કે યુવકો કઇ હદે પહોંચી જશે તેની કલ્પના કરવી પણ ભારે થઇ પડી હતી. આ સમાજની પહેલી બેઠક વખતે વિરમગામનો જેને અનુભવ થયો હતો તેને ભુલાવી દે તેવું યુવકોનું મંડળ ખુલ્લું મુકવાનું કાર્ય થયું છે. ભવિષ્યમાં આ ઉત્સાહી યુવકો કેવી જ્ઞાતિસેવા કરે છે તે જોવાનું છે.

પસાર કરવાના બીજા ઠરાવો પ્રમુખ સાહેબે રજુ કરી પ્રાસાંગિક વીવેચન કર્યું હતું અને ૨૭ થી ૩૬ સુધીના ઠરાવો સર્વાનુંમતે પસાર થયા હતા. ઠરાવ ૩૭ મો દે. કાળીદાસ ભાઇએ રજુ કર્યો હતો જેને મી. કેસવલાલ વકીલે અનુમોદન આપ્યું હતું. ઠરાવ ૩૮ મો

પ્રમુખ સાહેબનો ઉપકાર માનવાનો મી. વકીલે રજુ કર્યો તેને મીસ્ત્રી નારણભાઇએ ટેકો આપ્યો હતો આ બંને ઠરાવો સભાની ખુશાલી વચ્ચે પસાર થયા હતા. ત્યાર બાદ સમાજની આવતી બેઠક પોતાના સ્થળે રાખવા માટે નીચે મુજબ બંધુઓ તરફથી માગણી કરવામાં આવી હતી.

મીસ્ત્રી નારણભાઇએ આવતી બેઠક મુંબઈમાં રાખવાની માગણી કરતાં જણાવ્યું કે અમારી તરફના બંધુઓ વતી માગણી કરવા હું રજા લઉં છું. મુંબાઇ નગરીની અલૌકિકતા નિહાળવાનો ઘણા ભાઇઓને પ્રસંગ મળશે તે ઉપરાંત ગૃહસ્થ વર્ગની હાજરીથી ફંડના કાર્યમાં મદદ થશે એમ અમારૂં ધારવું છે કારણ ગૃહસ્થોને હાજરી આપવા માટે અમે આગ્રહ પૂર્વક વિનંતી કરીશું અને બેઠકનું કાર્ય સંતોષકારક લાવવા માટે અમે પ્રયત્ન કરીશું.

રા. બેચરભાઇએ ગણપતપુરામાં આવતી બેઠક રાખવાની માગણી કરતાં કહ્યું કે જ્ઞાતિ હીલચાલની શરૂઆતથી અમારી તરફ બેઠક ભરવા માટે અમારા તરફના ભાઇઓ વતી હું માંગણી કરૂં છું. પાદરામાં એક વખત બેઠક થઇ છે પણ ગણપતપુરાનું નામ દઇ હું જ્યારે માગણી કરવા ઉઠું છું ત્યારે વ્યવસ્થાપકોની અમારા તરફની લાગણી મને સમજાય છે. કેટલાક મારા મિત્રો તો હું માગણી કરવા ઉઠું છું કે હસે છે! પરંતુ હવે વ્યવસ્થાપકો મારી માગણી સ્વીકારે તો મારી આબરૂ રહે એવું છે.

અમદાવાદવાળા રા. મોતીલાલભાઈ (ક. વિ. ના અધિપતિ) માગણી કરવા ઉઠયા કે તેમને તાલીઓથી વધાવી લીધા. તેમણે કહ્યું, મીસ્ત્રી નારણજીભાઇની માગણીનો સ્વીકાર કરો તો સેરથાથી ઉડીને મુંબઇ જતાં વચમાં અમદાવાદ શહેર રહી જાય છે. મુંબઇ ભલે દેવનગરી હોય પણ સઘળા ભાઇઓએ અમદાવાદ પણ જોવા જેવું છે એટલે અત્રે પધારેલા મારા ભાઇઓ તરફથી અમદાવાદમાં આવતી બેઠક રાખવા માટે વિનંતી કરવાની મ્હને સૂચના થઈ છે એટલે અમદાવાદમાં આવતી બેઠક રાખવા માટે હું માગણી કરૂં છું. (ઊમિયા માતકી જય!)

રૂપાલ ગામે (કડી પ્રાંતમાં) આવતી બેઠક રાખવા માટે પા. જગજીવનભાઇ ગોપાળદાસ તથા મોહનલાલ ગીરધરભાઇ તરફથી માગણી કરવામાં આવી હતી. અને કડી પ્રાંતમાં આવતી બેઠક રાખવા માટે જણાવ્યું હતું.

સઘળા ભાઇઓની માગણી વિષે પ્રત્યુત્તર આપતાં પ્રમુખ સાહેબે જણાવ્યું–સમયને અનુસરી વ્ય. મંડળ દરેક ભાઈની માગણીનો વિચાર કરશે અને જે ઠેકાણે બેઠક રાખવાનું યોગ્ય લાગશે તેમને ખબર આપશે. જે જે ભાઇઓએ આવતી બેઠક પોતાના ગામે રાખવા માગણી કરી છે તેમનો હું સમાજ તરફથી (તાળીઓ) અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. (તાળીઓ) ત્યારબાદ કામકાજનો ઉપસંહાર કરતાં ટુંકામાં દરેક ભાઇઓની ફરજ સમજાવી સેરથા ગામના બંધુઓને ગામના નામ પ્રમાણે સેર–વાઘ–સિંહ જેવા થવાની ભલામણ કરી હતી. સેરથાના બંધુઓએ એક દિવસ વધારે રોકાઇને તેમની મેમાનગીરિનો સ્વીકાર કરવાનો વિનંતી કરવાથી પ્રમુખ સાહેબે સઘળા ભાઇઓને તે માટે વિનંતી કરી હતી. ગામનો ઉત્સાહ અને લાગણી જોઈ ઘણા ભાઇઓની ઇચ્છાથી તે માગણીનો સ્વીકાર થયો હતો. ત્યારબાદ મહાલક્ષ્માનું મહાકષ્ટનો બીજો ભાગ રાત્રે દેશાઇજી કહી બતાવશે એમ

જણાવી સમાજની સાતમી બેઠકનું કાર્ય નિર્વીઘ્ને પૂર્ણ થયેલું જાહેર કરતાં તે માટે પોતાની ખુશી બતાવી સઘળા ભાઇઓનો ઉપકાર માનતાં શ્રી ઊમિયા માતાની જય બોલાવી સભા બરખાંસ્ત કરવામાં આવી હતી.

રાત્રે દેશાઇ અમરસિંહજીએ આખ્યાન કર્યું હતું. સ્ત્રી અને પુરૂષવર્ગને છુટથી ભાગ લેવાની રજા હોવાથી શ્રોતા વર્ગની હાજરીથી મંડપ ચિકાર ભરાઈ ગયો હતો. મહાલક્ષ્મીને સાસરે વોળાવતાં સુધી કેવા સંષ્કારો છે ત્યાં સુધીનો ભાગ મોડી રાતસુધી કહી બતાવ્યો હતો અને બીજે દિવસે સવારમાં (સોમવારે) તેને સાસરે વોળાવ્યા પછી કેવું કષ્ટ પડે છે અને છેવટે આપઘાત કરવાનો પ્રસંગ ખાનદાન માબાપની પુત્રીઓને આવે છે તેનો ચિતાર એવો સચોટ રજુ કર્યો હતો કે શહેરના કેટલાક કુળવાન ગૃહસ્થોના ઘરસંસારનું ચરિત્ર જાણે પ્રત્યક્ષજ બનુ થયું હોય! આખ્યાનકારની અસ્ખલીત મધુર વાણી, શબ્દ પ્રયોગ અને કરૂણારસની જમાવટ કરવાની તેમની પેટન્ટ શક્તિ અને તેમના વ્યવહારિક અનુભવે જ્ઞાતિના હૃદય પ્રદેશ ઉપર જે અસર કરી છે તેનાથી ભાગ્યેજ કોઈ જ્ઞાતિહીતેચ્છુ અજાણ હશે. ચોથા દિવસે સેરથાના ગ્રામ્ય બંધુઓની મીઠી મેમાનગીરિએ જ્ઞાતિસેવાનું ઉત્તમ દ્રષ્ટાંત પુરૂં પાડયું હતું અને ઉન્હાળાના સખ્ત તાપ અને ચાલુ મોસમમાં પગરસ્તે જવું પડે તેવા સ્થળે રાખવામાં આવેલી બેઠક, સદ્ગત જ્ઞાતિ ભક્તનું અવસાન અને પ્રમુખ સાહેબની શરૂઆતની ગેરહાજરીથી જે નિરાશનાં ચિન્હો દ્રષ્ટીગોચર થયાં હતાં તે યુવક મંડળની સ્થાપના અને સેરથાના ભાઇઓની જ્ઞાતિભક્તિએ આશાના રૂપમાં ફેરવી નાંખ્યાથી સાતમી બેઠક સંપૂર્ણ વિજયવતી થઇ છે. અસ્તુ.

તંત્રી.

યુવક મંડળના મહોત્સવ પ્રસંગે ગવાયેલું

(મંગળાચરણ—રાગ. પ્યારા પ્રભુ વિનવું)

જય જય સતિ ઊમિયા,
ચરણે શરણે શીશુ તમારે. જય.
શીર ધારો કર, તારો તનુજો
પ્રણમે પ્રેમે અનુજો આ. જય.
ચિત ચાહે નિત્ય, જ્ઞાતિ હીત પ્રેમે
મતી દો ગતી દો સાહે થા. જય.
સુખ પામે સહુ, જગજશ જામે
વામે અવિદ્યા વારે ધા. જય.
યાચે અમર વર, મળી શીશુ મંડળ
લેશ ન કલેશ રહે મા. જય.

(અમર.)

(મે. ડૉક્ટર સાહેબ તરફથી આ માસિકના ગ્રાહકોને ભેટ)

શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળના પ્રમુખ ડૉ. પિતામ્બરદાસનું ભાષણ.

મ્હારા યુવાન બંધુઓ, ભાઈઓ અને બ્હેનો !

આજની સભાના અધ્યક્ષ તરિકે આપે મને જે માન આપ્યું છે તે માટે હું આપનો ઉપકાર માનું છું. મારી લાયકાત વિશે આપના ગમે તે વિચારો હોય, તોપણ હું માનું છું કે જ્ઞાતિના અન્ય કોઇ વિશેષ લાયક ગૃહસ્થને તે પદવી માટે જો તમોએ પસંદ કર્યો હોત, તો કદાચ ઠીક થાત; પરંતુ જ્યારે તે ધર્મ અને કર્મયોગના આસન ઉપર મનેજ બેસાડવામાં મારા યુવકબંધુઓએ આનંદ માન્યો છે, ત્યારે તે માથે આવેલી ફર્જનો સ્વિકાર કરી હું આશા રાખું છું કે સભાનું કામકાજ મારાથી બને તેટલી સારી રીતે પાર પાડીશ.

દુનિઆની સ્થિતિ ઉપર વિચાર કરતાં યુરોપમાં ચાલતા ભયંકર યુદ્ધનો મને ખ્યાલ સહેજ તરી આવે છે. ન્યાય અને ધર્મનું અસ્તિત્વ અને ઇશ્વરની પ્રબળ શક્તીનું તાજું ઉદાહરણ આપણને આ પ્રચંડ યુદ્ધથી મળી આવે છે. નાના મોટાં રાજ્યો પોતાનું ભાવિ ફરી લખવાની અણી ઉપર આવી લાગ્યાં છે. ના. બ્રીટીશ શહેનશાહતે ન્યાય અને નીતિને નીભાવવા આ યુદ્ધમાં ધર્મધ્વજ ધારણ કરી લઢાઇને મોખરે પોતાનો પગ સ્થિત કર્યો છે ધન્યભાગ્ય હિન્દનાં કે તેનાં સંતાનોએ પોતાની બ્હેન બ્રીટન પ્રત્યેની વફાદારી બતાવવાની આ ઉત્તમ તકનો લાભ લીધો છે. હિન્દી વીરોમાં શૌર્ય છે, તેજ છે, ઉત્સાહ છે તેમજ ફર્જની લાગણી પ્રધાન છે તેની આપણી માયાળુ સરકારને સંપૂર્ણ ખાત્રી થઇ છે. બદલામાં હિન્દભૂમિનું ભાવિ પણ સૃષ્ટિની બાજી પ્રજાઓ સાફક નવેસરથી ઘડાય તેમાંજ આપણી આશા, આપણો સંતોષ અને આપણો વિજય છે. ઈશ્વર બ્રીટીશ તાજનું માન અને હિન્દનો તેની સાથેનો ઉજ્જ્વલ સંબંધ ચિરંજીવ રાખો એ કોઇ પણ હિન્દીની હૃદયભાવના છે.

યુદ્ધનો સવાલ બાદ કરતાં દુનિઆની દરેક પ્રજા આગળ વધે છે. આપણા દેશની પ્રગતિનો વેગ પણ આપણને વધારેને વધારે ઉત્સાહમાં આણે તેવો છે. દરેક કોમ ઉચ્ચમાં ઉચ્ચથી નીચમાં નીચ અંત્યજ સુધી, પોતાની નૈતિક, સામાજીક અને આર્થિક સ્થિતિ સુધારવા ભગીરથ પ્રયત્ન ઉઠાવી રહ્યા છે. રાજા પ્રજા વચ્ચેની એક્તા સાધવાનું વિશાળ ક્ષેત્ર, કોઇપણ સામાજીક સંસ્થાને ખાસ અગત્યનુ છે. આપણે પણ દેશની પ્રજાનું અગત્યનું અંગ છીએ અને તેથી સરકારનો આધાર આપણા ઉપર છે અને રહેશે. આપણી ગરીબ સ્થિતિ, દુષ્કાળમાં કંગાળ દશાએ મોતનો કોળીઓ થવાનું આપણું ભાવિ, વાણીઆ અને અમલદારોની સત્તા નીચેનું આપણું માથું, ટુંકામાં આપણી માનભ્રષ્ટ કે મનુષ્યભ્રષ્ટ દશાનો અવાજ ના. સરકારને કાને નાંખવાને આપણે શીખવું જોઇશે. દેશની ખેતીવાડી અને ખેડુતના અભ્યુદય અર્થે પ્રથમ સરકારે અને પછી લોકનાયકોએ એકદમ વિચાર કરવાની જરૂર જેવા ને તેવી ઉભીજ છે. આપણા દુઃખો રડવા માટે સરકાર પાસે જવાની રિતિનો આપણે અભ્યાસ કરવાની જરૂર પણ આપણે શીરેજ છે. આપણા જીવનમાં જણાતી ખામીઓ દૂર કરી આપણને ખાસ આવશ્યક ગુણોની ઉપાસના કરી સરકાર પાસે જો આપણે જઇએ તો મારૂં ધારવું છે કે સરકાર આપણી બ્હાંય ધરવામાં પોતાનો દયાળુ સ્વભાવ જરૂર

દેખાડશે. પરંતુ આપણા આ ઉત્સાહમાં આપણે આપણા સામાજીક જીવનની અવદશાનું ભાન ભૂલીજવું જોઇએ નહિં. મારૂં એવું ચોક્કસ માનવું છે કે કેટલાંક દુઃખો તો આપણે આપણા હાથેજ ઉભાં કરીએ છીએ. આપણે પોતેજ તેના સારૂ જવાબદાર છીએ અને તેને દૂર કરવાનો અધિકાર પણ આપણાજ હાથમાં છે. આપણાં સંસારની સ્થિતિ ધર્મના તત્વોની ખામીવાળી છે, એટલુંજ નહિ પણ ઘણાભાગે કઢંગી અને અન્ય કોમને વિચિત્ર લાગે છે તેવી છે. આપણે તેનો વિચાર કરવા આજે મળ્યા છીએ. મને આશા છે કે આપ આપના ખાનગી વિચારો ગમે તેવા રાખતા હો, તોપણ મને છુટથી સાંભળશો, તેપર વિચાર કરશો અને વિવેક બુદ્ધિએ આચરવામાં તમારો ધર્મ સમજશો.

ઇશ્વરના સ્વરૂપ મનુષ્યની સેવામાં જીવવાની આશા ઉમેદ રાખનારા કર્મયોગીઓ આપણી જ્ઞાતિમાં થોડા થાય છે. આ એક ઉત્તમ અને વિશાળ ભાવના છે. ભાઇઓ અને બ્હેનો! પોતાના જીવનને અને પોતાના કુટુંબને નીતિ અને ધર્મના બંધને ટકાવી, સુખ અને સંતોષ પ્રાપ્ત કરાવવા દરેક મનુષ્ય બંધાયેલો છે. આપણે આપણા જીવનનો વિચાર કરી લ્યો. આપણું વર્તન શું નીતિ અને ધર્મને આધારે છે? આપણે સુખી અને સંતોષી છીએ? આપણું જીવન કુટુંબ અને જ્ઞાતિ માટે કેટલું ઉપયોગી કરી શકયા છીએ? આ પ્રશ્નનો જવાબ મુસ્કેલીભર્યો છે છતાં પણ તેના જવાબનેજ જીવનનું સુત્ર બનાવવાનું છે અને ત્યારેજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તી કરી શકાશે એ સ્વતઃ સ્પષ્ટ છે. હવે ઉપરોક્ત પ્રશ્નના પ્રત્યુત્તરને જીવનસૂત્ર બનાવવામાં આપણી સંસારિક સ્થીતી કેટલી બાધકર્તા છે તેનો આપણે વિચાર કરીએ. પ્રથમતો હું આપનું લક્ષ આપણી **લગ્નપ્રથા** પર ખેંચુંછું. સંસારમાં પતિપત્નીનું પ્રેમીજીવન એ લગ્નનો હેતુ છે. પ્રેમ સંસારમાં સુખી, સંતોષી અને નિષ્પાપ જીવન ગાળવાનું અવલંબન છે. પ્રેમ એજ પરમાત્માનું સ્વરૂપ છે. આ પ્રેમ જયાં નથી ત્યાં સંસાર શૂન્ય અનીતિભર્યો અને કલેશમય હોય છે અને તેથીજ **લગ્નનો હેતુ પ્રેમનું શુદ્ધ સ્વરૂપ હોવું જોઇએ.** આપણને તેની કીંમત નથી, આપણને તેના સંસ્કાર નથી. આપણે તેનાથી વિમુખ છીએ. પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં વ્હાલના ઉમળકામાં આપણાં પ્યારાં બાળકો ઉપર લગ્નની કર્મક્રીયાના સંસ્કાર આપણે હાથે તેમના જીવન ઉપર નાંખીએ છીએ. ધર્મશાસ્ત્ર, અનુભવ તેમજ આપણા પોતાના અંતઃકરણના કથનને બાજુપર મુકી આપણી પ્રજાને જીવનના કારાગ્રહ—દુઃખ—માં મોકલવાની શરૂઆત કરવામાં આપણા હાથને આપણી જાતેજ કલંકીત કરીએ છીએ, જેમ જેમ આપણા પુત્રપુત્રીઓ મોટાં થાય છે તેમ તેમ તેમના કાન ઉપર હમેંશ આપણે લગ્નના સંસ્કાર નાંખવામાં આનંદ માનીએ છીએ. આઠ દશ વર્ષનાં આપણાં વ્હાલા બાળકો થઈ આવે તે ટાણે તો તેમને વર વહુના સંબંધની ઓળખ પાડવામાં આપણે સમજે વગર સમજે આનંદ માનીએ છીએ. છોકરાની ૧૨–૧૪ વર્ષની ઉમર છતાં તેને સાક્ષાત્ ગૃહદેવીનાં દર્શન કરાવતાં લ્હાવ લેવાની ઘેલછામાં આપણે તેમના ભાવી સુખનો ખ્યાલ પણ કરતા નથી. ૧૨ વર્ષ કરતાં મોટી કન્યાને કુંવારી રાખવામાં ધર્મશાસ્ત્રનો લોપ થયાનું માનવામાં આવે છે, પરંતુ જ્યારે આપણે સર્વમાન્ય મનુસ્મૃતિ જોઇએ છીએ ત્યારે તો એટલે સુધી માલુમ પડે છે કે કન્યા ગુણવાન પતિની શોધને અર્થે ૨૫ વર્ષની વય થાય ત્યાં સુધી પણ કુંવારી રહી શકે છે તેમજ પોતાને યોગ્ય પતિ ન મળે તો જન્મભર કુંવારા રહેવાને પણ આજ્ઞા

કરેલી છે. દુનિયાંની સર્વ કોમો અભિગમનનો કાળ ઘણોજ પુખ્ત રાખે છે અને તેજ ઇષ્ટ છે. અહીંથી બજારમાં બે આંટા મારી આવવાને હું ઘણાને ન કહી શકું તેવી તન્દુરસ્તી ભોગવનારા આ સભામાં મારી નજરે ન્હડે છે. આ એક કડવું કથન છે. **૧૪ વર્ષની બાળા પ્રસવ આંડે તેમાં ઉત્સવ શો હોઈ શકે?** ઋતુકાળનો સમય ૧૬ વર્ષથી ઓછે હોઈ શકેજ નહિ! અને કદાચ વીપરિત જણાય તો તે ન્હાનપણનું સંસ્કારી દુષ્કર્મ છે. ગર્ભપ્રસવને માટે સ્ત્રીનાં શરીરનાં અંગો ખીલાવાં જોઇએ અને તે ૧૪ વર્ષની ઉંમરમાં થઈ શકેજ નહિ. ગર્ભાધાન વખતે અને તે પછીના પવિત્ર સંસ્કારો આપણા દેશની હત-ભાગ્ય પ્રજા સમજી શકતી નથી. **૧૪ વર્ષનો પતિ પુત્રનો પિતા થઇ પોતાને શીરે ભાર ઊભો કરવા સિવાય કંઇજ કરતો નથી.** હું એક ડાકટર છું. શારીરિક બાબ-તમાં મારો અનુભવ તમારા કોઇ પણ કરતાં વિશેષ ચોક્કસ અને સપ્રમાણ હોય તેમ હું કહી શકું. આરોગ્યની બાબતમાં આપણે ઘણું ગુમાવ્યું છે. આરોગ્ય સિવાય તમારા કોઇ પણ વ્યાપારમાં સુખ રહેશેજ નહિ. તમારૂં બાળપણ, યુવાવસ્થા, પુખ્ત પણું અને વૃદ્ધા-વસ્થા, મારા યુવાન ભાઈઓ! આ પ્રકારના અંધ સંસારથી દુઃખ અને દીલગીરિમાંજ વીતે નહીં તે ખાતર તમારે અત્યારેજ ચેતવું પડશે, નિરાશાનો મારો ઉપદેશ નથી. તમારા મન, બુદ્ધિ ઉપર સંપૂર્ણ કાબુ રાખી તમારા ધર્મ કર્મને સારી રીતે પિછાનતાં શીખો. જ્ઞાતિની ભાવિ પ્રજાનું નસિબ મારા યુવકો! તમારાજ હાથે લખાવાનું છે, અને પ્રજા દુઃખી અને નમાલી ન નિપજે તે માટે પણ છેવટ તમો તમારા જીવનને સ્વેચ્છાના હિંડોળે ન્હડતું બચાવશો. માતા પિતાની રહેણી, પુત્ર પુત્રીમાં સંસ્કાર રૂપે આવે છે તેમ તમો માનશોજ. શાસ્ત્ર આને પુરતી આપે છે. વૈદક પણ તેમજ કહે છે. આ બાબત હું ભાર દઇ તમને કહું છું કે તમારા બાળકોના કલ્યાણની ખાતર પણ તમો ઉત્તમ ચારિત્રવાન થાઓ એવો મારો આશિર્વાદ છે.

કર્મ કરવામાં તમારો ધર્મ છે, તમારામાં વીરતા છે, શક્તિ છે, અને બુદ્ધિ છે તો તમારાં બાળકો ઉપર બાળલગ્નના પડતા માઠા સંસ્કારથી હું આશા રાખીશ કે તમો તેમને બચાવશો. **અહીંજ તમારા ધર્મક્ષેત્ર કુરૂક્ષેત્રની વીરભૂમિ છે. અહીંજ તેની કસોટી** છે. અને આમાંજ તમારા મંડળનો ઉત્તમ હેતુ રહેલો છે. બાળલગ્નને નષ્ટ કરવા તમારો ધર્મધ્વજ તમને દીપાવે તેવોજ છે. ઉઠો! જાગો! જય તમારોજ છે. બાળલગ્નની પુરાતન રૂઢીના સ્વાર્થી, મમત્વી અને અભિમાની પૂજારીઓના ચર્મચક્ષુને દેખાડી આપો કે અંધારી બંધાવી સ્વાર્થ સાધવાનો સમય પલટાયો છે, જાગૃતિનો દેદીપ્યમાન સૂર્ય ઊગી ચુકયો છે, પટેલાઇની નિરંકુશ સત્તાનો દોર તુટયો છે અને છળ કપટની જાળ હવે કપાઈ ગઇ છે. કન્યાની ઉંમર ૧૪ થી વધારે તેમજ વરની ઉંમર ૨૧ વર્ષથી વધારે ન થાય ત્યાં સુધી હરેક રીતે આ જમાનામાં લગ્ન સંબંધ નાપસંદ કરવા યોગ્ય જણાય છે. પુત્ર પુત્રીઓને પરણાવવાની ઉતાવળ કરવા કરતાં તેમને ઉત્તમ ચારિત્રવાન અને શિક્ષીત બનાવવામાં માબાપોને ઓછી લ્હાણ નથી. ખરો લ્હાવ એ છે. ઉત્સવ પણ ખરોતો એમાંજ છે. કન્યાને તેનું આરોગ્ય સાચવી રાખી, યોગ્ય શિક્ષણ આપી યુવાન, શુશિક્ષીત ઉચ્ચ સંસ્કારના પતિ સાથે આપવામાંજ માબાપોની ફરજ છે અને તેમાંજ સત્ય સુખ અને આનંદ છે. શાસ્ત્રમાં કહેલી પદ્ધતિજ માત્ર વરકન્યાને ચીરંજીવ પ્રેમગ્રંથીથી પકડી રાખવા સાધન છે.

*સપ્તપદીજ માત્ર વર વધુને પતિ પત્નિનો સંબંધ જાળવી રાખવા શક્તિમાન છે. દેવતાઓ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાઓ જ દંપતિનું ધર્મશિક્ષણ છે. પત્નિનો જન્મ-પર્યંત સ્વીકાર પણ આજ પ્રસંગે સાચો થઈ શકે. આ યથાર્થ લગ્નવીધિનું રહસ્ય છે. તે સાધવું કોઇને દેખાતું હોય તેટલું અઘરૂં નથી અને તમો યુવકોના હાથમાં જ છે. જ્ઞાતિનો ઉદ્ધાર મારા ધારવા પ્રમાણે આમાંજ સમાયેલો છે અને તે તમારા હાથે થતો હું જોવાની ઊમેદ રાખું છું. આ બધું ઊજળું ભાવિ બાળલગ્નના જોડકામાં હું તમો કે અન્ય કોઇ જોઈ શકશોજ નહિ. કંઈ પણ દ્રષ્ટિગોચર થશે તો એજ કે વેવાઇ વેવાઇ વચ્ચે વેર! દંપતિનાં કજોડાં! વરવધુનું કલેશમય જીવન!! અને તેથી શિયળને નષ્ટ ભ્રષ્ટ કરનાર કંગાલ છેડાછુટકા કે નાતરાં, **અને બિચારી નિર્દોષ કન્યાઓની આત્મહત્યા.!!**

ધર્મપત્નિ તરિકે એકવાર સ્વીકાર કરી "આજથી પતિ તરિકેના મારા સર્વ હકો હું તારા પરથી ઉઠાવી લઊં છું" તેવું આપણા પોતાનાજ હાથે લખી આપતાં આપણે સહજ પણ અચકાતા નથી. મ્હને કહેતાં શરમ આવે છે કે કેટલાક પામરોએ તો આનો વેપાર માંડી બજાર બનાવી દીધી છે. આ એક અતી શરમની વાત હોવાથી હું વધારે કહેતો નથી. પરંતુ તમો સમજો કે કુલીનતા ત્યારેજ જાળવી શકાશે કે જ્યારે તેનાં લક્ષણોનો સંપૂર્ણ આશ્રય લેવામાં આવશે. આ એકજ ઉપાય–ઉચ્ચ વર્તન–તમારા સ્વહસ્તેજ અમલમાં મુકાવાની શરૂઆત કરશો તોજ તમારા મંડળનું અગત્યનું સ્તુતીપાત્ર કાર્ય થયું

---

* વિવાહ પ્રતિજ્ઞા સપ્તપદી.

વર પહેલા પગલે પ્રતિજ્ઞા લે છે.

(૧) ॐ इष एकपदी भव सा मामनुव्रता भव विष्णुस्त्वानयतु पुत्रान् विन्दावहै बहूंस्ते सन्तु जरदष्टयः ॥ १ ॥

અર્થ—હે સ્ત્રી! તું મારા મનના વિચાર પ્રમાણે વર્તવા વાળી થા. ને હું પણ તારા મનના વિચારો પ્રમાણે વર્ત્તવાવાળો થાઉં. અને વિભુ (વ્યાપક) પરમાત્મા આપણને સરખા વિચારવાળાં બનાવે ને આપણ બંને ઉત્તમ પુત્રોને મેળવીએ અને તે પુત્રો જ્ઞાન (શાસ્ત્રજન્ય) વિજ્ઞાન (અનુભવજન્ય) વાળા થઈ વૃદ્ધ અવસ્થા પર્યન્ત સુખથી જીવનારા થાવ.

વધુ પહેલે પગલે પ્રતિજ્ઞા લે છે.

सुखदुःखानि सर्वाणि त्वया सह विभज्यते ।
यत्र त्वं तदहं तत्र प्रथमे साऽब्रवीदिदम् ॥ १ ॥

અર્થ— "સઘળાં સુખદુઃખો તમારી સાથે ભોગવીશ. જ્યાં તમે, ત્યાં હું રહીશ."

વર બીજે પગલે પ્રતિજ્ઞા લે છે.

(૨) ॐ ऊर्ज्जे द्विपदी भव सा मामनुव्रता भव × × × ×

અર્થ—અન્નાદિ ભોગ્ય અને વૈભવાદિ ઉપભોગ્ય પદાર્થોને માટે મારી યથાર્થ શક્તિ પ્રમાણેથી સંતોષ માનનારી થઈ; મારી લોકમાં પ્રતિષ્ઠા (આબરૂ) વધારનારી થા. અને મને તેજસ્વી ગણવરાવી તું પણ તેજસ્વી ગણા.

ગણાશે. તમારા પોતાનાજ પુત્રોને સારૂં શિક્ષણ આપી ઉત્તમ સંસ્કાર પાડશો તો તેઓ પોતેજ આ કુકર્મમાં પડતા અટકશે.

હવે આ બાળલગ્નના માઠા પરિણામ સંબંધી મારે એક અગત્યની ગંભીર બાબત ઉપર તમારૂં લક્ષ ખેંચવું બાકી રહે છે, તે એ છે કે, ૧૪ વર્ષની અંદર પુંખી લીધેલા પુત્રો વિદ્યાભ્યાસનો અંત લાવી ઉત્તમ શહેરી બનવાના સુંદર માર્ગને કંટકમય બનાવે છે, તે કાંઈ ઓછું ખેદજનક અને હાનીકારક નથી. બાળકોને ઉત્તમ શિક્ષણ આપવાનું ચુકનાર માતા શત્રુ છે, અને પિતા વેરી છે. **વિદ્યા એજ ઉત્તમ વારસો છે.** અભણ, નમાલાં કે સ્વચ્છંદી બાળકો મુકી જવા કરતાં ગરિબ, સ્વમાનને સમજનાર પુત્ર પુત્રી મુકી જવામાં માબાપોએ સાર્થકતા સમજવાની છે. આ કથન તદ્દન સત્ય છે. જમાનો કેળવણીનો છે, આગળ વધવાનો છે. આપણાં જ્ઞાન ચક્ષુને ખોલી દેશોન્નતિ સાધવાની આ એકજ ચાવી છે, અને તે સિવાય આપણો છુટકો છેજ નહિ. કેટલાકો નિશાળમાં મળતા શિક્ષણ ઉપર ભારે આક્ષેપ મુકે છે. શિક્ષણ પદ્ધતિ વિષે મારો પણ તેવોજ મત છે પણ તેને સુધારવા ખાતર પણ, આપણે તેનું જ્ઞાન મેળવવું જોઇશે. આપણામાં **સહી** કરી જાણે તેવા પુરૂષોનો આંકડો એટલો તો અલ્પ છેકે તે જાણી આપણને ભય ઉપજે છે! શાળાના શિક્ષણ સાથે વડીલો પોતાના પુત્ર પુત્રીઓને નૈતિક અને વ્યાવહારિક જ્ઞાનનો ઘુંટડો પણ જો પાતા રહે તો આજના વિદ્વાનો ઉપરનો આક્ષેપ જલદી ટળી જશે એમ મારૂં ચોક્કસ માનવું છે.

આપણી જ્ઞાતિમાં કન્યાની સ્થીતીનો હું વિચાર કરૂં છું ત્યારે તેમની દુઃખી હાલત

વધુ બીજે પગલે પ્રતિજ્ઞા લે છે.

कुटुम्बं रक्षयिष्यामि आवृद्धबालकादिकम् ।
अस्ति नास्ति च संतुष्टा द्वितीये साऽब्रवीदिदम् ॥ २ ॥

અર્થ—વૃદ્ધથી માંડીને તે છોકરાં સુધીના કુટુંબની સંભાળ સાથે રક્ષા કરીશ, ને ઘરમાં કાંઇ વસ્તુ હશે અથવા નહિ હોય, તો પણ હું સંતોષ રાખી નભવી લઇશ. (અ-ર્થાત્ પારકાના સુખ આપનારા વિષયો દેખી રાગ દ્વેષથી તમને દુઃખી નહિ કરૂં.)

વર ત્રીજે પગલે પ્રતીજ્ઞા લે છે.

(३) ॐ रायस्पोषाय त्रिपदी भव सा मामनुव्रता भव × × × ×

અર્થ--ધર્મ (પરોપકારવૃત્તિ) અર્થ (દ્રવ્ય) કામ (સુખ) આદિ ત્રિવર્ગની ઐશ્વર્ય સિદ્ધિને અપાવવામાં તું મને સારી રીતથી સામેલ થા, ને તે ભોગવવામાં વિભાગી થા.

વધુ ત્રીજે પગલે પ્રતિજ્ઞા લે છે.

भर्तृभक्तिरता नित्यं सदैव प्रियभाषिणी ।
भविष्यामि पदे चैव तृतीये साऽब्रवीदिदम् ॥ ३ ॥

અર્થ—નિરંતર હું સ્વામિની સેવામાં તત્પર રહીશ ને પ્રિય (મધુર) ને સાચું (સત્ય) બોલનારી થઇશ.

ઉપર અશ્રુ વહ્યા વગર રહેતાં નથી. સ્ત્રી જાતિની અજ્ઞાનતા કદાચ ધારવા જેટલી સંભવતી હોય—મને તે વિષે શંકા છે–તો તે માટે પુરૂષ વર્ગ જોખમદાર છે. આપણી જાતેજ તેમને બાતલ રાખીએ છીએ અને કહીએ છીએ ત્યારે " **સહધર્મચારિણી** ". **આવી કઢંગી સ્થીતી પક્ષઘાતના વ્યાધિ સમાન** છે. જેમ પક્ષઘાતિ શરીર કંઇ કરી શકતું નથી તે પ્રમાણે ગમે તેવી ઉત્તમ કેળવણી પ્રાપ્ત કરનાર પુરૂષના ઘરમાં જો સ્ત્રી અજ્ઞાન હશે તો તે કેળવણી કિંવા જ્ઞાન તદ્દન નિરર્થક છે, નિષ્ફળ છે એમ કહેવામાં કંઈજ ખોટું નથી. **પ્રેમ, ઉદારતા, દયા અને ધર્મના બોધપાઠો પુરૂષે સ્ત્રીના પાસેથી શિખવાના** છે. સ્ત્રીઓની દેખાતી ઉતરતા, તમારા હાથથીજ ઘણા કાળના પરિવર્તિત શિક્ષણ તેમજ માન્યતાથી કરી આણવામાં આવી છે. હજુ પણ સ્ત્રી જાતી માટે પુરૂષ જવાબદાર છે અને તેની કેળવણી માટે જેટલું ભુલવામાં આવશે તેટલા આપણે ઉન્નતિના ક્ષેત્રમાં મોડા થઇશું એમ ચોક્કસ માનજો. આ બાબત ઘણી અગત્યની છે, અને

વર ચોથે પગલે પ્રતીજ્ઞા લે છે.

(૪) ॐ **मयोभवाय चतुष्पदी भव सा मामनुव्रता भव** × × × ×

અર્થ—નિરંતર પ્રસન્નતાથી તારે મારા ઉપર ને મારે તારા ઉપર પાપ (કપટ) રહિત મનવળા રહેવું. (અર્થાત્ એકમેકના મનના વિચારો ખુલ્લી રીતે પરસ્પર કહી દેવા.)

વધુ ચોથે પગલે પ્રતિજ્ઞા લે છે.

आर्ते आर्ता भविष्याभि सुखदुःखविभागिनी ।
तवाज्ञां पालयिष्यामि कन्या तूर्यपदेऽब्रवीत् ॥ ४ ॥

અર્થ—આપના દુઃખમાં દુઃખી તથા સુખમાં સુખી, એવી રીતે તમારા સુખ દુઃખમાં ભાગિયણ થઇશ. ને તમારા કહ્યા પ્રમાણે વર્તીશ.

વર પાંચમે પગલે પ્રતીજ્ઞા લે છે.

(૫) ॐ **प्रजाभ्यः पंचपदी भव सा मामनुव्रता भव** × × × ×

અર્થ—પ્રજા (સંતાન) બલબુદ્ધિમત્તર થાય તે માટે ગર્ભસ્થિતિ સમયે મહાન્ પુરૂષોનું તથા ઉત્તમોત્તમ પદાર્થોનું ધ્યાન કરી, ઉત્કૃષ્ટ સન્તાનોને ઉત્પન્ન કરનારી થા ને થયેલી પ્રજાની તથા મારા વડિલોની સંભાળ કરનારી થા. તેમ હું પણ તારા માતાપિતા વિગેરે વડિલોનું સન્માન સાચવનારો થઇશ.

વધુ પાંચમે પગલે પ્રતિજ્ઞા લે છે.

ऋतुकाले शुचिस्नाता क्रीडिष्यामि त्वया सह ।
नाहं परतरं यायां कन्या पञ्चपदेऽब्रवीत् ॥ ५ ॥

અર્થ—ઋતુકાલના ચોથા દિવસ પછી સ્નાનથી શુદ્ધ થઇને તમારી સાથે ક્રીડા કરીશ. ને કદાપિ પરપુરૂષ સામું વ્યભિચાર બુદ્ધિથી નહિ જોઉં તેમ તેની ઇચ્છા પણ નહિ કરૂં.

તે ઉપર કહેવાનું પણ ઓછું નથી પરંતુ સમય છે નહિ. છેવટે જ્ઞાતિમાં વિદ્વાન તેમજ ધનવાન ભાઇઓ, કેળવણીનો બહોળો ફેલાવો જલદી કેવા પ્રકારે થાય તે અર્થે ખાસ વિચાર કરી આ મ્હોટી ખોટ પુરી પાડશે. જ્ઞાતિની અજ્ઞાનતા અને ગરિબાઇનો જેમ જેમ વિચાર આવે છે તેમ તેમ આ જરૂરની અગત્યતા વિશેષે જણાય છે.

જ્ઞાતિની મોટી સંખ્યા જોતાં કેળવણીને સારૂ ફંડો ખોલવાં તે મુશ્કેલ નથી તેમજ હું વિનંતી કરૂં છું કે જ્ઞાતિના ધનવાન ભાઇઓ પોતાની ઉદારતા બીજે બારણે બતાવવા જતાં તેમના આંગણે પીડાતાં આ તેમનાંજ સંતાનો પ્રત્યેની તેમની પ્રથમ ફરજ ભુલી નહીં જાય. આપણે આવીસંસ્થાઓ અત્યારેજ ઉઘાડવાની જરૂર છે. મુલત્વી રાખવાનાં

વર છઠે પગલે પ્રતીજ્ઞા લે છે.

(६) ॐ **ऋतुभ्यः षट्पदी भव सा मामनुव्रता भव** × × × ×

અર્થ—તારે ઋતુકાલની શાસ્ત્રોક્ત દિવસની રાત્રીઓમાં મારા પ્રત્યે આવવું. અને મારે શાસ્ત્રની મર્યાદા મુજબ ઋતુદાન આપવું. ઋતુદાન ના આપું તો ઇશ્વરનો ચોર થાઉં તેમ ભ્રૂણહત્યા (ગર્ભહત્યા) દિ ભયંકર પાપને પામું. ને પ્રતિજ્ઞા તોડવાથી પાપી બનું. તેથી યોગ્યજ કરીશ.

વધુ છઠે પગલે પ્રતિજ્ઞા લે છે.

इहाथ साक्षी नौ विष्णुर्न च त्वां वञ्चितास्म्यहम् ।
उभयोः प्रीतिरत्यन्ता कन्या षष्ठे पदेऽब्रवीत् ॥ ६ ॥

અર્થ—આ પ્રમાણે પરસ્પર લીધેલી પ્રતિજ્ઞાઓમાં સર્વવ્યાપક પરમાત્મા સાક્ષી છે. સદ્વર્તનથી પરસ્પર અત્યન્ત પ્રીતી વધારનારાં આપણે થઇએ. ને હું કોઇ પણ વખતે કોઈ પણ કામમાં તમને છેતરીશ નહિ.

વર સાતમે પગલે પ્રતીજ્ઞા લે છે.

(७) ॐ **सखे सप्तपदी भव सा मामनुव्रता भव** × × × ×

અર્થ--હે સ્ત્રી ! તું આ સાતમે પગલે મારી જોડે મિત્રભાવને પામી છું. અર્થાત્ સરખા હક્કવાળી થઈ છું. તેથી આપણ બંને પરસ્પર યોગ્ય સલાહ આપનારાં થઈ, આવેલી આપત્તિને દૂર કરવામાં તું મિત્રની પેઠે સહાય આપે માટે પરમાત્મા તને મારા પ્રત્યે ને મને તારા પ્રત્યે પ્રેરે છે.

વધુ સાતમે પગલે પ્રતિજ્ઞા લે છે.

होमयज्ञादिकार्येषु भवामि च सहायिनी ।
धर्मार्थकामकार्येषु कन्या सप्तपदेऽब्रवीत् ॥ ७ ॥

અર્થ—જે વડે ધર્મ, અર્થ, કામ સિદ્ધ થાય છે. તેવા હોમ તથા યજ્ઞાદિ (પંચમહા૰ યજ્ઞાદિ) કાર્યોમાં તમને સહાય આપીશ. તેમ મેં સ્વિકારેલી ઉપરની પ્રતિજ્ઞાઓમાં જરા પણ વાંધો આવવા દઈશ નહિ.

પરિણામ સારાં છે. મરણ પાછળ પૈસા ઉડાવી નાંખનાર વિદ્યાદાનને શ્રેષ્ટ માનશે તો જ્ઞાતિમાં ઘણીજ સંસ્થાઓ ઊભી કરી શકાય તેમ છે. મરેલાના પાછળ શોકાતુર ચ્હેરે મીષ્ટ ભોજન જમનારની હલકી વૃત્તિ થાય છે તે તમે વિચારી જોશો. આ બાબતવિષે જ્ઞાતિમત અમારા શહેરમાંતો સદ્દભાગ્યે ઘણો કેળવાયો છે અને તેથી હજારો રૂપિઆ બચ્યા છે. છતાં પણ શ્રેષ્ટ માણસોએ પોતાને ઘેરથીજ પ્રતિબંધની શરૂઆત કરવાની ખાયેશ રહે છે, કેમકે સાધારણ મનુષ્યો શ્રેષ્ટને પગલે ચાલનારા **શ્રીકૃષ્ણ** પરમાત્માએ વર્ણવ્યા છે. **મરણ પાછળનાં ખર્ચ** બંધ થશે ત્યારેજ જ્ઞાતિ સમૃદ્ધ થશે, ગરિબ ખેડુતો ખેતર અને ઘર ઘરાણે મુંકતા બચશે, અને ત્યારેજ આપણું કલ્યાણ છે.

મ્હેં તમારો અમુલ્ય વખત લીધો છે છેવટમાં મારા યુવાન ભાઇઓ ! તમારા મંડળના આશયને અનુસરી તમારૂં ચારિત્ર ઘડશો તો મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે તમે ઉત્તમ વિદ્વાન અને ધનવાન શહેરી બનશો. પણ તમને આગ્રહપૂર્વક ભલામણ કરૂં છું કેમકે જ્ઞાતિની હાલની સ્થીતી જોતાં મારે તમોને આગ્રહપૂર્વક ભલામણ કરવીજ જોઇએ કે, તમે જેમ જેમ વિદ્વાન, જ્ઞાનવાન અને ધનવાન બનતા જાઓ તેમ તેમ તેમાંથી સારો હિસ્સો જ્ઞાતિના કલ્યાણ અર્થે અર્પણ કરવાનો અત્યારથીજ દૃઢ સંકલ્પ કરો. અરે ! તેનેજ તમારા કર્તવ્યનો મંત્ર બનાવો અને તે મંત્ર તમો યુવાનો જેવો સાધી શકશો તેવો અન્યથી સધાવો શકય નથી, અને તેટલા માટેજ પુનઃ એકવાર ફરી આ બાબત ઉપર તમારૂં લક્ષ ખેંચુછું. દુઃખ ટાળવા ઘણાએ ઉપદેશે છે અને તે તમારી જાણ બહાર હોતા નથી, માત્ર બંધુઓ ! જાહેર હિમ્મત દાખવી કાર્ય કરવાનું તમારે શીરે છે. તમે તમારા બળ અને શક્તિ ઉપર વિશ્વાસ રાખો, તમારૂં પોતાનું કલ્યાણ તમારાજ હાથથી છે. કેમકે **પોતાનોજ આત્મા મિત્ર કે શત્રુ છે.** કોઇ પણ સ્થીતીમાં તમે સત્યાગ્રહ કરી શકો તેમ છો તો પછી વ્યાવહારિક મુસ્કેલીઓ તેની આગળ કંઇજ નથી. મારા યુવકો ! તમારા આ મંડળના પવિત્ર આશય અને કાર્ય સારૂ તમોને જીગરથી હું ધન્યવાદ આપું છું અને તમારૂં મંડળ સંપૂર્ણ વિજય પામે અને તેનું દીર્ઘાયુષ્ય જ્ઞાતિને કલ્યાણકારી નિવડો તેવી પ્રાર્થના સહ આપે બતાવલા સદ્દભાવ માટે ફરીથી ઉપકાર માનું છું.

શ્રી "સત્યનારાયણ" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે
છાપ્યું, ઠે. પાનાભાઈની વાડીમાં—અમદાવાદ.

જ્ઞાતિને ઉપયોગી પુસ્તકો.

"કડવાવિજય" માસિક—જ્ઞાતિની ખરી સ્થીતી જાણવી હોય, તમને તમારી લાગણી હોય અને ઉન્નતિ ઇચ્છતા હો તો તેના માર્ગમાં પથરાયેલા કાંટા વીણી કાઢવાનું જ્ઞાન લેવા ગ્રાહક થઇ લવાજમના રૂ. ૧–૪–૦ મોકલી આપો.

કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ—સદ્દગત જ્ઞાતિભક્ત ભાઇ પુરૂષોત્તમદાસ રચિત જ્ઞાતિના ઇતિહાસનું આ પુસ્તક દરેક વિદ્વાને અને સાધારણ ભણેલાએ ઘરમાં રાખવાની જરૂર છે. જ્ઞાતિનાં જુદાં જુદાં કુટુંબો કયા દેશકાળને લઈ કયાં કયાં વિસ્તર્યાં છે તે જાણવાનું આ ઉત્તમ સાધન છે, છેલ્લાં ૫૦ વર્ષથી જ્ઞાતિઉન્નતિનો જે પ્રયત્ન થાય છે તેનો પણ ઇતિહાસ છે અને ૩૮ પ્રતિષ્ટીત પુરૂષોની છબીઓ અને તેમનું જીવનચરિત્ર પણ તેમાં લખાયું છે. પડતર કીંમત કરતાં અરધા મૂલ્યે આપવાની લેખકની યોજના જ્ઞાતિભક્તિના અચૂક પૂરાવા સમાન છે. પૂસ્તક દળદાર હોવાથી ટપાલખર્ચ લગભગ ૦–૬–૦ આવે છે. પુસ્તકની કિંમત રૂ. ૦–૧૦–૦.

માધાના પિતાનું પ્રેતભોજન—મરણ પાછળ કરવામાં આવતા ખરચોથી જ્ઞાતિની સ્થિતિ ગરીબ થઇ ગઇ છે અને ગામના આગેવાન પટેલો અને સંબંધીઓ મરનારના કુટુંબ પ્રત્યે ત્રાસ વર્તાવી સ્થિતિ પલટાવી દે છે તેનું સાચું અને સચોટ ભાષણ અને ગાયનો સાથેનું પુસ્તક કિં ૦–૨–૦.

મહાલક્ષ્મીનું મહાકષ્ટ યાને બાળલગ્નના બળાપા—ભાગ ૧ લામાં લાંબી મુદતે આવતાં લગ્ન વધાવવાની ધાંધલ, નકામો ખર્ચ અને સગાઇઓ કરવા અને તોડવામાં થતો કુટુંબ કલેશ ઉપરાંત કન્યાને સાસરે વોળાવતા અગાઉ આઠ દશ વર્ષ વેઠવો પડતો વેવાઇ વેવાણના ત્રાસનો આબેહૂબ ચિતાર તથા **ભાગ ૨ જામાં** દીકરીને સાસરે વોળાવતાં થતી કનડગત, કજોડાંનું ફળ અને ખાનદાન માબાપની દિકરીઓ ઉપર કેટલાંક નાદાન કૂળવાન કુટુંબોનો ત્રાસ, કરકરીઆવર બમણા ત્રમણા લેવા છતાં દાણા નહીં પુરવાની ધૃષ્ટતા, ખાનદાન દીકરીઓ મરતાં સુધી પતિધર્મ છોડતી નથી અને છેવટે આપઘાતના પ્રસંગો કેમ આવે છે તેનો હૃદયભેદક અને અશ્રુ વહેવડાવતો ચિતાર. બંને ભાગની કીં. ૦–૪–૦

આખ્યાનનાં ત્રણે પુસ્તકો સુપ્રસિદ્ધ દેશાઇ **અમરસિંહજીનાં** લખેલાં છે તેમણે સમાજને અર્પણ કર્યા છે. જ્ઞાતિભક્તો પોતાના ખર્ચે સમાજને છપાવી આપે છે તેની ઉત્પન્ન ઉપદેશક ફંડ ખાતે જાય છે. ઉપરનાં પુસ્તકો માટે લખો:—**"કડવા વિજય" ઑફીસ—વિરમગામ.**

યુવક મંડળની પત્રિકાઓ—પહેલી "મહાત્મા ગાંધીજીના બ્રહ્મચર્ય સંબંધી અમુલ્ય વિચારો" કિંમત બે પૈસા. બીજી "સ્ત્રી શિક્ષણ ઉપર ભાષણ" શ્રી નિમાડ કડવા પા. સભામાં અપાયેલાં જ્ઞાતિની બાળાઓનાં ત્રણ ભાષણ. **આઠવર્ષની બાળાના ઉમદા વિચારો,** સંસાર સુખ મેળવવું હોય તો વાંચો આ પત્રિકા અને જ્ઞાતિની સ્થિતિ. સ્ત્રી કેળવણી માટે સચોટ અરજ. તે માટે લખો—પત્રિકાઓ મંગાવનારે ૦–૧–૩ ની ટીકીટો મોકલી આપવી.

શ્રી કડવા પા. યુ. યુવક મંડળના સેક્રેટરી,

ઠે. સત્યનારાયણ પ્રિ. પ્રેસ—સીવીલ ઇસ્પીતાલ પાસે—**અમદાવાદ.**

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

આપણી ઉન્નતિને વધારે નજીક જવાના ઉદ્દેશથી જ્ઞાતિના જુદા જુદા વિભાગોમાં તેની પેટા શાખાઓ ઉઘાડી જોઇન્ટ સેક્રેટરીઓની નિમણોક કરવામાં આવી છે. ભવિષ્યની અને હાલની પ્રજાની અધોગતિ મિટાડી સ્વધર્મે વહન કરવા, અને કેળવાયેલી શહેરી પ્રજા તરિકે જીવન ગુજારવાની સ્થીતીમાં જવા માટે આ હરીફાઇના જમાનામાં જે ભગીરથ પ્રયત્નો કરવાના આપણા માટે ઉભા છે તેને પહોંચી વળવા આ સંસ્થા પાસે કેટલા મોટા ફંડની જરૂર છે તેનો દરેક સમજુ બંધુ વિચાર કરવાની તસ્દી લેશે એવી અમને ખાત્રી છે. માત્ર હાલની પદ્ધતિ અને પ્રમાણમાં અસરકારક રીતે કાર્ય કરવા વાર્ષિક જે રકમની જરૂર છે તે મેળવવા અને વસુલ કરવા જ્ઞાતિના જુદા જુદા વિભાગોની પેટા સંસ્થાઓ દ્વારા નીચે મુજબ વહેંચણી કરવામાં આવી છે તે એકઠી કરી મોકલી આપવાની ફરજ એકલા જોઇન્ટ સેક્રેટરીનીજ નથી પરંતુ તે વિભાગના દરેક બન્ધુઓએ સેક્રેટરીના કાર્યમાં મદદ કરી પોતાની ફરજ અદા કરવાની છે.

વાર્ષિક રકમ.	પેટા સંસ્થા અને વિભાગ.	જોઇન્ટ સેક્રેટરી.
૩૦૧	મુંબઇ અને કચ્છનો પ્રદેશ.	રા. મંગુભાઇ કીલાભાઇ ઠે. શેઠ ત્રીકમભાઇ ગોપાળદાસની દુકાને કાંએકર સ્ટ્રીટ. માંડવી પોષ્ટ નં. ૩ મુંબઇ.
૧૫૧	વડોદરા અને સુરત, ભરૂચનો પ્રદેશ	રા. તુળજાભાઇ નાથાભાઇ ગોલવાડના નાકે મું. પાદરા.
૬૦૧	અમદાવાદ શહેર, પરાં, પ્રાંતીજ મોડાશાનો પ્રદેશ.	રા. ત્રીકમલાલ દલપતરામ ભગત રાયપુર કાપડીવાડ—અમદાવાદ.
૨૦૧	કડી પ્રાંતનો પ્રદેશ.	પા. રણછોડભાઇ જીવણદાસ. પા. રણછોડભાઇ શ્રીભાઇદાસ. } મું. સેરથા. (તા. કલોલ.)
૨૫૧	દશક્રોશી ભાલનો પ્રદેશ.	પા. પુરૂષોત્તમ લલુભાઈ. મુ. બાવળા.
૪૦૧	વિરમગામ અને ચુંવાળનો પ્રદેશ.	રા. નાથાલાલ દામોદરદાસ. વિરમગામ.
૬૦	ઝાલાવાડ, મચ્છુકાંઠાનો પ્રદેશ. ધ્રાંગધ્રા વગેરે.	પા. શીવલાલભાઇ પિતામ્બરદાસ. મુ. ટીકર રણની તા. ધ્રાંગધ્રા.
૪૦	ગોહેલવાડનો પ્રદેશ ભાવનગર વગેરે.	પા. જીવાભાઇ ખુશાલદાસ ઠે. કણબીવાડ—ભાવનગર.

શેઠ. મફાભાઇ ગોવિંદજી.
એડીશનલ-સેક્રેટરી-વિરમગામ.

મી. કેસવલાલ માધવલાલ વકીલ.
જનરલ સેક્રેટરી-વિરમગામ.